# મારે આપને કાંઈક કહેવું છે

વાર્તા-સાહિત્ય સાહિત્ય-ક્ષેત્રનો સર્વાધિક લોકપ્રિય પ્રકાર છે. સત્ય અને તથ્યને જન-જન સુધી પહોંચાડવા માટે એનાથી બીજું વધુ શક્તિશાળી માધ્યમ હમણાં સુધી કોઈ બીજું વિકસિત થઈ શક્યું નથી.

જો કે ઉપર્યુક્ત તથ્યથી હું અપરિચિત નહોતો, તથાપિ 'સત્ય કી ખોજ'ની અસાધારણ લોકપ્રિયતાએ મારું ધ્યાન આ તથ્ય પ્રતિ વિશેષ આકર્ષિત કર્યું; પરંતુ ઇચ્છવા છતાં પણ અત્યંત વ્યસ્તતાને કારણે તે પછી આ ક્ષેત્રમાં કાંઈ જ કરી શકાયું નહિ. અનેક પ્રયત્નો આરંભ કર્યા પછી પણ અધુરા પડી રહ્યા.

વ્યસ્તતા પણ કોઈ લૌકિક ન હતી; બલ્કે આ યુગના સમર્થ સત્યાર્થદ્રષ્ટા, ક્રાન્તિકારી અધ્યાત્મ પુરુષ પૂજ્ય શ્રી કાનજી સ્વામી દ્વારા પ્રદત્ત તત્ત્વજ્ઞાનને આત્મસાત્ કરવામાં અને તેને જન-જન સુધી પહોંચાડવામાં પ્રવૃત્ત રહ્યો છું.

પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત વૃદ્ધાવસ્થા અને સાંપ્રત સામાજિક પરિસ્થિતિના સંદર્ભમાં તત્ત્વ-સુરક્ષા હેતુ હું ચાહતો હતો કે તેમના દ્વારા ઉદ્દ્ઘાટિત મૂળભૂત તથ્યોને, જિનવાણીના રહસ્યોને, વિવાદસ્થ વિષયોને સુવ્યવસ્થિત રૂપમાં સરળ-સુબોધ ભાષા અને સુગમ શૈલી વડે સપ્રમાણ લિપિબદ્ધ કરી લેવામાં આવે. તે લિપિબદ્ધ સામગ્રી એક વાર તેમની નજર તળેથી પણ નીકળી જાય જેથી ભવિષ્યમાં વિવાદ માટે કોઈ અવકાશ ન રહે. પરિણામે 'ક્રમબદ્ધ પર્યાય' અને 'જિનવરસ્ય નયચક્રમ' જેવી ક્રાન્તિકારી કૃતિઓનો જન્મ થયો, જેમણે પૂજ્ય ગુરુદેવશ્રીના મંગળ આશીર્વાદની સાથે સાથે જનતા-જનાર્દનનો પણ

ભરપૂર સ્નેહ પ્રાપ્ત કર્યો.

તથાપિ વાર્તા-સાહિત્યની અજેય શક્તિનો ઊંડો પરિચય હોવાને કારણે વાર્તા સાહિત્યના સર્જન સંબંધી વિકલ્પ–વિચાર નિરંતર મનમાં રહ્યા જ કર્યા.

વાર્તા-સાહિત્યનાં બે સ્વરૂપ છે – નવલકથા અને વાર્તા.

જો કે વાર્તા કરતાં નવલકથાનો આકાર–પ્રકાર વિસ્તૃત હોવાને કારણે પોતાની વાત રજૂ કરવા માટે તેમાં વધુ અવકાશ રહે છે; તો પણ વ્યસ્તતાના આ યુગમાં લોકોને એટલો સમય કયાં છે કે તેઓ લાંબી-લાંબી નવલકથાઓ વાંચી શકે. આજે તો લાંબી વાર્તાઓના સ્થાને ટૂંકી વાર્તાઓ વિશેષ વંચાય છે.

સમાજના આ વલણે તેમજ સમયાભાવે મને વાર્તાઓ તરફ અભિમુખ કર્યો.

સત્સાહિત્યનું નિર્માણ પરમસત્યના ઉદ્‌ઘાટન હેતુ કરવામાં આવતું મહાન કાર્ય છે; તેથી તેનું પઠન–પાઠન પણ પરમસત્યની પ્રાપ્તિ માટે ગંભીરતાથી કરવું જોઈએ, પરંતુ આજે એને મનોરંજનની વસ્તુ બનાવી દેવામાં આવી છે. આ પ્રકારનો દુરુપયોગ વાર્તા-સાહિત્યમાં સૌથી વધારે થયો છે. સાહિત્યનું સર્વાધિક પ્રભાવશાળી અને શક્તિસંપન્ન આ સ્વરૂપ આજે લોકોનું મનોરંજન કરવા માત્રમાં અટવાઈ પડયું છે – આથી મોટું દુર્ભાગ્ય સમાજ અને સાહિત્યને માટે બીજું શું હોઈ શકે છે?

સાહિત્યને સમાજનું દર્પણ કહેવામાં આવે છે, પરંતુ એ ન ભૂલવું જોઈએ કે સાહિત્ય માત્ર દર્પણ નથી; દીપક પણ છે, માર્ગદર્શક પણ છે, પ્રેરક પણ છે. જે સાહિત્ય પ્રકાશ ન ફેલાવે, માર્ગદર્શન ન આપે, સન્માર્ગમાં પ્રવર્તવાની પ્રેરણા ન દે; માત્ર વર્તમાન સમાજનું કુત્સિત ચિત્ર રજૂ કરે કે માત્ર મનોરંજન પૂરતું સીમિત રહે, તે સાહિત્ય નહીં, પણ સાહિત્યના નામ પર કલંક છે.

જેમ અણુશક્તિનો સદુપયોગ પણ થઈ શકે છે અને દુરુપયોગ પણ; તેના સદુપયોગથી જો આપણે સમૃદ્ધિના શિખર ઉપર પહોંચી શકીએ છીએ તો દુરુપયોગથી સર્વવિનાશ પણ સંભવિત છે.

તેવી જ રીતે સાહિત્યના આ સશક્ત સ્વરૂપના સદુપયોગથી જો આપણે પરમસત્યને જન-જન સુધી સહેલાઈથી પહોંચાડી શકીએ છીએ તો દુરુપયોગથી ભોળી અજ્ઞાન જનતાને ચમત્કારોના વમળોમાં વિંટાળી પણ શકીએ છીએ; મંત્ર-તંત્રના ફંદમાં ફસાવી પણ શકીએ છીએ; કાંઈ નહિ તો મનોરંજનના નામે તેમના આ મહિમાવંત માનવ જીવનની અમૂલ્ય ક્ષણોને બરબાદ તો કરી શકીએ જ છીએ.

જૈન કથા-સાહિત્યમાં પણ આ પ્રકારની બધી જ પ્રવૃત્તિઓ જોવામાં આવે છે. કથા-સાહિત્યનું દિશાબોધક યંત્ર (હોકાયંત્ર) તત્ત્વજ્ઞાન છે, કારણ કે કથા-સાહિત્યનું સર્જન જ તત્ત્વજ્ઞાનને સરળ-સુબોધ રૂપમાં રજૂ કરવા માટે હોય છે. જિનાગમનો કથાનુયોગ (પ્રથમાનુયોગ) પણ દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ અને ચરણાનુયોગનો પોષક હોવો જોઈએ, હોય પણ છે જ; પરંતુ તત્ત્વજ્ઞાનશૂન્ય વાર્તા-લેખકોએ પોતાની ચમત્કારપ્રિયતાને કારણે તેને વિકૃત બનાવી દીધો છે. અથવા એમ પણ હોઈ શકે કે અજ્ઞાનને કારણે અજાણતાં જ આમ બનવા પામ્યું હોય. ગમે તે હોય, પરંતુ મૂળ કથાબિન્દુઓ અને જૈન તત્ત્વજ્ઞાનના સંદર્ભમાં તેમનું પુનર્મૂલ્યાંકન અવશ્ય આવશ્યક છે. આ કથન આચાર્યો દ્વારા પ્રતિપાદિત પ્રથમાનુયોગના સંબંધમાં નથી, મધ્યકાલીન ભટ્ટારકીય પ્રવૃત્તિઓના સંબંધમાં સમજવું જોઈએ.

આ પ્રકાશનમાં સંગ્રહાયેલી વાર્તાઓમાં આ પ્રકારના કોઈ થોડા બિંદુઓને સ્પર્શ કરવામાં આવ્યો છે જેમાં આપ જોઈ શકશો કે કથાનક સંપૂર્ણતઃ તે જ સ્વરૂપમાં હોવા છતાં દિશાબોધ એકદમ બદલાઈ ગયો છે.

'આપ કુછ ભી કહો' નામની પ્રથમ વાર્તા એનું સર્વાધિક સબળ ઉદાહરણ છે, કે જેમાં પ્રાપ્ત કથાનકની મૂળ યોજનાને સંપૂર્ણતઃ એ જ રૂપમાં રાખવામાં આવવા છતાં પ્રચલિત વાર્તાનો કાયાકલ્પ થઈ ગયો છે; વાર્તાના સ્થૂળ શરીરમાંથી ચમત્કારિક કલ્પનાઓની અનાવશ્યક ચરબી સંપૂર્ણપણે વિસર્જિત થઈ ગઈ છે; અને એના અંગ-અંગમાં તાત્ત્વિક તેજ સ્ફુરાયમાન થયું છે. ચમત્કારિક ઉપલબ્ધિઓને પૂર્ણતઃ જાકારો હોવા છતાં તેજસ્વી ગુરુનાં તેજ અને ગૌરવ ઝાંખાં નથી થવા પામ્યાં,

અહીંકે બમણાં પ્રકાશમાન થયાં છે.

'આપ ગમે તે કહો, પણ અમે તો આને આપનો ચમત્કાર જ માનીશું'–આ અંતિમ વાક્યે અજ્ઞાનનાં મૂળ કેટલાં ઊંડાં હોય છે–એ સત્યને જે સુંદરતાથી પ્રસિદ્ધ કર્યું છે તેથી સમગ્ર ચમત્કારિક કલ્પનાઓની વાસ્તવિક સ્થિતિ સહજ જ સ્પષ્ટ થઈ જાય છે.

ગુણ અને દોષ સંબંધી તાત્ત્વિક અજ્ઞાનને કારણે ક્યારેક–ક્યારેક અક્ષમ્ય અપરાધોને પણ ગુણોના સ્વરૂપે સ્મરણ કરવા લાગીએ છીએ. ભૂમિકા અનુસાર આચરણસંબંધી જ્ઞાનના અભાવને લીધે પણ આ પ્રકારની ભૂલો થતી હોય છે.

સત્પુરુષોએ પોતાના વ્યવહાર અને વિકલ્પોની મર્યાદાને ઓળખવી જાણવી જ જોઈએ. સમાજ અને દેશમાં ઉશ્કેરાટ ફેલાવનારાં કાર્ય શ્રમણ-ભૂમિકામાં તો અક્ષમ્ય અપરાધ જ છે.

જો કે મોહ–રાગ–દ્વેષ અને તત્સંબંધી સમસ્ત સદઅસદાચરણ અપરાધ જ છે; તો પણ સાધુ અને શ્રાવકોમાં પોતપોતાની ભૂમિકાનુસાર મર્યાદિત રાગ–દ્વેષ તો થતા જોવા મળે જ છે; પરંતુ તેનું ધ્યાન રહેવા માત્રથી જ તેઓ ગુણ નથી થઇ જતા, તે દોષ જ રહે છે, તેમને દોષ ન માનવા એ (મહા) અપરાધ છે. જો તેઓ દોષ ન હોય તો તેના બદલામાં પ્રાયશ્ચિત કેમ લેવું પડે છે?

'અક્ષમ્ય અપરાધ' વાર્તા આ જ તથ્યને પ્રકાશિત કરે છે.

સદ્‌ભાગ્ય અને દુર્ભાગ્યની સાચી સમજ પણ કેટલા લોકોને હોય છે? લૌકિક વૈભવ અને ભોગસામગ્રીની પ્રાપ્તિ જ જેમનું ધ્યેય છે, ગમે તે પ્રકારે તેને મેળવવાવાળા જ જેમને ભાગ્યશાળી દેખાય છે; ચક્રવર્તી ભરતના અંતરમનને અભિવ્યક્ત કરનારી 'અભાગી ભરત' અને 'ઉચ્છિષ્ટ ભોગી' વાર્તાઓ તેમની આંખ ખોલવા માટે પૂરતી છે, શરત માત્ર એટલી છે કે તેમની જ્યોતિ જ બુઝાયેલી ન હોય.

આ પ્રકાશનમાં દશ વાર્તાઓનો સંગ્રહ કર્યો છે. તેમની કેટલીક તો ઐતિહાસિક અને પૌરાણિક આખ્યાનોના આધારે લખવામાં આવી છે, બાકીની કાલ્પનિક છે.

પૌરાણિક આધારો પર લખવામાં આવેલી વાર્તાઓમાં કથાનકના મૂળ બિંદુઓને પરિપૂર્ણ સુરક્ષિત રાખીને તેના આંતરિક મર્મને પ્રગટ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. પાત્રોની આંતરિક નબળાઈઓ અને અપૂર્તિઓને ખુલ્લી કરતી વેળા એ સાવચેતી બધે જ રાખવામાં આવી છે જેથી તેમાંના ગૌરવગરિમાને ક્યાંય આંચ ન આવે. ચક્રવર્તી ભરતને અભાગી અને ઉચ્છિષ્ટ ભોગી બતાવ્યા છતાં પણ તેમનું ગૌરવ લેશ પણ ખંડિત થવા નથી પામ્યું.

આદ્ય ચક્રવર્તી સમ્રાટ ભરતનું ચરિત્ર પ્રથમાનુયોગ (જૈન કથા-સાહિત્ય)નું એક એવું અદ્‌ભુત ચરિત્ર છે જેમાં ચરણાનુયોગ, કરણાનુયોગ, દ્રવ્યાનુયોગ અને જિન-અધ્યાત્મમાં વર્ણિત ચોથા ગુણસ્થાનવર્તી અવિરત સમ્યગ્‌દષ્ટિ શ્રાવકના જીવન (આચાર-વિચાર અને વ્યવહાર)ના પ્રત્યેક ચરમ બિંદુને સ્પર્શ કરવામાં આવ્યો છે.

જિનાગમના પ્રકાશમાં મારા માનસે તેમના અંતર્બાહ્ય વ્યક્તિત્વના અનેક પાસાંઓને ઊંડાણથી સ્પર્શ કર્યો છે. નવલકથાના રૂપમાં તેમના આંતરિક વૈભવના ચિત્રણની ઊંડી લાલસા મનમાં ઘણા દિવસોથી સમાયેલી છે. વર્ષો પહેલાં લખવાનો પ્રારંભ પણ કર્યો હતો, પરંતુ....ભવિષ્યના વિષે હમણાં કાંઈ કહેવું ન તો સંભવિત છે, ન ઉચિત પણ.

'ઉચ્છિષ્ટ ભોગી' વાર્તાના અંતમાં આવેલું ભરતનું આ કથન તેમના અંતરમનનો પરિચય દેવા માટે પૂરતું છે—

"મા, તારા ભરતનો રાગ ભલે તેના વશની વાત ન હોય; પરંતુ તેની શ્રદ્ધા, તેનાં જ્ઞાન-વિવેક ક્યારેય છેતરાઈ શકતાં નથી, ભરત ભલે આ ચક્રવર્તીત્વને છોડી ન શકે, પરંતુ આમાં રહીને તે ગૌરવ અનુભવી શકતો નથી, આમાં રમી શકતો નથી.

ચક્રવર્તીત્વ ભરતનું ગૌરવ નહીં; લાચારી છે, લાચારી...."

ચક્રવર્તી ભરત વિષેની વાર્તાઓના સંદર્ભમાં એક વાત મારે સ્પષ્ટ-પણે કહેવી છે કે બંનેય વાર્તાઓમાં ભરતનો સંવાદ તેમનાં માતા યશસ્વતી નંદા સાથે કરાવ્યો છે; પરંતુ પુરાણોના સમગ્ર અવલોકન પછી પણ આ વાત જાણવા ન મળી કે ભરતનાં માતા ઘરમાં ક્યાં સુધી વિદ્યમાન હતાં, કેમકે ન તો એમના સ્વર્ગારોહણનો કોઈ ઉલ્લેખ મળે

છે અને ન તો દીક્ષા લેવાનો.

આ સંદર્ભમાં મેં અનેક વિદ્વાનો સાથે વ્યક્તિગત અને પત્ર-વ્યવહાર દ્વારા સંપર્ક સાધ્યો, પરંતુ ક્યાંયથી કોઈ આધારભૂત જાણકારી પ્રાપ્ત ન થઈ શકી. જો તે ઋષભદેવની સાથે કે તે પછી ક્યારેય દીક્ષિત થયાં હોત તો તેનો ઉલ્લેખ અવશ્ય થયો જ હોત; તેથી પૂરેપૂરી સંભાવના છે કે તે તે સમયે નિશ્ચિતપણે વિદ્યમાન હતાં.

જો કોઈ વિદ્વાન આ વિષય બાબતે પ્રામાણિક માહિતી આપશે તો અમે તેમના સહૃદય આભારી બનીશું.

એક વાત એ પણ કહેવી છે કે પુરાણોમાં ભરતની માતાનાં બે નામ મળી આવે છે – યશસ્વતી અને નન્દા. મારી દષ્ટિએ યશસ્વતી તેમની ઉપાધિ રહી હશે અને નન્દા નામ. જે હોય તે, પરંતુ મેં આ વાર્તાઓમાં ઉક્ત બન્ને નામોનો પ્રયોગ વિશેષણ-વિશેષ્યના રૂપમાં 'યશસ્વતી નન્દા' કર્યો છે.

આવી જ સ્થિતિ તીર્થંકર ભગવાન મહાવીરની માતાના સંબંધમાં પણ જોવા મળે છે. તેમનાં પણ પ્રિયકારિણી અને ત્રિશલા એમ બે નામ મળી આવે છે. 'તીર્થંકર ભગવાન મહાવીર અને એમનું સર્વોદય તીર્થ' નામના પુસ્તકમાં મેં તેમના નામનો ઉલ્લેખ પણ 'પ્રિયકારિણી ત્રિશાલા' – એ પ્રમાણે વિશેષણ-વિશેષ્યના રૂપમાં જ કર્યો છે.

કાલ્પનિક વાર્તાઓમાં કૌટુંબિક અને સામાજિક સમસ્યાઓને સ્પર્શ કરવામાં આવ્યો છે.

જ્યાં એક તરફ 'અસંતોષનું મૂળ' અને 'જરા જેટલો અવિવેક' વાર્તાઓ નાનકડી ભૂલ તથા અપરિપકવ વ્યવહારના કારણે થતા કૌટુંબિક ઝઘડા તેમજ સામાજિક વિઘટનનાં ચિત્ર રજૂ કરે છે તો 'સ્ત્રી ચરિત્ર' વાર્તા એ વાતને સ્પષ્ટ કરે છે કે માત્ર કોરા,– શુષ્ક શબ્દોના સંગ્રહનું નામ પંડિતાઈ નથી, જ્ઞાનની ગરિમા તો અનુભવથી પ્રાપ્ત થાય છે.

'જાગૃત વિવેક', 'પરિવર્તન' અને 'ગાંઠ ખોલી દેખી નહીં' વાર્તાઓ પણ કોરી-નિરુદ્દેશ્ય વાર્તાઓ નથી, તેમાં પણ કાંઈક કહેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

'જાગૃત વિવેક' વાર્તામાં વિદ્યા-સંપ્રાપ્તિમાં વિનય અને વિવેકના સ્થાનની અનિવાર્યતા દર્શાવવામાં આવી છે. આચાર્ય ધરસેનના નિમ્નાંકિત કથનમાં બધું જ સમાઇ ગયું છે.

"જો કે વિવેકનું સ્થાન સર્વોપરિ છે, પણ તે વિનય અને મર્યાદાઓનું ઉલ્લંઘન કરનારું ન હોવું જોઈએ. વિવેકના નામે ગમે તે (યથેચ્છ, સ્વેચ્છાચારી) કરી નાખવું એ તો મહાપાપ છે; કેમકે નિરંકુશ વિવેક પૂર્વજો દ્વારા પ્રાપ્ત શ્રુત પરંપરાને માટે ઘાતક નીવડી શકે છે."

આ જ રીતે 'ગાંઠ ખોલી દેખી નહીં' વાર્તાની નિમ્નાંકિત પંક્તિઓ પણ ધ્યાન દેવા યોગ્ય છે.

"સડકો પર, શેરીઓમાં ભટકતા ઘર-ઘરની ઠોકરો ખાતા ચેતન-લાલોની આજે કોને પડી છે? આજ તો બધા જ જડ રત્નોની પાછળ (ઘેલા થઈ) દોડી રહ્યા છે. આજે કયું ઘર આ ચેતનલાલોથી વિહોણું છે? ખોટ લાલોની નથી; તેને પરખનારાઓની છે, સંભાળનારાઓની છે. બીજાઓની વાત જવા દો; આપણે પોતે જ લાલ છીએ, પરંતુ પોતાને પરખવામાં થાપ ખાઈ રહ્યા છીએ.'

વાર્તાની વિષય-સામગ્રી ભલે ગમે તે હોય, મારી રુચિનો વિષય અને જીવનનું અભિન્ન અંગ હોવાથી અધ્યાત્મ તો તલમાં તેલની જેમ આ બધી જ વાર્તાઓમાં સર્વત્ર અન્વયરૂપ છે જ. એમ કહીએ તો કોઈ અતિશયોક્તિ નહીં થાય કે કથાનક તો માત્ર બહાનું છે, મૂળ પ્રતિપાદ્ય તો અધ્યાત્મ જ છે.

જો કે સામાન્યપણે આ બધી જ વાર્તાઓમાં અનેક પાસાઓ દ્વારા જિન-અધ્યાત્મના આંતરિક મર્મને જ સ્પષ્ટ કરવામાં આવ્યો છે, છતાં પણ પ્રત્યેક વાર્તાના માધ્યમથી કાંઈક વિશેષ કહેવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો છે.

એ તો સૌ જાણે જ છે કે જૈનદર્શન અકર્તાવાદી દર્શન છે, તેથી જૈન કથા-સાહિત્ય પણ અકર્તૃત્વનું પોષક જ હોવું જોઇએ, મૂળમાં તે એવું છે પણ; પરંતુ સામાન્ય લોક-પ્રવાહમાં વહીને તેમાં જે કર્તૃત્વ-પોષક ઝાંય આવી ગઈ છે અને સતત વધતી જાય છે; ગમે તે રીતે પણ

તે પ્રવાહને રોકીને એને એની મૂળ ધારામાં સહજ પ્રવાહિત કરવાનો જ આ એક નાનકડો પ્રયાસ છે.

આથી વિદ્વાનોના માર્ગદર્શન અને પ્રોત્સાહનની સહજ જ અપેક્ષા છે. સહજ સહયોગ કરવો, સહજ પ્રોત્સાહન આપવું અને માર્ગદર્શન કરવું એ સજ્જનોની સ્વભાવગત વિશેષતા હોવાથી તેમને કાંઈ વિશેષ કહેવાની આવશ્યકતા નથી, તદર્થ વિનમ્ર વિનંતિ જ પર્યાપ્ત છે.

જો દૃષ્ટિ વિશાળ હોય તો વાચકોની પ્રતિક્રિયાઓ દ્વારા પણ સહજ જ માર્ગદર્શન પ્રાપ્ત થાય છે; એને માટે કોઈને કાંઇ કહેવાની જરૂર જ રહેતી નથી.

આ દશ વાર્તાઓમાંથી નવ વાર્તાઓ તો સને ૧૯૮૩ની જ રચનાઓ છે, માત્ર એક વાર્તા ‘ અસંતોષનું મૂળ ’ એકવીસ–બાવીસ વર્ષ જૂની રચના છે. આ બધી વાર્તાઓ જૈનપથ પ્રદર્શક ( પાક્ષિક )માં પ્રકાશિત થઈ ચૂકી છે.

વાર્તાઓનાં કથાશિલ્પ, સમ્પ્રેષણ ( રજૂઆત ), ભાષા શૈલી વગેરે બાબતમાં મારે કાંઈ જ કહેવું નથી. વિષય–સામગ્રીના સંબંધમાં જે કાંઈ કહેવું છે તે તો વાર્તાઓમાં જ કહેવાઈ ગયું છે. અહીં તો માત્ર આટલું જ કહેવું છે કે તેના પર થોડું ધ્યાન દેવું.

અને અંતમાં માત્ર આટલું જ કહેવું છે કે આ વાર્તાઓમાં જે પવિત્ર ભાવનાથી કાંઇક કહેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, સંપૂર્ણ જગત બસ તે જ પવિત્ર ભાવનાથી એને ગ્રહણ કરે, ગ્રહણ કરીને આત્મસાત્ કરે.

ઉત્તમ માર્ગદર્શનની અપેક્ષા સાથે,
૨૪ ફેબ્રુઆરી, ૧૯૮૪.

( ડૉ. ) હુકમચન્દ ભારિલ્લ.

१

# આપ ગમે તે કહો

## ( १ )

'નમોઽસ્તુ' ના નમ્ર અવાજે ઋષિરાજનું ધ્યાન ભગ્ન કર્યું તો તેમના મુખકમળમાંથી સહજ જ મંગળ આશીર્વાદ પ્રગટ થયો–

'धर्मवृद्धिरस्तु'

વિનત રાજશ્રેષ્ઠીનું મ્લાન મુખ જોઈને ઋષિરાજ બોલ્યા–

'કહો, શી વાત છે?'

અંતરના ભાવોને છુપાવતા થકા શ્રેષ્ઠીરાજ કહેવા લાગ્યા–

'કાંઈ નહિ,–બસ, આપનાં દર્શન કરવા સારું જ ચાલ્યો આવ્યો છું.'

'કસમયનું આગમન અને મ્લાન મુખ બધું જ કહી રહ્યાં છે; છુપાવવાનો પ્રયત્ન વ્યર્થ છે, આવશ્યક પણ નથી.'

'મહારાજ, છુપાવવાની તો કાંઈ વાત નથી, પરંતુ....'

'પરંતુ સંકોચ કઈ વાતનો છે? જ્યારે....'

'મહારાજ! આપનું આ દુઃખ જોયું નથી જતું, સહ્યું પણ નથી જતું; દિગંબરત્વનું આ અપમાન સહન નથી થતું.'

'અમને શાનું દુઃખ? અમે તો અતીન્દ્રિય આનંદમાં તલ્લીન રહીએ છીએ.'

'આપનું આખું શરીર કોઢથી ગળી રહ્યું છે!'

'આ તો જડ પુદ્ગલનું પરિણમન છે; એનાથી અમારે શું લેવા-દેવા? જ્યાં સુધી સંયોગ છે ત્યાં સુધી રહેશે, પુણ્ય-પાપ અનુસાર એનું જેવું પરિણમન થવા યોગ્ય હશે, તેવું થતું રહેશે. અમે તો એનાથી ભિન્ન જ્ઞાનનો ઘનપિંડ આનંદનો કંદ ચૈતન્યતત્ત્વ છીએ, અને તેમાં જ તન્મય છીએ.'

'આ બધું તો ઠીક છે, અધ્યાત્મની વાતો છે; પરંતુ આપે એના માટે પણ કાંઈક કરવું જોઈએ-એ જ અમારી નમ્ર પ્રાર્થના છે.'

'અમે એનું શું કરી શકીએ?'

'આપ શું ન કરી શકો? આપ કુવાદિયોના ગર્વનું ખંડન કરવાવાળા વાદિરાજ છો. આપની વાણીમાં એ શક્તિ છે કે તેમાં જે પ્રસ્ફુટ થાય તે થઈને જ રહે છે. એનો પરિચય આ જગતને કેટલીય વાર થઈ ચૂકયો છે. આપના શબ્દો જ મંત્ર છે, એનો જાદૂ જેવો પ્રભાવ અમે કેટલીય વાર જોઈ ચૂકયા છીએ. જો આપ ઇચ્છો તો આ કુષ્ઠ ક્ષણ-વાર પણ ન રહી શકે.'

'ભારે ભ્રમમાં છો શ્રેષ્ઠીરાજ! એવું કાંઈ જ નથી. કોઈનું ધારેલું (ઇચ્છેલું) કશું જ થતું નથી. એ જ ભવે મોક્ષ જવાવાળા સનત-કુમાર ચક્રવર્તીને પણ મુનિ-અવસ્થામાં સાતસો વર્ષ સુધી આ કુષ્ઠરોગ રહ્યો હતો, તો અમારી શું વાત?

બીજું, આ રોગે અમારું શું બગાડયું છે કે અમે એનો અભાવ ઇચ્છીએ. અમે કાંઈ ચાહ (ઇચ્છા) માટે ઘર છોડયું નથી, ચાહ (ઇચ્છા) તજવા માટે જ અમે દિગંબર થયા છીએ. અમને આ વિકલ્પોમાં મા ગૂંચવો.

શાસ્ત્રોમાં યોગ્ય જ કહ્યું છે કે ગૃહસ્થોની અધિક સંગતિ સારી નહિ. તેઓ વ્યર્થ વાતોમાં જ ગૂંચવે છે. તેમના દ્વારા અંતરની પ્રેરણા મળવી તો સંભવિત છે નહિ.'

'આપ આપને માટે નહિ, પણ અમારા માટે તો કાંઈક કરો. અમારાથી આ દુઃખ જોયું જતું નથી, દિગંબરત્વનું આ અપમાન....'

તેઓ પોતાની વાત પૂર્ણ કરે તે પહેલાં જ વાદિરાજ બોલ્યા–

'કોઈ કોઈનું કશું જ કરી શકતો નથી. પરંતુ આમાં દિગંબરત્વના અપમાનની વાત ક્યાંથી આવી? દિગંબર ધર્મ આત્માનો ધર્મ છે, શરીરનો નહિ. શરીર વિકૃત થવાથી દિગંબર ધર્મનું અપમાન કેવી રીતે થઈ શકે છે?'

ઋષિરાજ વાદિરાજ બોલ્યે જતા હતા, પણ શ્રેષ્ઠીરાજ કાંઈ જ સાંભળતા ન હતા; તેમની આંખોમાંથી અવિરત અશ્રુધારા વહી રહી હતી. તેઓ અત્યંત ભાવુક બની ગયા હતા.

જ્યારે ઋષિરાજનું ધ્યાન તેમના તરફ ગયું ત્યારે તેઓ બોલ્યા-

'તમારી આ વ્યાકુળતાનું કારણ અગમ્ય છે. બધું સાફ-સાફ કહી દો - વાત શી છે?'

ગદ્‌ગદ્ સ્વરે રાજશ્રેષ્ઠી કહેવા લાગ્યા-

'કાલે રાજસભામાં, જ્યારે દરબાર ખીચોખીચ ભરાયેલો હતો ત્યારે દિગંબર ધર્મની ઠેકડી ઉડાવતા થકા કેટલાક વિરોધીઓએ એમ કહ્યું કે- દિગંબર સાધુઓ કોઢી હોય છે, તેમનામાં એટલી પણ ક્ષમતા નથી હોતી કે પોતાના શરીરને સ્વસ્થ રાખે; આમ છે તો તેઓ બીજાનું શું ભલું કરવાના છે?

દિગંબરત્વનું આ અપમાન મારાથી સહન ન થયું અને મેં કહ્યું કે- આ હળાહળ જૂઠ છે, દિગંબર સાધુ કોઢી નથી હતા. તેઓ ધારે તે કરી શકે છે.

તે સમયે આવેશમાં હું ભાન ભૂલી ગયો અને હું આ બધું જ બોલી બેઠો. પરંતુ એ લોકોએ જ્યારે કહ્યું કે - અમે આજે જ નગરમાં કોઢી સાધુ જોયા છે ત્યારે મને આપની યાદ આવી, પરંતુ....

તે લોકોએ મહારાજા સાહેબને ખૂબ ઉશ્કેર્યા, અને ત્યારે તેઓ (મહારાજા) કહેવા લાગ્યા-'અમે સ્વયં આવતી કાલે દિગંબર મુનિરાજનાં દર્શન કરવા જઈશું.'

શાન્ત ગંભીર ઋષિરાજ બોલ્યા—

"શ્રેષ્ઠીવર, આટલો પણ ધર્માનુરાગ યોગ્ય નથી. જેના આવેગમાં આપ સત્યનું પણ ધ્યાન ન રાખો, એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ પણ ભલું-બૂરું કરી શકતું નથી; આ દિગંબર ધર્મનું અપમાન નહિ, પણ સર્વોત્કૃષ્ટ સન્માન છે; કારણ કે વસ્તુસ્વરૂપ જ આવું છે. આ જન-જનની જ નહીં, બલ્કે કણ-કણની સ્વતંત્ર સત્તાનો-મહાન ઉદ્ઘોષ છે."

ઋષિરાજ ખૂબ જ લાંબા સમય સુધી વસ્તુનું સત્ય સ્વરૂપ સમજાવતા રહ્યા, પ્રત્યેક વસ્તુની સ્વતંત્ર સત્તા તેમજ તેના સ્વાધીન પરિણમનની સમ્યક્ સ્થિતિનું પરિજ્ઞાન કરાવતા રહ્યા, પણ રાજશ્રેષ્ઠીની વ્યાકુળતા ઓછી ન થઈ.

તેઓ કાંઈ કહી શકયા નહિ, તથાપિ તેમની આંખો તેમના અંતઃકરણને સ્પષ્ટ કરી રહી હતી. તેમણે મુખથી તો કશું જ ન કહ્યું, પરંતુ અશ્રુપૂર્ણ આંખો અને રુંધાયેલા કંઠે ઘણું બધું કહી દીધું. તેઓ અનિમેષ નેત્રોથી ઋષિરાજને જોઈ રહ્યા હતા. તેઓ ઋષિરાજના કરુણ-નિગળતા માનસ દ્વારા કંઈક આશ્વસ્ત થવા ઇચ્છતા હતા, પરંતુ તેમનામાં તેમને અસંગ વીતરાગતા સિવાય કાંઈ જ જોવા મળ્યું નહિ.

(૨)

નગરની સમીપમાં જ આવેલી પર્વત-ગુફામાં વિરાજમાન નગ્ન દિગંબર સંત વાદિરાજનાં દર્શન કરવા માટે નગરજનો ઉમટી પડયા હતા, કારણ કે આજે સમ્રાટ પણ પોતાના દરબારિયો સાથે એમનાં દર્શન કરવા આવવાના હતા. જ્યારે ગુફાની બહાર ભારે ભીડ જામી ગઈ ત્યારે કોલાહલ સાંભળીને ઋષિરાજ બહાર પધાર્યા.

ઊગતા સૂર્યની જેમ દેદીપ્યમાન કંચનવર્ણી કાયા, અતીન્દ્રિય આનંદથી તૃપ્ત, શાંત ગુરુગંભીર તેજોદીપ્ત મુખમંડળ, નવજાત શિશુ સમાન નિર્વિકાર નગ્ન દિગંબર વીતરાગી નિર્ભય મુદ્રાધારી ઋષિરાજનાં દર્શન કરીને પ્રજા સાથે સમ્રાટ પણ જયજયકાર પોકારી ઊઠયા.

બધા આશ્ચર્યચકિત થઈને એકબીજાની તરફ જોઈ રહ્યા હતા. શ્રેષ્ઠીરાજની આંખોમાંથી હમણાં પણ અશ્રુધારા વહી રહી હતી, પરંતુ

આ અશ્રુ આનંદના હતાં. ઋષિનિંદા કરનારાઓના ચહેરા ફિક્કા ફક પડી ગયા હતા, કોઈ કાંઈ જ બોલતું ન હતું. (જાણે બધાનાં મોં સિવાઈ ગયાં હતાં.)

નજીકમાં જ રહેલી સ્વચ્છ શિલાખંડ પર ઋષિરાજ બિરાજમાન થયા પછી નતમસ્તક સમ્રાટ પણ પોતાના પરિકર (સામંતો વગેરે) સાથે ત્યાં જ જમીન પર બેસી ગયા. જનતા પણ ધીમેધીમે યથાસ્થાન બેસવા લાગી. થોડીક જ ક્ષણોમાં જેને જ્યાં સ્થાન મળ્યું ત્યાં તે બેસી ગયા.

જનતાની મૂક યાચનાથી દ્રવિત થયેલા ઋષિરાજની દિવ્ય દેશના (વાણી) પ્રવાહિત થવા લાગી. ઋષિરાજ કહી રહ્યા હતા—

'બધા જ આત્મા સ્વયં પરમાત્મા છે, પરમાત્મા કોઈ જુદા નથી હોતા. સ્વભાવથી તો બધા આત્મા પરમાત્મા જ છે, પરંતુ પોતાના પરમાત્મ–સ્વભાવને ભૂલી જવાને કારણે તે દીન–હીન બની રહ્યા છે. જેઓ પોતાને જાણે છે, ઓળખે છે, અને પોતાનામાં જ જામી જાય છે, રમમાણ થાય છે, સમાઈ જાય છે તેઓ પર્યાયમાં પણ પરમાત્મા બની જાય છે.

જ્યારે બધા જ પરમાત્મા છે તો પછી કોણ નાનો, કોણ મોટો? બધા જ સમાન છે. પોતાના ભલા–બૂરાની જવાબદારી પ્રત્યેક આત્માની પોતાની છે. કોઈ કોઈનું ભલું–બૂરું કરી શકતું નથી; બીજાનું ભલું–બૂરું કરવાનો ભાવ કરીને આ આત્મા પોતે જ પુણ્ય–પાપના ફંદમાં ફસાઈ જાય છે, બંધાઈ જાય છે. પુણ્ય અને પાપ બન્નેય બંધનના કારણ રૂપ છે. પાપ જો લોખંડની બેડી છે તો પુણ્ય સોનાની–બેડીઓ બંનેય છે, બેડીઓ બંધન જ છે.

ધર્મ તો વસ્તુના સ્વભાવનું નામ છે, એમાં ફેરફાર કરવાની બુદ્ધિ જ મિથ્યા છે, અહંકાર છે, દુઃખનું કારણ છે, દુઃખ સ્વરૂપ જ છે. જગતના ક્રમ–નિયમિત પરિણમનને જ્ઞાતા–દ્રષ્ટા ભાવથી સ્વીકારી લેવું એ જ સમ્યગ્જ્ઞાનનું કાર્ય છે; એમાં હર્ષ–વિષાદ યોગ્ય નથી, આવશ્યક પણ નથી.

ભગવાન જગતના જ્ઞાતા-દ્રષ્ટા છે, કર્તા-ધર્તા નહીં. જે જગતને

સાક્ષી ભાવથી અપ્રભાવિત રહીને જોઈ શકે, જાણી શકે; વસ્તુતઃ તે જ ભગવાન છે. ભગવાન બનવાનો ઉપાય પણ જગતથી અલિપ્ત રહીને સાક્ષીભાવથી જ્ઞાતા-દ્રષ્ટા બની રહેવું એ જ છે.

બધા આત્માઓ પોતાને જાણે, ઓળખે; એમાં જ જામી જાય, રમમાણ થઈ જાય અને અનંત સુખી હો.'

ઉપદેશામૃતથી તૃપ્ત સમ્રાટ ઊભા થયા અને હાથ જોડીને નમ્રતાભરી વાણીમાં કહેવા લાગ્યા—

'અમારી આ ભૂમિ આપનાં પુનિત પગલાંથી ધન્ય બની છે. જ્યારે આપનાં દર્શન જ ભવદુઃખહારી છે તો વચનામૃતનું તો કહેવું જ શું?'

ઋષિરાજ સ્હેજ હસ્યા, પછી બોલ્યા—

'કોની ભૂમિ? ભૂમિ ભૂમિની છે, એ આજ સુધી ન કોઈની થઈ છે, ન થશે. ભવદુઃખનો અંત તો પોતાના આત્માના દર્શનથી થાય છે. બીજાના દર્શનથી કોઈ ભવમુક્ત થયું નથી અને ન કદી થશે. ભવ-દુઃખહારી તો પર અને પર્યાયથી ભિન્ન નિજ પરમાત્મતત્ત્વ જ છે. એના દર્શનનું નામ જ સમ્યગ્દર્શન છે, એના પરિજ્ઞાનનું નામ જ સમ્યગ્જ્ઞાન છે અને એનું ધ્યાન જ સમ્યક્ચારિત્ર છે. માટે એને જાણવું, શ્રદ્ધવું અને એનું ધ્યાન કરવું એ જ ભવના અંતનો ઉપાય છે.'

મસ્તક નમાવીને સમ્રાટે ઋષિરાજની વાતને વધાવી લીધી અને પોતાના અંતરની ઉત્સુકતા ન દબાવી શકવાને કારણે એમના મુખમાંથી સહજ જ સરી પડ્યું—

'અમે તો આપના વિષયમાં સાંભળ્યું હતું કે આપ કુષ્ઠ....'

એમની વાત પૂરી થાય તે પહેલાં જ ઋષિરાજ બોલી ઊઠ્યા—

'અમે નહિ; અમારું આ શરીર અવશ્ય કોઢી હતું. અમે તો દેહ-દેવાલયમાં વિરાજમાન ભગવાન આત્મા છીએ; તમે પણ દેહ-દેવળમાં વિરાજમાન ભગવાન આત્મા જ છો. દેવળ વિકૃત થઈ જવાથી એમાં વિરાજમાન દેવતા વિકૃત થઈ જતા નથી.'

'એ તો ઠીક, પરંતુ આ દેહ-દેવાલય ઠીક કેવી રીતે થયું?'

'અમે નથી જાણુતા, અમે તો એ પણુ નથી જાણુતા કે એ વિકૃત ક્યારે અને કેવી રીતે થયું ? પુણ્ય-પાપના ઉદયાનુસાર આ બધું તો પોતપોતાના ક્રમમાં થતું જ રહે છે; અમે કોને કોને જાણીએ ? કોની કોની ચિંતા કરીએ ? અમે તો અમારામાં જ તૃપ્ત છીએ.'

'શું આપે એના માટે કાંઈ જ નથી કર્યું ?'

'પરના પરિણુમનમાં અમે કરી પણુ શું શકીએ ? અને આવશ્યકતા પણુ શું હતી ?'

'ભક્તિ, મંત્ર, તંત્ર....?'

'ભક્તિ, જિન ભક્તિ તો અમારું દૈનિક કર્તવ્ય છે, આવશ્યક કર્તવ્ય છે; એની સાથે આને શું લેવા-દેવા ?

દેહ સંબંધી મિથ્યા વિકલ્પોમાં ગૂંચાઈ રહેવું ઋષિઓનું કાર્ય નથી. વિકલ્પોથી થાય છે પણુ શું ? બીજામાં કર્તૃત્વના બધા જ વિકલ્પો નપુંસક જ હોય છે, એનાથી કાંઈ બનતું-બગડતું નથી. હા, જો એમનો મેળ ક્યારેક જગતના સહજ પરિણુમન સાથે સહજ જ થઈ જાય તો અનાદિકાલીન મિથ્યા માન્યતાઓ ઓર અધિક પુષ્ટ થઈ જાય છે.'

'તો આમાં આપે કશું જ ન કર્યું ?'

'તત્સંબંધી વિકલ્પ પણુ નહીં; જો મને એવો વિકલ્પ પણુ હોત તો તે મારા સાધુત્વ માટે અભિશાપ નીવડત. વળી જુઓ, આ મારી કનિષ્ઠ આંગળીમાં હજી પણુ કોઢનાં નિશાન બાકી છે. જો તે મારા મટાડ્યા મટ્યા હોત તો હું એને બાકી કેમ રાખત ?'

આ સંપૂર્ણ સંવાદને સાંભળી રહેલી બધી જનતાના મુખમાંથી એક સાથે નીકળી પડ્યું—

'ધન્ય છે, ધન્ય છે; સાચી સાધુતા આને કહે છે.'

સમ્રાટ સહિત સૌનાં હૃદય ગદ્ગદ થઈ ગયાં. વિરોધીઓનાં હૃદય પણુ બદલાઈ ગયાં. એમનામાંથી એક બોલ્યો—

'જો નકલી સાધુ હોત તો સહજ પ્રાપ્ત આ પ્રસંગથી પોતાને મહાન સિદ્ધ કરવાનો લોભ રોકી ન શક્યો હોત, ભલે પછી તેથી મૂળ જિનધર્મની હત્યા જ કેમ ન થાત ?'

બીજો કહેવા લાગ્યો—

'આપ સત્ય કહો છો, યશના લોભીઓએ જ ધર્મની મૂળ ભાવનાને વિકૃત બનાવી દીધી છે.'

ત્રીજો કહેવા લાગ્યો—

'ઋષિરાજે ગમે તે કહ્યું હોય, પરંતુ આ મૂર્ખ જગત એમના નામે આ વાતને ચમત્કારના સ્વરૂપમાં જ પ્રસારિત કરશે.'

પછીની વાત તો બહુ દૂર રહી, એ જ વખતે એક અંધ ભગતે ઊઠીને ઋષિરાજનાં ચરણ સ્પર્શ્યાં અને ઊંચા સ્વરે કહેવા લાગ્યો—

'આપ ગમે તે કહો, પણ અમે તો આને આપનો ચમત્કાર જ માનીશું.'

## અંધ શ્રદ્ધા

અંધ શ્રદ્ધા તર્કને સ્વીકારતી નથી. આ કારણથી જ અંધ શ્રદ્ધાળુને સાચી વાત સમજાવવી અસંભવ નહિ તો કષ્ટસાધ્ય અવશ્ય છે. જો તે તર્કસંગત વાતનો સ્વીકાર કરવા લાગે તો પછી અંધ શ્રધ્ધાળુ જ કેમ રહે? અંધ શ્રધ્ધાળુને દરેક તર્ક કુતર્ક માલુમ પડે છે. ઈષ્ટની આશા અને અનિષ્ટની આશંકા તેને સદા ભયાક્રાન્ત રાખે છે. ભયાક્રાન્ત વ્યક્તિની વિચારશક્તિ ક્ષીણ થઈ જાય છે. એની આ નબળાઈનો લાભ કેટલાક ધૂર્ત લોકો હમેશથી ઉઠાવતા આવ્યા છે અને ઉઠાવતા રહેશે.

–સત્યની શોધ, અધ્યાય : ૭.

## ૨

## અક્ષમ્ય અપરાધ

અગાધ પાંડિત્યના સ્વામી મુનિરાજ શ્રુતસાગરે જ્યારે બલિ વગેરે મંત્રીઓ સાથે થયેલા વાદ-વિવાદના સમાચાર સંભળાવ્યા ત્યારે આચાર્ય અકંપન એકાએક ગંભીર થઈ ગયા. જગતની ઘટમાળથી સારી પેઠે પરિચિત આચાર્યશ્રીના મુખમંડળ ઉપર અનિષ્ટની આશંકાનાં ચિહ્ન છૂપાં ન રહી શકયાં. જો કે મુખથી તેમણે કશું જ ન કહ્યું, છતાં તેમનો મનોભાવ પ્રગટ થયા વિના ન રહ્યો. સહજ સરળતાના સ્વામી મહાત્માઓને કાંઈ પણ ગુપ્ત નથી હોતું.

જો કે કોઈ કાંઈ જ બોલતું ન હતું, તથાપિ ગંભીર મૌન પૂર્ણ મુખરિત થઈ રહ્યું હતું. શબ્દોની ભાષા કરતાં મૌનની ભાષા કોઈપણ રીતે ઉતરતી નથી હોતી, માત્ર એને સમજનારા જોઈએ.

ચહેરા પરના ભાવોથી જ મનોભાવ વાંચનારા (–સમજનારા) શ્રુતજ્ઞ શ્રુતસાગરને પરિસ્થિતિની ગંભીરતા સમજવામાં વાર ન લાગી. આચાર્યશ્રીના ચિંતાતુર મુખમંડળે એમને અંદરથી વલોવી દીધા હતા; તેથી તેઓ ઝાઝી વાર ચૂપ ન રહી શકયા.

'અપરાધ ક્ષમા કરો પૂજ્યપાદ! અવિવેકી અપરાધી માટે શું પ્રાયશ્ચિત છે? આજ્ઞા કરો.'

'વાત પ્રાયશ્ચિત્તની નથી, સંઘની સુરક્ષાની છે. એવું કયું દુષ્કર્મ છે જે અપમાનિત માનીઓ માટે અકૃત્ય હોય? જ્યારે માર્દવ ધર્મના સ્વામી શ્રુતસાગરથી પણ દિગંબરત્વનું અપમાન સહન ન થઈ શકયું તો

પછી માર્દવ ધર્મનું નામ પણ ન જાણવાવાળાઓ પાસે શી અપેક્ષા રાખી શકાય?

માનભંગની પીડા તેમને ચેન નહિ પડવા દે. અપમાનિત માની, ક્રુદ્ધ ભુજંગ અને ક્ષુધાતુર મૃગરાજથી પણ અધિક દુઃસાહસી બની જાય છે. આજ સંઘ સંકટમાં છે.'

—કહેતાં-કહેતાં આચાર્યશ્રી અતિ ગંભીર બની ગયા.

આચાર્ય અકંપનની અતિશય ગંભીરતા જોઈને શ્રુતસાગર અંદરથી કંપી ઊઠયા. તેઓ જેને પોતાનો વિજય સમજતા હતા તે અકંપનને પણ કંપાવી દે તેવો અક્ષમ્ય અપરાધ હતો – એનો અનુભવ તેમને અંદર ઊંડાણમાં થઈ રહ્યો હતો. તેઓ સ્પષ્ટ અનુભવ કરી રહ્યા હતા કે આચાર્યશ્રીનું અંતર-મન દરરોજની જેમ પ્રાયશ્ચિત્ત નક્કી કરવામાં વ્યસ્ત નથી, પરંતુ સંઘની સુરક્ષાની કરુણામાં ગળી રહ્યું હતું. પ્રત્યુત્પન્ન-મતિ શ્રુતસાગરને નિર્ણય પર પહોંચતાં અધિક વાર ન લાગી, અને તેઓ આચાર્યશ્રીના ચરણોમાં નતમસ્તક થઈને બોલ્યા—

'આ નાદાનના અવિવેકનું પરિણામ સંઘ નહિ ભોગવે. હું આજે એ જ સ્થાન પર રાત્રિ વિતાવીશ જ્યાં બલિ વગેરે મંત્રીઓ સાથે મારે વાદ થયો હતો; આ માટે આચાર્યશ્રીની આજ્ઞા પ્રાર્થું છું.'

'નહીં, એ સંભવ નથી. પરિણામની દૃષ્ટિએ આ અપરાધ ગમે તેટલો મોટો કેમ ન હોય, પરંતુ એમાં તમારો ધર્મપ્રેમ જ કારણરૂપ છે. દિગંબરત્વના અપમાને તમને હચમચાવી દીધા; વળી તમને અમારી એ આજ્ઞાનો પણ ખ્યાલ ન હતો કે જેમાં સર્વ સંઘને મૌન રહેવાનો આદેશ હતો, વિશેષ કરીને મંત્રીઓ સાથે કોઈ પણ પ્રકારની ચર્ચા કરવાનો નિષેધ હતો. આથી તમને આટલું કઠોર પ્રાયશ્ચિત્ત આપતાં મારું હૃદય માનતું નથી.'

'પૂજ્યવર! સવાલ પ્રાયશ્ચિત્તનો નથી, સંઘની સુરક્ષાનો છે. આપે જ તો અમને શીખવાડ્યું છે કે – અનુશાસન-પ્રશાસન હૃદયથી નહિ, બુદ્ધિથી ચાલે છે.'

'શ્રુતસાગરના જીવનનું મૂલ્ય હું સારી રીતે જાણું છું.'

'કોઈ પણ એટલું મૂલ્યવાન ન હોઈ શકે કે જેના પર સકળ સંઘનું બલિદાન દઈ શકાય. અમે આપના આ આપ્તવચનને કેવી રીતે ભૂલી શકીએ કે – અપરાધીને દંડ આપતી વેળા ન્યાયાધીશે એના ગુણો અને ઉપયોગિતા ઉપર ધ્યાન ન દેવું જોઈએ.'

'જાણો છો શ્રુતસાગર લાખોમાં એક હોય છે? સમાજે એનું મૂલ્ય આંકવું જોઈએ.'

'સાધુ સામાજિક મર્યાદાઓથી પર હોય છે. સાધુએ શ્રુતના સાગર હોવા કરતાં સંયમના સાગર હોવું અધિક આવશ્યક છે. મેં વાણીના સંયમને તોડ્યો છે. મૌનવતી સાધકોની મહાનતાને વાચાળ સાધક પહોંચી શકતો નથી. મેં આપની આજ્ઞાનો ભંગ કર્યો છે. મારો અપરાધ અક્ષમ્ય છે.'

'પણ તમને મારી આજ્ઞાનો ખ્યાલ જ ક્યાં હતો?'

'પરંતુ શ્રુતના સાગરને એટલો વિવેક તો હોવો જ જોઈતો હતો કે માર્ગમાં ચાલતાં લોકો સાથે વ્યર્થના વિવાદમાં ન પડે. મારો આ અવિવેક તો યુગના અંત સુધી યાદ કરવામાં આવશે જ; પરંતુ મને એ સહ્ય નથી કે ઇતિહાસ એ પણ કહે કે–પ્રિયતમ શિષ્યના વ્યામોહે આચાર્ય અકંપનને પણ અકંપન ન રહેવા દીધા.

મારાથી જે કાંઈ થયું તે થયું, પણ હું મારા ગુરુની મહત્તાને ખંડિત નહિ થવા દઉં.'

આચાર્યશ્રીએ મારી આ હઠને (માગને) પૂર્ણ કરવી જ જોઈએ.'

આચાર્ય અકંપન ઓર અધિક ગંભીર થઈ ગયા. એમના ગંભીર મૌનને સંમતિનું લક્ષણ જાણી શ્રુતસાગર એમના ચરણોમાં નમી પડ્યા, 'નમોઽસ્તુ' કર્યું અને મંગલ આશીર્વાદની મૌન યાચના કરવા લાગ્યા.

આચાર્ય અકંપને ધ્રૂજતા હાથે શ્રુતસાગરને આશીર્વાદ દેતાં કહ્યું–

'મેં આવું ક્યારેય કલ્પ્યું ન હતું કે જેને મેં એક દિવસ સંપૂર્ણ સંઘની સામે 'શ્રુતસાગર'ની પદવીથી નવાજ્યો હતો તેને કોઈક દિવસ આટલું કઠોર પ્રાયશ્ચિત્ત દેવું પડશે.

પ્રિય શ્રુતસાગર ! તમે જ્ઞાનની પરીક્ષામાં તો અનેક વાર ઉત્તીર્ણ થયા છો, આજ તમારા ધ્યાનની પરીક્ષા છે. જીવનનું રહેવું, ન રહેવું તો ક્રમબદ્ધ અનુસાર જ થશે; પણ હું તમારા આત્મધ્યાનની સ્થિરતાની મંગલ કામના કરું છું.

બીજાઓને તો તમે ઘણીવાર જીત્યા છો. જાઓ, હવે એક વાર પોતાને પણ જીતો.'

—કહેતાં-કહેતાં આચાર્ય અકંપન ખૂબ જ ગંભીર બની ગયા.

આજ્ઞા શિરોધાર્ય કરીને જઈ રહેલા શ્રુતસાગરને તેઓ ત્યાં સુધી જોઈ રહ્યા, જ્યાં સુધી તેઓ દૃષ્ટિથી અદૃશ્ય ન થયા.

**: સહજ જ્ઞાતા-દૃષ્ટા :**

નહીં, દેખો નહીં, દેખવું સહજ થવા દો; જાણો નહીં, જાણવું સહજ થવા દો; રમો પણ નહીં, જામો પણ નહીં, રમવું-જામવું પણ સહજ જ થવા દો. બધું જ સહજ, જાણવું સહજ, જામવું સહજ, રમવું સહજ.

કર્તૃત્વના અહંકારથી જ નહિ, વિકલ્પથી પણ રહિત સહજ જ્ઞાતા-દૃષ્ટા બની જાઓ.

**-સત્યની શોધ, અધ્યાય : ૩૩, પૃષ્ઠ ૧૮૮,**

## ૩

## જાગૃત વિવેક

### (૧)

વાત લગભગ બે હજાર વર્ષ પુરાણી છે. ગિરિ ગિરનારની ગુફામાં અંતર્નિમગ્ન આચાર્ય ધરસેનનું ધ્યાન રાતના છેલ્લા પ્રહરમાં જ્યારે ભગ્ન થયું ત્યારે તેઓ 'શ્રુત-પરંપરાની સુરક્ષામાં ચિંતામગ્ન થઈ ગયા. તેઓ વિચારવા લાગ્યા—

હું હવે વૃધ્ધ થતો જાઉં છું; થતો જાઉં છું શું ? થઈ જ ગયો છું; પરંતુ હમણાં સુધી એવો કોઈ સુપાત્ર શિષ્ય જોવા મળ્યો નહિ કે જે ગુરુ-પરંપરા દ્વારા પ્રાપ્ત ભગવાન મહાવીરની શ્રુત પરંપરાને મારી પાસેથી સંપૂર્ણ ગ્રહણ કરી શકે. લાગે છે કે બુદ્ધિની હીનતાને કારણે હવે કેવળ શ્રવણ (શ્રુત)ના આધારે સિધ્ધાંતની રક્ષા સંભવિત નથી; હવે તેને લેખિત સ્વરૂપે પણ સુરક્ષિત રાખવા જોઈએ; પણ સમજાતું નથી કે આ બધું શક્ય કેવી રીતે બને ? કેમકે હવે મારું જીવન જ કેટલું રહ્યું છે ? જો કોઈ યોગ્ય શિષ્ય મળી જાય તો તેને બધું જ શિખવાડીને તેને લિપિબધ્ધ કરવાનો આદેશ આપીને હું ચિંતામુક્ત થઈ જાઉં. પરંતુ મારા વિચારવાથી શું થઈ શકે છે ? થશે તો એ જ, જે થવાનું છે.

વિચાર કરતાં કરતાં તેઓ કાંઈક નિદ્રાધીન થયા, તો સ્વપ્નમાં તેમણે જોયું કે યુવાન, બલિષ્ઠ, કર્મઠ, સફેદ બળદોની એક નમ્રીભૂત ધુરંધર જોડી એમની તરફ ચાલી આવે છે; આવે છે એટલું જ નહિ, આવી જ ગઈ છે અને તેમના પવિત્ર ચરણોમાં નતમસ્તક છે.

તેઓ એકદમ જાગી ગયા. વિકલ્પોની નિરર્થકતાને અતિ વિશદપણે જાણવાવાળા આચાર્યશ્રીને લાગ્યું કે આ સ્વપ્ન તો મારા વિકલ્પોને સાર્થક સૂચિત કરનારું જણાય છે.

(૨)

ધ્યાનમગ્ન આચાર્ય ધરસેને જ્યારે નાસાગ્ર પાંપણોને ઉઘાડી તો એ ઉત્સાહી યુવાન મુનિવરોને પોતાના ચરણોમાં નતમસ્તક નિહાળ્યા. સમાગત મુનિવર નમ્રતાપૂર્ણ શબ્દો વડે કહી રહ્યા હતા—

'દ્વિતીય શ્રુતસ્કંધના વિશેષજ્ઞ આચાર્ય શ્રી ધરસેનના પવિત્ર ચરણ-કમલોમાં સિદ્ધાંત-અમૃતના પિપાસુ યતિઓનાં વારંવાર વંદન-પ્રણામ સ્વીકૃત હો.'

અંદરથી મૃદુ અને બહારમાં કઠોર એવા આચાર્ય ધરસેન કહેવા લાગ્યા–

'જો પાત્રતા હોય તો કશું જ અપ્રાપ્ય નથી; પુરુષાર્થીઓની પિપાસા તૃપ્ત થાય જ છે; પરંતુ બધું જ અંતરની લગની પર આધાર રાખે છે.'

આચાર્યશ્રીના સંકેતને પામી જઈને તેઓ બોલ્યા—

'લગનીની દરિદ્રતા અને પુરુષાર્થની ઉપેક્ષા તો શિષ્યોથી ક્યારેય નહિ થાય, પરંતુ પાત્રતાનો નિર્ણય તો આચાર્યશ્રીએ જ કરવો જોઈશે.'

'મને તમારી પાસેથી આ જ ઉત્તરની અપેક્ષા હતી.'

'આચાર્યશ્રીની કૃપા માટે સેવકો આભારી છે.'

બંનેને બે મંત્રો આપતાં આચાર્યશ્રીએ કહ્યું—

'જાઓ, સામેના શિખર પર આવેલી ગુફામાં આ મંત્રોની આરાધના કરો. મંત્ર સિદ્ધ થયે સર્વાંગ સુંદર દેવાંગનાઓનાં તમને દર્શન થશે.'

બન્ને મુનિરાજ હતપ્રભ થઈ ગયા. તેઓ વિચારવા લાગ્યા—

'દેવાંગનાઓનાં દર્શન....! અમારે દેવાંગનાઓથી શું કામ છે? આચાર્યશ્રીએ અમને આ....'

એમના અંતરના મનોમંથનથી પરિચિત આચાર્યશ્રીએ કહ્યું—

'વિકલ્પોમાં ન ગૂંચાઓ, સમય ન ગુમાવો, જે કહેવામાં આવ્યું છે તેનું પાલન કરો. જાઓ, જાઓ....

હા, થોભો, જરા થોભો; એક વાત ધ્યાનથી સાંભળી લો. તમારા મનમાં જો કાંઈ શંકા ઊભી થાય તો મારી પાસે દોડયા ન આવશો. 'તમારો આત્મા જ તમારો સત્યાર્થ ગુરુ છે'– આ મહામંત્રને યાદ રાખજો. હવે જાઓ, વાર ન લગાડો.'

(૩)

સાધનામાં નિષ્ણાત ઋષિરાજોની સન્મુખ દેવાંગનાઓની ઉપસ્થિતિમાં વાર ન લાગી, પણ તેઓ સર્વાંગ સુંદર ન હતી. એકના દાંત બહાર નીકળી આવ્યા હતા તો બીજીને એક કાણી આંખ હતી. તેમને જોઈને બન્ને ઋષિવરો સંકોચમાં પડી ગયા. તેઓ વિચારવા લાગ્યા–

'આચાર્યશ્રીએ તો કહ્યું હતું કે સર્વાંગ સુંદર દેવાંગનાઓનાં દર્શન થશે, પરંતુ....કયાંક કાંઈક ગોટાળો અવશ્ય છે. જઈને ગુરુદેવની પાસેથી જ કેમ ન જાણી લઈએ ? ના, ના; તેમણે તો આવતી વખતે કહ્યું હતું કે કયાંય કોઈ શંકા ઊભી થાય તો મારી પાસે દોડયા ન આવતા. 'તમારો આત્મા જ તમારો સત્યાર્થ ગુરુ છે'– આ મહામંત્રને યાદ રાખજો; માટે પોતે જ આનું કારણ શોધી કાઢવું જોઈએ.'

તેમણે પોતપોતાના મંત્રોનું બહુ બારીકાઈથી નિરીક્ષણ કર્યું તો માલુમ પડયું કે એક મંત્રમાં એક અક્ષર ખૂટે છે, અને બીજામાં એક અક્ષર વધે છે. તેઓ એક વાર ફરીથી સંકોચમાં પડી ગયા. એમનું મન દ્વિધામાં અટવાઇ પડયું. તેઓ વિચારવા લાગ્યા—

'શું આ મંત્રોને પોતાની વિવેકબુદ્ધિના આધારે બરાબર સુધારી લઈએ? વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, અનુભવવૃદ્ધ, ગુરુ પરંપરાથી પ્રાપ્ત સમૃદ્ધ શ્રુત પરંપરાના સ્વામી આચાર્યશ્રી દ્વારા અપાયેલા મંત્રોમાં સુધારો કરવાનું સાહસ યૌવન વડે ઉત્પન્ન દુઃસાહસ તો સાબિત નહિ થાય ?'

ખૂબ ઊંડા વિચાર–મંથનને અંતે બન્ને યુવાન ઋષિઓ સ્વતંત્ર

રીતે પોતાની વિવેક-બુદ્ધિ અનુસાર મંત્રોને શુદ્ધ કરવાના નિર્ણય પર આવી ગયા અને ધ્યાનમગ્ન થઈ ગયા.

સફળતા, વિવેકી અને કર્મઠ બુદ્ધિમાનોના ચરણ ચૂમે છે. સર્વાંગ સુંદર દેવાંગનાઓ ઉપસ્થિત થઈને કહેવા લાગી—

'અમે આપની શું સેવા કરી શકીએ છીએ?'

'કાંઈ જ નહિ; સેવકોનો સંગ્રહ અને સેવા અમને વાંછિત નથી. અમારી આરાધનાનું વાંછિત તો આચાર્યશ્રીની આજ્ઞાનું પાલનમાત્ર હતું.'

(૪)

બંને યુવાન ઋષિવરો આચાર્યશ્રીના ચરણોમાં ઉપસ્થિત થયા. નમન કરી રહેલા બન્ને યુવાન ઋષિઓને મંગળ આશીર્વાદ આપતાં આચાર્યશ્રી બોલ્યા—

'પુષ્પોના જેવી દંતપંક્તિના સ્વામી પુષ્પદંત અને અભૂતપૂર્વ બળના સ્વામી ભૂતબલીને પ્રાપ્ત કરીને આચાર્ય ધરસેન કૃતકૃત્ય છે.'

પોતાનાં નવાં નામ સાંભળીને યુવાન ઋષિઓ વિમાસણમાં પડ્યા, પરંતુ શરીરમાં તે પ્રમાણે થયેલા પરિવર્તનને જોઈ બધું જ સમજી ગયા. ખૂબ વિનમ્ર પુષ્પદંત અને ભૂતબલી મંત્રોને શુદ્ધ કરવાના અપરાધ બદલ ક્ષમાયાચના ચાહીને આચાર્યશ્રી પાસે જે કાંઈ બન્યું હતું તે સંભળાવવા લાગ્યા, તો ગુરુ ગંભીર વાણીમાં આચાર્યશ્રી કહેવા લાગ્યા—

'આ બધું કહેવાની કોઈ જરૂર નથી, મને કાંઇ પણ અગમ્ય નથી. મને આવા જ વિનયશીલ, વિવેકી અને પ્રતિભાશાળી શિષ્યોની જરૂર હતી કે જેમને પૂર્વજો દ્વારા પ્રાપ્ત શ્રુતસંપતિ સમર્પિત કરી શકાય. વિનય વિના તો વિદ્યા પ્રાપ્ત થાય જ નહિ, વળી વિવેક અને પ્રતિભા પણ અનિવાર્ય છે; એના વિના પણ વિદ્યા-સંપ્રાપ્તિ અશક્ય છે. ગુરુ પ્રત્યે અડગ શ્રદ્ધાનું પણ મહત્ત્વપૂર્ણ સ્થાન છે, પણ તે આતંક-ભયની હદ સુધી ન પહોંચવી જોઈએ; અન્યથા તે વિવેકને કુંઠિત કરી દેશે.

તત્કાલ આવી પડેલી સમસ્યાંઓનું યથોચિત્ સમાધાન તો

સ્વ-વિવેકથી જ સંભવિત છે, કેમ કે ગુરુનો સમાગમ સદાય સર્વત્ર હોવો તો સંભવિત નથી. પરંપરાઓ પણ પ્રત્યેક સમસ્યાનું સમાધાન આપી શકતી નથી; કેમકે એક તો સમસ્યાઓને અનુરૂપ પરંપરાઓની ઉપલબ્ધિ સદાકાળ સંભવિત નથી; વળી બીજું પરિસ્થિતિઓ પણ બદલાતી રહે છે.

જો કે વિવેકનું સ્થાન સર્વોપરિ છે, પણ તે વિનય અને મર્યાદાઓનું ઉલ્લંઘન કરનારું ન હોવું જોઈએ. વિવેકના નામે ગમે તે (સ્વચ્છંદ પ્રવર્તન) કરી નાખવું એ તો મહાપાપ છે; કેમકે નિરંકુશ વિવેક પૂર્વજો દ્વારા પ્રાપ્ત શ્રુતપરંપરાને માટે ઘાતક નીવડી શકે છે.

ક્ષેત્ર અને કાળના પ્રભાવથી તત્કાલ પેદા થયેલી વિકૃતિઓનું નિરાકરણ કરવું જાગૃત વિવેકનું જ કામ છે, પરંતુ આમાં ચોતરફથી સાવધાની અનિવાર્ય છે.

મારી પ્રસન્નતાનું કારણ એ છે કે તમે સ્વ-વિવેકથી મંત્રોમાં સુધારો તો કર્યો, પરંતુ વિનય અને મર્યાદાઓનો ભંગ ન કર્યો. મંત્રોને સુધારતા પહેલાં ઘણુંબધું વિચાર્યું; મારા પ્રભાવથી ભયભીત ન થયા અને સુધારો સત્ય સાબિત થઈ ગયા પછી અહંકારથી ઉન્મત્ત ન થયા. સદાચારી, સંતુલિત વિવેક અને વિનયશીલ મર્યાદાઓથી સમૃદ્ધ શિષ્યોની જ મને કામના હતી.

'હવે હું તમને ગુરુપરંપરા દ્વારા પ્રાપ્ત સંપૂર્ણ શ્રુત જ નહિ, આચાર્યપદ પણ યથાસમય સમર્પિત કરીને નિશ્ચિંત થવા માટે કૃતનિશ્ચયી થયો છું.'

# ૪

# અભાગી ભરત

## (૧)

ભરતાધિપતિ સમ્રાટ ભરતના દરબારમાં જ્યારે એક પછી એક ત્રણ શુભ સમાચારો આવ્યા ત્યારે સંપૂર્ણ દરબાર આનંદના અતિરેકમાં હિલોળે ચઢ્યો, જાણે આનંદના સાગરમાં ડૂબી ગયો; પણ સમ્રાટ ભરત જળથી ભિન્ન કમળવત્ અલિપ્ત જ રહ્યા.

એમ વાત નથી કે આદિ તીર્થંકર ઋષભદેવે પ્રાપ્ત કરેલ સર્વજ્ઞતાના શુભ સમાચારે તેમને પ્રફુલ્લિત નહોતા કર્યા; કર્યા હતા, અવશ્ય કર્યા હતા; એ સમાચારથી તો આનંદથી રોમાંચિત થઈ ગયા હતા.

હા, એ વાત સત્ય છે કે પુત્રરત્નની પ્રાપ્તિના સમાચારની કોઈ પણ પ્રતિક્રિયા તેમના મુખમંડળ પર જણાઈ આવી ન હતી; પરંતુ જ્યારે ચક્રરત્નની પ્રાપ્તિના સમાચાર મળ્યા ત્યારે તેઓ એકદમ ગંભીર બની ગયા, તેમનો આનંદાતિરેક કપૂરની જેમ ક્ષણવારમાં અદૃશ્ય થઈ ગયો.

મુખમંડળ પર પ્રતિબિંબિત ભરતના અંતરંગથી અપરિચિત સંપૂર્ણ દરબાર જો કે આનંદનિમગ્ન હતો, છતાં પણ અતિ તીવ્ર નિરીક્ષણ-શક્તિવાળા મહા-અમાત્યથી કાંઈ જ છૂપું ન રહી શક્યું. જગતમાં એવું કોઈ પ્રમેય નથી જે સતર્ક બુદ્ધિ-પ્રજ્ઞાને અગમ્ય હોય.

દરબાર બરખાસ્ત થયા પછી એકાન્ત મેળવીને મહા-અમાત્યે કહ્યું—

'આનંદના અવસર પર સમ્રાટની ગંભીરતાનું રહસ્ય શું આ અદનો સેવક જાણી શકે છે?'

'શું મહા-અમાત્યને પણ હૃદયનું રહસ્ય વાણી દ્વારા બતાવવું પડે?'

'સમ્રાટના આ વિશ્વાસને આ સેવક પોતાના અનુપમ ભંડાર સમજે છે, પણ પર્યાયોના ક્રમબદ્ધ પરિણમનને કોણ ટાળી શકે છે? સમ્રાટે આ મહા સત્ય પર પણ વિચાર કરવો જોઈએ. પોતાના નિશ્ચિત ક્રમમાં ઘટનારી ઘટનાઓને સાક્ષીભાવે સ્વીકારવી એ જ દૃષ્ટિવંતનું કર્તવ્ય છે.'

'શ્રદ્ધાસ્પદ સત્યનો સ્વીકાર કરવા માટે રાગ બાધ્ય નથી હોતો-આ પર્યાયગત સત્યને પણ ટાળી શકાય એમ નથી. સતત પ્રાપ્ત થનારી ભાગ્યોદયની વધાઈઓ સ્વીકારતાં-સ્વીકારતાં હવે આ અભાગી ભરત કંટાળી ગયો છે.'

'રુચિની પ્રતિકૂળતામાં સદ્ભાગ્ય પણ દુર્ભાગ્યરૂપ નીવડે છે. જે ચક્રરત્નની પ્રાપ્તિને જગત મહાન ભાગ્યોદય સમજે છે, જિનધ્વનિ સાંભળવામાં વિઘ્નરૂપ હોવાથી તેની જ પ્રાપ્તિએ આજે રાજાધિરાજનું મન આંદોલિત કરી દીધું છે – આ વાત હું સારી પેઠે જાણું છું; પણ સાગરે પોતાની ગંભીરતાને જાણવી પડશે. આથી વિશેષ કાંઈ પણ કહેવું સેવક ઉચિત સમજતો નથી, કારણ કે તે પોતાની મર્યાદાઓથી અપરિચિત નથી.'

'મહા-અમાત્યની સમયોચિત સલાહ માટે ભરત આભારી છે.'

(૨)

દિગ્વિજય માટેના પ્રસ્થાન સમયે મંગળ તિલક કર્યા પછી જ્યારે ભરત રાજમાતા યશસ્વતી નંદાના ચરણોની વંદના કરી રહ્યા હતા ત્યારે તેમની આંખોમાંથી વહેતી અશ્રુધારાએ રાજમાતાના ચરણ પખાળ્યા.

મંગળ પ્રસ્થાનના સમયે પ્રવાહિત અશ્રુધારામાં રાજમાતાને પ્રશસ્ય દિગ્વિજયમાં કાંઈક અમંગળ વરતાયું.

પોતાની જાતને સંભાળીને તેઓ ગાજી ઊઠયાં—

'ભરતક્ષેત્રના ભાવિ ભાગ્યવિધાતા, આદ્ય ચક્રવર્તી સમ્રાટ, નંદાના

પયપાનથી પુષ્ટ, ભાગ્યશાળી ઋષભપુત્રની કાયરતાનું કારણ રાજમાતા જાણવા માગે છે, કારણ કે તેમને આ ( – કાયરતા ) ઈષ્ટ નથી જણાતી.'

'ભરતને બીજું ગમે તે કહો, પણ ભાગ્યશાળી તો નહીં જ. આજે આ અભાગી ભરતને પોતાના સો ભાઈઓ, તેમજ તે નાગરિકોના ભાગ્યની ઈર્ષ્યા થાય છે, જેમને આજથી દરરોજ દિવસમાં ત્રણ–ત્રણ વાર છ–છ ઘડી ભગવાન ઋષભદેવની દિવ્યધ્વનિ સાંભળવાનો અવસર પ્રાપ્ત થશે, અને એ જ સમયે આ અભાગી ભરત શામ–દામ–દંડ–ભેદની રાજનીતિમાં ગૂંચવાયેલો હશે; યુદ્ધનું સંચાલન કરી રહ્યો હશે.'

ભરતના અંતર્દ્વંદ્વે રાજમાતાને હચમચાવી દીધાં. તેઓ એકદમ ગંભીર થઈ ગયાં, પરંતુ કાંઈ બોલ્યાં નહિ. તેમના ગંભીર મૌને જે કાંઈ કહ્યું, તેનાં ઉત્તરરૂપે ભરત કહેવા લાગ્યા—

'શકય છે કે યશસ્વતી રાજમાતાના ગૌરવને મારું આ સ્પષ્ટીકરણ સ્વીકૃત ન હોય, પરંતુ ભરતની વાત્સલ્યમયી માતાને તો....'

—ભરત પોતાની વાત પૂરી કરે તે પહેલાં રાજમાતાનું શૌર્ય પીગળી ગયું, અને તેઓ બોલ્યાં—

'બેટા હું તારી વેદના જાણું છું, પરંતુ ભરતનો ભારત અખંડ હોવો જોઈએ, છ ખંડોમાં વહેંચાયેલો નહીં.'

'ભરત પોતાનું કર્તવ્ય જાણે છે. કર્તવ્યની ઠોકર બુદ્ધિ જ સહન કરી શકે છે, હૃદય નહિ.'

'ચક્રવર્તીની આંખોમાં આંસુ શોભતાં નથી.'

'માની સામે પણ ?'

'વાત માની નથી, રાજમાતાની છે.'

## ( ૩ )

લોક–લાગણી જાણવા માટે ભરતના ગુપ્તચરો સંપૂર્ણ આર્યાવર્તમાં સતત સક્રિય હતા. જ્યાં પણ સેનાનો પડાવ રહેતો, રાત્રે ગુપ્તચરો દ્વારા પ્રાપ્ત સૂચનાઓ પર ઉચ્ચસ્તરીય મંત્રણાઓ ચાલ્યા કરતી.

ગુપ્તચર વિભાગના અધ્યક્ષે આજની માહિતી રજૂ કરતાં કહ્યું—

'જે કાર્ય વર્ષોથી ખેલાતા ઘમાસાન યુદ્ધોથી ન સંભવી શક્યું તે ગઈ કાલની એક ઘટનાથી સંભવિત બની ગયું છે. આજે સમગ્ર આર્યાવર્ત સમ્રાટ ભરતના ભાગ્યની પ્રશંસા કરી રહ્યું છે, એમના સૌભાગ્યથી પ્રભાવિત છે.'

'ગઈ કાલે એવું શું બન્યું?'

'આપ મધ્યરાત્રિએ ભગવાન ઋષભદેવનાં દર્શન કરવા પધાર્યા હતા, તે અવસરે આપના નિમિત્તે ભગવાનની દિવ્યધ્વનિ પણ અસમયમાં પ્રસારિત થઈ હતી.'

'એની સાથે રાજનીતિને શી લેવા-દેવા? આ તો મારી વ્યક્તિગત રુચિ-ભાવનાનો સવાલ છે.'

'રાજનીતિ પોતાનો રસ બધી જ તરફથી ગ્રહણ કરે છે. દેશની અખંડિતતા માટે માત્ર ભૂમિ જ જીતવી જરૂરી નથી, જનતાનું હૃદય પણ જીતવું પડે છે. ધર્મપ્રિય જનતા ધાર્મિક સદ્ભાગ્યથી જ સમર્પિત થાય છે – સમ્રાટે આ ભૂલવું ન જોઈએ.'

'નહીં, હું મારી વ્યક્તિગત ભક્તિ દ્વારા રાજનૈતિક લાભ ઉઠાવવા નથી ઇચ્છતો.'

'આ આપની મહાનતા છે, પણ આપના ઇચ્છવા ન ઇચ્છવાથી શું થાય છે? સૌભાગ્યનો ઉદય થાય ત્યારે આપમેળે લાભ મળે જ છે.'

'હું નથી ઇચ્છતો કે ભવિષ્યનો ઇતિહાસ એમ કહે કે ભરતનું જિનેન્દ્ર-દર્શન પણ રાજનૈતિક કાર્ય હતું.'

'ઇચ્છાઓ આજ પર્યંત કોઈની પૂર્ણ થઈ નથી. આજ કણ-કણ આપના સૌભાગ્યના મહિમાથી ગુંજાયમાન થઈ રહ્યો છે.'

'ભીડની-લોકની મનોવૃત્તિ પણ શું અજબ હોય છે! રોજ દિવસમાં ત્રણ-ત્રણ વાર ભગવાનની દિવ્યધ્વનિનો લાભ મેળવનારા ભાગ્યશાળી લોકો પણ પોતાને અભાગી અને જીવનમાં આજ સુધી એકાદ

વાર જ લાભ લેવાવાળા મારા જેવા અભાગીને ભાગ્યશાળી માની રહ્યા છે! – આને હું શું કહું ?

આ વિષયને છોડો, એની ચર્ચા માત્ર મને હચમચાવી દે છે, ભગવાનની વાણીનો વિરહ વધુ તીવ્રતાથી સાલવા માંડે છે.

જ્યારે જ્યારે જનતા મને ભાગ્યશાળી હોવાની વધાઈઓ આપે છે, ત્યારે ત્યારે આ અભાગી ભરત તેમને પ્રસન્નતાથી સ્વીકારી પણ નથી શકતો – શું આનું જ નામ સદ્‌ભાગ્ય છે ?

ના, ના; કદાપિ નહીં. દુનિયા ગમે તે કહે, પરંતુ ભરત ભાગ્યવાન નથી, અભાગી જ છે.'

## વિવેક અને અવિવેકનો ખેલ

જ્યાં વિવેક છે ત્યાં આનંદ છે, નિર્માણ છે; અને જ્યાં અવિવેક છે ત્યાં કલહ છે, વિનાશ છે. સમય તો એક જ હોય છે; પરંતુ જે સમયે અવિવેકી નિરંતર ષડયંત્રોમાં વ્યસ્ત રહીને બહુમૂલ્ય નરજન્મને વ્યર્થ બરબાદ કરતો હોય છે, તે જ સમયે વિવેકી પુરુષ અમૂલ્ય મનુષ્યભવની એક એક ક્ષણ સત્યની શોધ, તેના રમણ અને પ્રતિપાદન દ્વારા સ્વ–પર હિતમાં સંલગ્ન રહીને સાર્થક અને સફળ બનાવે છે. તે પોતે તો આનંદિત રહે જ છે, આસપાસના વાતાવરણને પણ આનંદિત કરી દે છે.

આ પ્રમાણે ક્ષેત્ર અને કાળ એક હોવા છતાં પણ ભાવોની વિભિન્નતા આનંદ અને ક્લેશ તથા નિર્માણ અને વિધ્વંસનું કારણ બને છે– આ બધો વિવેક અને અવિવેકનો ખેલ છે.

સત્યની શોધ, અધ્યાય : ૩૩, પાનું ૧૮૪

# ૫

## ઉચ્છિષ્ટ ભોગી

યશસ્વતી માતા નંદા આજે આનંદના અતિરેકમાં ડોલી રહ્યાં હતાં, કેમ ન ડોલે? આખરે તેમનો પુત્ર છ-ખંડ પૃથ્વીને જીતીને ઘેર પાછો આવી રહ્યો હતો. વિશ્વવિજેતા રાજાધિરાજ ચક્રવર્તી સમ્રાટ ભરતના જય-જયકારના ઘોષોથી આકાશ ગુંજી રહ્યું હતું. સૈન્યસહિત ભરતે હજી અયોધ્યામાં પ્રવેશ કર્યો નહોતો, છતાં તેમના જયઘોષોનો નાદ રાજ-મહેલની અટારિયોમાં સ્પષ્ટ સંભળાઈ રહ્યો હતો.

જો કે તેમના દિગ્વિજયની સફળતાના સમાચાર વખતોવખત રાજ-માતાને મળતા રહેતા હતા, છતાં માતાનું હૃદય સમાચારોથી ક્યારે તૃપ્ત થયું છે? તેને તો મિલનના આનંદથી જ સંતોષ થાય છે.

બત્રીસ હજાર મુગટબંધ રાજાઓના નમનના ભારથી ભરપુર અતિ ગંભીર ભરતે જ્યારે રાજમહેલમાં પ્રવેશ કર્યો ત્યારે સ્વાગત અર્થે પરિજનોથી ઘેરાયેલી રાજમાતાને મંગળ કલશ લઈને સિંહદ્વાર પર ઊભેલાં જોયાં.

ભરત માતાના ચરણોમાં પૂરા ઝૂક્યા પણ નહોતા કે રાજમાતાએ તેમને આલિંગનમાં જકડી લીધા; પરંતુ દિગ્વિજયી સમ્રાટના લલાટ ઉપર જે ગર્વ તથા વ્યવહારમાં જે ઉત્સાહ અને ઉત્તેજના જોવા મળવાં જોઈએ, રાજમાતાને ભરતમાં તે કશું જ દેખાયું નહિ; બલ્કે એક ઘેરો વિષાદ તથા જવાબદારીના ભારથી ભરેલી ગંભીરતાનાં દર્શન થયાં.

રાજમાતાનો ઉત્સાહ કાંઈક નરમ પડ્યો, પરંતુ તે પોતાને સંભાળતાં થકાં બોલ્યાં—

'ભરત આ શું છે?'

'કાંઈ નહીં, રાજમાતાની આજ્ઞાનું પાલન થઈ ચૂક્યું છે. આજ ભરતનું ભારત અખંડ છે.'

'પરંતુ સમ્રાટનું ચિત્ત વિભાજિત........'

'ચિત્ત કોઈ જમીન નથી; જેને બળથી, વૈભવથી, પુણ્યપ્રતાપથી જીતી શકાય. ચિત્તને જીતવાવાળાઓને છ ખંડોની નહિ, અખંડ આત્માની પ્રાપ્તિ થાય છે.'

'તને શું થઈ ગયું છે? આ કેવી બાલીશ બકબક વાતો કરી રહ્યો છે?'

'મને શું થયું છે? કાંઈ જ થયું તો નથી. આ વાતો માત્ર બકબક નથી, આ પરમસત્ય છે મા! અખંડ આત્માની પ્રાપ્તિ જ જીવનની સાર્થકતા છે.'

'શું તને ખબર છે કે તું છ ખંડોને ભોગવનારો પ્રથમ ચક્રવર્તી સમ્રાટ છે?'

'નહીં મા નહીં, મને પણ આ ભ્રમ હતો; પરંતુ જ્યારે હું દિગ્વિજયના પ્રસંગે જગપ્રસિદ્ધ શિલા ઉપર પોતાનું નામ લખવા ગયો ત્યારે તે શિલા એવા ચક્રવર્તીઓના નામોથી ભરાઈ ગઈ હતી કે જેમણે આજ સુધીમાં છ ખંડોને ભોગવ્યા હતા. મારે એક ચક્રવર્તીનું નામ ભૂંસીને પોતાનું નામ લખવું પડયું, ત્યારે મને ખબર પડી કે હું જે પૃથ્વીને અભુક્ત-વણભોગવાયેલી સમજી રહ્યો હતો, ખરેખર તે એંઠ છે; હું અભુક્ત ભોગી નહીં, પણ ઉચ્છિષ્ટ ભોગી છું.

નામની અમરતાની નશ્વરતાનું જ્ઞાન પણ મને તે જ સમયે થયું. મેં વિચાર્યું - શું મારું નામ અહીં સદાય શાશ્વત લખેલું રહેશે?

'ના, કદીય નહીં; ભવિષ્યનો કોઈ ચક્રવતીં ઠીક આ જ રીતે આવશે અને મારું નામ ભૂંસીને પોતાનું નામ લખી જશે.

મા! હું ઉચ્છિષ્ટ ભોગી છું, એંઠનો ભોગવનારો છું.'

રાજમાતાએ દૃઢતાથી કહ્યું—

'ના, કદીય નહીં; મારો ભરત ઉચ્છિષ્ટ ભોગી ન હોઈ શકે.'

સમજાવતા થકા ભરત બોલ્યા–

'મા, ભાવુકતાને કારણે કાંઈ તથ્ય (સનાતન સત્ય) બદલાતાં નથી. મારા પ્રત્યેના પ્રેમથી પ્રભાવિત આપનું હૃદય આ સત્ય સ્વીકારવા તૈયાર નથી. (પરંતુ) સત્યાસત્યનો નિર્ણય હૃદયથી નહિ, બુદ્ધિથી-વિવેકથી થાય છે.'

'ભરતની માતા ભાવુક હોઈ શકે છે, પણ રાજમાતા નહીં. ઉચ્છિષ્ટ–એંઠની વ્યાખ્યા રાજમાતા સારી પેઠે જાણે છે.'

'શું તે વ્યાખ્યા ભરત પણ જાણી શકે છે?'

'કેમ નહીં? ઉચ્છિષ્ટ ભોગ (એંઠવાડ) ભીખમાં મળે છે, બાહુબળથી નહિ. ભરતને આ સામ્રાજ્ય કાંઈ ભીખમાં નથી મળ્યું, તેણે તો એ બાહુબળથી પ્રાપ્ત કર્યું છે; આથી એને ઉચ્છિષ્ટ (એંઠ) કહી શકાય નહિ.'

'ઉચ્છિષ્ટ ભોજન – એંઠવાડ માટે પણ પ્રાણીઓ લડતાં જોવા મળે છે. આખરે જે જીતે છે, એંઠવાડ–એંઠું ભોજન પણ તેને બાહુબળથી જ પ્રાપ્ત થાય છે.'

'નહીં, નહીં; આ તારા પુણ્યનો પ્રતાપ છે, પુણ્યનું ફળ છે.'

'એંઠું ભોજન પણ પુણ્ય વિના નથી મળતું. તે પણ સૌને આપમેળે ક્યાં પ્રાપ્ય હોય છે?'

'અરે, તું તો ચર્ચા-વિવાદમાં ઊતરી ગયો?'

'મા! વાત વિવાદની નથી, સત્ય સમજવાની છે. વળી આ મારા બાહુબળનું ફળ પણ છે તો નહિ, બાહુબળથી તો એને બાહુબલીએ મેળવ્યું હતું. આપના ન્યાયબળથી તો આ સામ્રાજ્ય એનું જ છે, બાહુબલીનું જ છે. ક્યાં તે સૌભાગ્યશાળી બાહુબલી, જેણે આ ભૂમિને જીતીને પણ તજી દીધી અને ક્યાં હું, જે તેની તજી દીધેલી ઉચ્છિષ્ટ–એંઠી ભૂમિનો ઉપભોગ કરવા તૈયાર છું?

'શું હજી પણ હું તમારી વ્યાખ્યા મુજબ ઉચ્છિષ્ટ–એંઠનો ભોગી નથી?'

'ધન્ય છે, ધન્ય છે; બેટા ! તારો વૈરાગ્ય ધન્ય છે. આ જગત તારી આ વૈરાગ્ય-પરિણતિને જોઈને જ્યાં સુધી પૃથ્વી પર ચંદ્ર અને સૂર્ય રહેશે ત્યાં સુધી તારી ઉજ્જ્વળ ધવલ કીર્તિ એમ કહીને ગાશે કે—

ભરતજી ઘર મેં હી વૈરાગી, વે તો અન્ન ધન સબકે ત્યાગી ॥ ટેક ॥
કોડ અઠારહ તુરંગ હૈં જાકે, કોડ ચૌરાસી પાગી।
લાખ ચૌરાસી ગજરથ સોહે, તો ભી ભયે નહિ રાગી ॥ ભરતજી ॥
તીન કરોડ ગોકુલ ઘર સોહૈં, એક કરોડ હલ સાજૈ।
નવ નિધિ રત્ન ચૌદહ ઘર જાકે, મન વાંછા સબ ભાગી ॥ ભરતજી–॥
ચાર કોડ મણુ નાજ ઉઠૈ નિત, લોણુ લાખ દશ લાગે।
કોડ થાલ કંચન મણિ સોહૈં, નાહીં ભયા સોઈ રાગી ॥ ભરતજી॥
જ્યોં જલ બીચ કમલ અન્તઃપુર, નાહિ ભયે વે રાગી।
ભવિજન હોય સોઈ ઉર ધારી, સોઇ પુરુષ બડભાગી ॥ ભરતજી ॥

'પરંતુ મા ! શું આ પણ સત્ય થશે ?'

'કેમ નહીં ?'

'શું આનું જ નામ વૈરાગ્ય છે ? શું ભરતનો આ વૈરાગ્ય બાહુબલી અને વૃષભસેન જેવા ઋષભપુત્રોના વૈરાગ્યની તુલનામાં ટકી શકે ? બતાવ મા, તું જ બતાવ ! તારી કૂખથી જન્મેલ વૃષભસેન શું આ ભરતથી ઓછો ભાગ્યશાળી અને વૈરાગી છે, કે જે પૂજ્ય પિતા શ્રી ભગવાન ઋષભદેવ પાસે દીક્ષા ગ્રહણ કરીને તેમના પ્રથમ ગણધરના પદે વિરાજે છે ?'

મા યશસ્વતી નન્દાના પુત્ર વૃષભસેન તેમજ સુનન્દાના પુત્ર બાહુબલીના સૌભાગ્ય અને વૈરાગ્યની તુલનામાં આ અભાગી ઉચ્છિષ્ટ ભોગી ભરત ક્યાંય ટકી શકે ખરો ?'

'બેટા........'

'મા, તારા ભરતનો રાગ ભલે તેના વશની વાત ન હોય; પરંતુ તેની શ્રદ્ધા, તેનાં જ્ઞાન-વિવેક ક્યારેય છેતરાઈ શકતાં નથી, ભરત ભલે આ ચક્રવતીંત્વને છોડી ન શકે, પરંતુ આમાં રહીને તે ગૌરવ અનુભવી શકતો નથી, આમાં રમી શકતો નથી.

ચક્રવર્તીત્વ ભરતનું ગૌરવ નહીં; લાચારી છે, લાચારી....'

## ૬

## પરિવર્તન

### (૧)

'પશુ કરતાં જો મનુષ્યને કંઈક વધુ સુવિધાઓ મળી છે, તો અસુવિધાઓ પણ કંઈ ઓછી નથી. જો પશુને વારસાગત સંપત્તિ પ્રાપ્ત કરવાની સુવિધા નથી તો સાથે જ તે પરંપરાઓની ગુલામીમાંથી પણ મુક્ત છે; પરંતુ આ સભ્ય કહેવડાવનારા માનવ જગતને જો વારસાના અધિકારમાં સંપત્તિ મળે છે તો સાથે જ પરંપરાગત રૂઢિઓની ગુલામી પણ વારસામાં પ્રાપ્ત થાય છે.

જ્યારે મેં ઉત્તરાધિકારમાં મળેલી પરંપરાગત સંપત્તિને જ ત્યાગી દીધી છે, એની સાથે કોઈ આસક્તિ રાખી નથી. તો પછી આ સંપ્રદાયગત બેડીઓમાં ક્યાં સુધી જકડાઈને રહીશ? પરમ સત્યની પ્રાપ્તિની સાથે જ એમને તોડીને ફેંકી દેવી જોઈતી હતી, પરંતુ સાથીઓનો પ્રેમ પણ કેટલો વિચિત્ર હોય છે કે મને હજી સુધી એમાં જકડી રાખેલ છે!

સંપ્રદાયમાં રહીને સંપ્રદાયના સાથીઓને સત્ય સમજાવવું સરળ હોવા છતાં પણ તેમનામાં ક્રાંતિકારી પરિવર્તન લાવવું શકય નથી–પક્ષનો મોહ પણ કે કેટલો જટિલ હોય છે! આ માર્ગ સાચો નથી-આ સ્વીકાર કરીને પણ આને છોડવાની કલ્પના પણ લોકોને આન્દોલિત કરી દે છે. વાડાનું બંધન અસહ્ય જણાયા પછી પણ વાડાની સીમાનું ઉલ્લંઘન કરવાની કલ્પના પણ સામાન્યજનોને કંપાવી દે છે.

સમુદાયની સાથે પરિવર્તનની કલ્પનામાં આટલા દિવસો વ્યર્થ જ

ગુમાવી દીધા. સત્યના આરાધક ક્રાન્તિકારીઓને સિંહવૃત્તિ જ શોભે છે. સાથીઓની કલ્પના એના શૌર્યને પ્રતિબંધિત કરે છે.

અનુયાયીઓ ક્યારેય પણ સાથ નથી આપતા, તેમનું કામ તો અનુસરણ કરવાનું જ હોય છે. મેં અનુયાયીઓને સાથી સમજી લીધા હતા. આ જ કારણે આટલા દિવસ પોતાની મરજી વિરુદ્ધ આમાં અટવાઈ રહ્યો. સાથી તો કોઈ છે જ નહિ; અનુયાયીઓની પરીક્ષા પણ ત્યારે જ થશે, જ્યારે હું મારા માર્ગ પર એકલો જ ચાલી નીકળીશ; જે સાચા અનુયાયી હશે, તેઓ આવશે જ.

મોહના આ સૂક્ષ્મ તંતુમાં પણ કેમ અટવાવું ? જેમને આવવું હોય તે આવે; ન આવવું હોય તે ન આવે; મને તેમનાથી શું ? હું તો પરથી ભિન્ન, નિરાળું ચેતન તત્ત્વ છું, મને પરથી શું ?

તો પછી આજે હું સહુને સ્પષ્ટ કહી જ દઉં. હા, પણ કહેવાની શી જરૂર છે? ફરી એ જ વાતો થશે કે કેટલાક દિવસ હજી થોભી જાઓ. પછી કાલ્પનિક મુશ્કેલીઓનું લાંબું-પહોળું વિવરણ આ બધું સાંભળી-સાંભળીને થાકી ગયો છું. મનુષ્ય જન્મની અમૂલ્ય ક્ષણો આમ જ ગુંચવાડામાં વીતી રહી છે. પણ હવે આ બોજો મારાથી વહન કરી શકાશે નહીં.

જ્યારે મારે કોઇનો સંગાથ જોઈતો જ નથી તો પછી કોઇને કાંઈ કહેવાનું પ્રયોજન જ ક્યાં રહે છે? આવતી કાલે મહાવીર જયંતી (વિ. સં. ૧૯૯૧) નો પવિત્ર અવસર છે અને સદ્દભાગ્યે આ ભગવાન પાર્શ્વનાથનું પુનિત ચિત્ર પણ ઉપલબ્ધ છે જ. બસ આના સામે આવતી કાલે આ મોંપરની પટ્ટીને ફેંકી દઇશ અને પોતાને દિગંબર જિનધર્માનુયાયી અવ્રતી શ્રાવક જાહેર કરી દઈશ.

જો લોકોને મનની વાત કહીશ, તો પહેલાં તો તેઓ તૈયાર જ નહીં થાય; જો તૈયાર થઈ જાય તો પણ પરિવર્તનના લાંબા-પહોળા કાર્યક્રમ બનાવવાની ભાંજગડમાં પડશે. આત્મધર્મ તો દર્શનની વસ્તુ છે, તેને પ્રદર્શનથી શું પ્રયોજન ?

આ સ્થાન પણ મારા આ વિચારોને અનુકૂળ – એકદમ સુમસામ, શાન્ત, એકાન્ત છે. લાગે છે પરિવર્તનના પાંચે સમવાય સમુપસ્થિત છે. ભાવનાની તીવ્રતા પણ આ બતાવે છે કે સમય પાકી ગયો છે. દ્રવ્ય--ક્ષેત્ર–કાળ–ભાવ–સહુની અનુકૂળતા પરિવર્તનના નિશ્ચિત ક્રમને પ્રગટ કરી રહી છે.'

કાઠિયાવાડના કોહિનુર – સ્થાનકવાસી સંપ્રદાયના પ્રભાવશાળી અધ્યાત્મપ્રવક્તા શ્રી કાનજી મુનિના અંતઃકરણમાં આજે સતત આ વિચાર-પ્રવાહ ઉમટી રહ્યો હતો, જેણે તેમને બ્રહ્મમુહૂર્ત સુધી એક પળ માટે પણ ઊંઘવા દીધા ન હતા.

જો કે આજે તેમની આંખો ક્ષણવાર માટે પણ મળી નહોતી; પરંતુ જાગરણનો થાક તેમના ચહેરા ઉપર જરા પણ નહોતો, બલ્કે જાગરણનું અદ્ભુત તેજ સ્પષ્ટ ઝળકતું હતું. તેમનો તેજસ્વી ચહેરો સ્પષ્ટ બતાવી રહ્યો હતો કે આજે કંઈક અદ્ભુત ઘટના ઘટી છે, અદ્ભુત ઘટના ઘટશે. પરંતુ ચહેરાની ભાષા વાંચતાં સૌ કોઈને થોડું આવડે છે; એના માટે તીક્ષ્ણ પ્રજ્ઞા અપેક્ષિત છે.

( ૨ )

વિચારોએ આકાર ગ્રહણ કર્યો અને 'કાનજી મુનિ' આધ્યાત્મિક સત્પુરૂષ 'શ્રી કાનજી સ્વામી' ના રૂપમાં પરિવર્તિત થઈ ગયા. પરિવર્તનના આ સમાચાર પેટ્રોલિયમ પદાર્થમાં લાગેલ આગની જેમ ઝડપી ગતિથી સમગ્ર કાઠિયાવાડમાં ફેલાયા ત્યારે સ્થાનકવાસી સંપ્રદાયમાં ખળભળાટ મચી ગયો.

નગર–નગરમાં, ગામે–ગામમાં, જ્યાં જુઓ ત્યાં આ જ ચર્ચા હતી. સામ–દામ–દંડ–ભેદથી ગમે તે રીતે, તેમને પાછા લાવવા માટે પ્રયત્નો શરૂ થઈ ગયા હતા. વાતાવરણ એકદમ ઉત્તેજિત થઈ ગયું હતું. તોફાની ઉત્તેજનાની લહેરો મર્યાદાની સીમાનું ઉલ્લંઘન કરવામાં તત્પર દેખાતી હતી.

લોકોના ટોળે–ટોળાં તેમની પાસે આવતાં, સમજાવતાં, મનાવતાં, ગભરાવતાં, ધમકાવતાં પણ; પરંતુ તેમના ઉપર કોઈ અસર ન થતી. કારણ કે તેઓ આ માર્ગ ઉપર વિચાર્યા વિના થોડા જ નીકળી પડયા

હતા. વર્ષોના વિચાર-મંથન પછી જાણી-જોઈને જ તેમણે આ અડગ કદમ ઉઠાવ્યાં હતાં. રહી વાત ધમકીઓની, તો ધમકીઓ તો મહાપુરુષોના નિશ્ચયને વધુ દૃઢ બનાવી દે છે. તેઓ તો હથેળી ઉપર પ્રાણ મૂકીને નીકળ્યા હતા, તેમને કોણ વિચલિત કરી શકવાનું હતું ?

(૩)

શક્તિસંપન્ન તેમજ પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું મંડળ તેમની પાસે પહોંચ્યું. તેમાં તે બધા જ પ્રકારના લોકો હતા, જે તેમને કોઈ પણ રૂપથી પ્રભાવિત કરી શકે તેમ હતા, વિચલિત કરી શકે તેમ હતા. જો મનાવનારા હતા, તો ડરાવનારા પણ હતા; વિનમ્ર હતા, તો અક્કડ પણ હતા; નરમ-ગરમ બધા હતા.

એમાંથી એક બોલ્યો—' આ આપે ઉચિત ન કર્યું, આનું પરિણામ સારું નહીં આવે.'

શાન્તભાવથી સ્વામીજીએ ઉત્તર આપ્યો—

' ઉચિત શું છે અને શું નથી—આ હું સારી રીતે જાણું છું; રહી વાત પરિણામની, તો પરિણામથી પણ હું અપરિચિત નથી. જે પરિણામની તમે વાત કરી રહ્યા છો એની તો મેં ક્યારેય ચિંતા કરી નથી; પરંતુ હું જે કરી રહ્યો છું એના પરિણામમાં તો અનંત સંસારનો અભાવ જ થવાનો છે. મારો આ ભવ, ભવનો અભાવ કરવા માટે છે, કોઈ પક્ષ કે સંપ્રદાયના પોષણ માટે નથી.

તો વ્યંગ કરતો બીજો બોલ્યો—

' ભવનો અભાવ તો થશે જ કારણકે આ ભવ (શરીર) રોટલા વિના તો ચાલવાનો જ નથી.'

' મેં ઘર રોટલા માટે નહોતું છોડયું. કાંઈ નહીં તો તમને આ બતાવવાની આવશ્યકતા નથી કે મારા ઘરમાં રોટલાની કોઈ ઉણપ નહોતી. રોટલાની ચિંતા કરનારા ઘર છોડયા કરતા નથી. તમે રોટલાની વાત કરો છો; પણ જે ચિંતામણી મને પ્રાપ્ત થયો છે એના માટે હું સંપ્રદાય તેમજ તેનું ગુરુપદ તો શું, ચક્રવર્તીની સંપત્તિ તેમજ

તીર્થંકર જેવું ગુરુપદ પણ તણખલાની જેમ ત્યાગી શકું છું. મને અશરીરી થવાનો માર્ગ મળ્યો છે, હવે હું આ શરીરની શું ચિંતા કરું?'

તો ધમકી આપતો ત્રીજો બોલ્યો—

'અમે બધું જોઈ લઈશું, પેટ વાતોથી ભરાતું નથી. જોઈએ છીએ કોણ આવે છે આપની પાસે? અમે અમારા સંપ્રદાયને આ રીતે વિખરાવા નહિ દઈએ.'

સ્વામીજીના ગંભીર વ્યક્તિત્વને આ પ્રકારની ભાષા સાંભળવાની ટેવ જ નહોતી, કારણ કે આજ સુધી તો તેમને પ્રશંસા અને સ્તુતિઓ જ સાંભળી હતી. તેથી તેમની ગંભીરતાએ ઉપેક્ષામય મૌન ધારણ કર્યું અને તેઓ સમયસારના પાનાં ઉલટાવતા થકા તેના સ્વાધ્યાયમાં તન્મય થઈ ગયા.

વાત સમાપ્ત થતી જોઈને નમ્રતાના શસ્ત્રથી સુસજ્જિત ચોથો બોલવા લાગ્યો—

'ના, મહારાજ! આ લોકો તો કાંઈ સમજતા નથી; મન ફાવે તેમ બકે છે. એમની વાતો મનમાં ન લાવશો. આપના સંપ્રદાય છોડવાના સમાચારે એમને આકુળ-વ્યાકુળ કરી દીધા છે, તેથી તેઓ સાન-ભાન ખોઈ બેઠા છે. એમની વાતોથી ખોટું ના લગાડશો. આપ જે કાંઈ કહેશો, અમે સૌ તે જ કરીશું. આપ સમયસાર ખુશીથી વાંચો, અમને પણ સંભળાવો; અમે પણ સાંભળીશું, સમજીશું પણ; પરંતુ આપ આ મોં પરની પટ્ટી ઉતારો નહીં. બાકી વસ્ત્ર તો આપે હજી પણ એવાં જ રાખ્યાં છે, બસ વાત એક નાની-શી મુખપટ્ટીની જ તો છે.'

વિનયી ભાષા તેમજ ગદ્‌ગદ્ સ્વરથી કરુણાસાગર સ્વામીજી પીગળી ગયા અને કહેવા લાગ્યા—

'ભાઈ! વાત નાની નથી, ખૂબ જ મોટી છે. આ ગૃહીત મિથ્યાત્વનું પ્રતીક છે. જો સત્ય સમજવું હોય, આ ભવમાં ભવનો અભાવ કરવો હોય તો તમારે પણ આનો આગ્રહ છોડવો પડશે. વાત માત્ર મુખપટ્ટીની જ નથી, એના પાછળ રહેલી મિથ્યા માન્યતાની છે.'

પ્રસન્ન થતો પાંચમો બોલ્યો—

'સાચું છે મહારાજ! સાચું છે; આ જ વિનંતિ તો અમે કરી રહ્યા છીએ કે આપ માન્યતા છોડી દો, પટ્ટી મુખ પર રહેવા દો. આ જ એક માર્ગ છે, જેમાં લાકડી પણ તૂટશે નહીં અને સાપ પણ મરી જશે.'

અત્યંત દૃઢ શબ્દોમાં સ્વામીજીએ કહ્યું—

'આવો કોઈ માર્ગ છે જ નહીં, માન્યતા છૂટયા પછી અપરિમિત સમય સુધી મુખપટ્ટીનું મુખ પર રહેવું સંભવ જ નથી. વાસ્તવિકતા જ આ છે. આમાં કોઈ શું કરી શકે? મારાથી હવે આ છળ-પ્રપંચ નહીં થાય. જેને હું મનથી યોગ્ય નથી માનતો, સાચી નથી સમજતો તેનો ભાર હવે મારાથી વહન કરી શકાશે નહીં. મારાથી જ શું, કોઈ પણ જ્ઞાનીથી આ બધું સંભવી શકશે નહીં.'

તેમના દૃઢ નિશ્ચયને જાણીને છઠ્ઠો બોલ્યો—

'ગમે તે થાય આપણે તો આપણા સંપ્રદાયની રક્ષા કરવી જ પડશે.'

ઉપેક્ષા ભાવથી સ્વામીજી કહેવા લાગ્યા—

'હા, હા; જાઓ. તમે તમારો સંપ્રદાય સંભાળો અને મને મારો આત્મા સંભાળવા દો.'

તેમના અટલ નિશ્ચય તેમજ નિર્ભય ઉપેક્ષાથી ઉદ્વિગ્ન સૌ એક સાથે બોલ્યા – 'શું આપનો આ નિશ્ચય અડગ છે?'

સ્વામીજીના મુખમાંથી સહજપણે જ સ્ફુટિત થયું—

'અડગ, અડગ, અડગ........'

# ૭

## જરા જેટલો અવિવેક

### (૧)

શેઠ ધનપતરાય અને પંડિત સુમતિચન્દની મિત્રતા લોકોની ઈર્ષ્યાનો વિષય બની હતી. ન શેઠ ધનપતરાયને પંડિત સુમતિચન્દ વિના ચૈન પડતું, ન પંડિત સુમતિચન્દને શેઠ ધનપતરાય વિના ગોઠતું. હમણાં તો બન્ને ય જાણે રીટાયર્ડ-નિવૃત્ત જ થઈ ગયેલા સમજો; પરંતુ જ્યારે તેમના કામ કરવાના દિવસો હતા ત્યારે પણ તેઓ બન્ને મહિનામાં પંદર દિવસ તો એક સાથે જ ભોજન કરતા. શેઠજીને ત્યાં પંડિતજીએ ભોજન કર્યું કે પંડિતજીને ત્યાં શેઠજીએ – આ વાતથી કાંઈ ફરક નહોતો; બંનેનું એક સાથે ભોજન થવું એ અવશ્ય મહત્ત્વની વસ્તુ હતી; અને એ બધું સહજ જ ચાલ્યા કરતું હતું, એમાં આમંત્રણ-નિમંત્રણ દેવા-લેવાની કોઈ ઔપચારિકતા ન હતી. હા, શેઠાણી અને પંડિતાણીને એ વાતની ફરિયાદ જીવનભર રહ્યા કરતી કે – ઘેર ભોજન નહોતું કરવું તો, કાંઈ નહિ તો ખબર તો દેવી હતી, જેથી અમે તો રાહ જોઈ ભૂખ્યાં ન બેસી રહેત. પરંતુ તેમની પણ લાચારી હતી; કેમકે પહેલેથી કાંઈ નિશ્ચિત હોય તો કાંઈ સૂચના દઈ શકાય ને !

જો શેઠજી પોતાને ઘેર ન હોય તો સમજવું કે નક્કી પંડિતજીને ઘેર હશે. એમાં કોઈને કાંઈ પૂછવાની જરૂર ન પડે એમ ચોક્કસ જ માનવું. આ જ હકીકત પંડિતજીના સંબંધમાં પણ સો ટકા સત્યાર્થ હતી; જો તે પોતાને ઘેર ન મળે તો શેઠજીને ઘેર જ મળે. એમને શોધવા માટે બીજે ક્યાંય ભટકવાની જરૂરિયાત આજ સુધી કોઈને ઊભી થઈ નહોતી.

તે બન્નેની મિત્રતા તેમના કુટુંબો માટે ભલે ગમે તેવી નીવડી હો,

પરંતુ સમાજ માટે તો તે વરદાન હતી. પંડિતજી અને શેઠજીની પ્રતિષ્ઠા મળીને સમાજના બહુમતને પોતાનામાં સમાવી લેવા પર્યાપ્ત હતી. સમાજના હિતને માટે જે કાંઈ નિર્ણય આ જુગલ-જોડી કરતી તેનો અમલ થવામાં વાર ન લાગતી. કોઈ પણ સત્કાર્ય કરવાના નિર્ણય પર પહોંચવામાં તેમને ક્યારેય કોઈ મુશ્કેલી પડી નથી. ચર્ચા માટે ચર્ચા તેમનામાં ક્યારેય થતી જ ન હતી, બસ શેઠજીએ કહ્યું ને પંડિતજીએ સ્વીકારી લીધું અથવા પંડિતજીએ કહ્યું ને શેઠજીએ માની લીધું.

(૨)

અત્યાર સુધી બધું જ બરાબર ચાલ્યા કર્યું; પરંતુ જ્યારે એક દિવસ પંડિતજી પોતાના નિશ્ચિત સમયે શેઠજીના ઘેર પહોંચ્યા અને કમાડ ખખડાવ્યાં તો થોડી વાર સુધી કોઈ બારણું ખોલવા આવ્યું નહિ. અંદર કોઈ નહોતું એમ વાત ન હતી; કેમકે અંદરથી જોર-જોરથી વાતો કરવાના અવાજ સતત સંભળાઈ રહ્યા હતા, જાણે કોઈ ઝઘડો થઈ રહ્યો હોય. શકય છે કે આ જ કારણે કોઈનું ધ્યાન બારણાના ખખડાટ તરફ ન ગયું હોય.

પંડિતજી થોડી વાર ઊભા રહ્યા, પછી તેમનું ધ્યાન અંદરથી આવી રહેલા અવાજોએ ખેંચ્યું. તો તેઓ શું સાંભળે છે ?–કે શેઠ ધનપતરાય પોતે બહુ મોટેથી ઘરવાળાંઓને ધમકાવી રહ્યા છે. તેઓ કહી કહી રહ્યા છે કે– જો કોઈએ ફરીવાર આ પ્રકારની વાત કરી તો મારાથી કોઈ બુરો નહિ હોય. શું તમે નથી જાણતાં કે મારે અને પંડિતજીને કેવો સંબંધ છે ? હું અને તે–શરીર બે અને આત્મા એક છે.

પંડિતજીએ જ્યારે પોતાનું નામ સાંભળ્યું તો એમની ઉત્સુકતા વધી. તે વિચારવા લાગ્યા કે ચર્ચા તો મારા વિશે જ થઈ રહી છે. આજે શેઠજીને તેમનાં ઘરવાળાંઓને મારા અને તેમના ગાઢ સંબંધો બતાવવાની શી જરૂર આવી પડી ? શું ઘરવાળાંઓ મારા અને તેમના સંબંધો વિશે જાણતાં નથી ? કાંઈક ને કાંઈક વિશેષ વાત અવશ્ય છે. આમ વિચારીને તેમણે કમાડ ખખડાવવાનું બંધ કરીને અંદરની વાતચીત તરફ વિશેષ

ધ્યાન આપ્યું. કાન માંડીને તેઓ બાઈઓની ગુસપુસ વાતો સાંભળવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

પૂરી વાત તો કાંઈ સમજાઈ નહિ, પણ એ અનુમાન અવશ્ય થયું કે કાંઈક ખોવાઈ ગયું છે, જેના સંદર્ભમાં એમનું નામ આવવાથી શેઠજી એકદમ લાલચોળ થઈ ગયા છે. આવી સ્થિતિમાં તેમને પાછા વળવાનું જ ઉચિત લાગ્યું.

ઘરવાળાંઓએ કમાડનો ખખડાટ સાંભળ્યો જ નહોતો એમ વાત ન હતી. સાંભળ્યો તો હતો, પરંતુ વાતાવરણની ઉત્તેજનાને લીધે તે તરફ કોઈએ લક્ષ નહોતું આપ્યું. શેઠજી પણ એમ ઈચ્છતા હતા કે કાંઈક વાતાવરણ સામાન્ય થઈ જાય એટલે કમાડ ઉઘાડું, કારણકે તેમને સંભાવના આ જ હતી કે પંડિતજી જ પધાર્યા હશે. જ્યારે તેઓ થોડા શાન્ત થયા તો આવીને તેમણે જ કમાડ ઉઘડયાં, પણ ત્યાં કોઇ ન હતું; તેથી તેઓ પંડિતજીના ઘર તરફ ચાલી નીકળ્યા.

( ૩ )

પંડિતજી ત્યાંથી પાછા તો વળ્યા હતા, પણ ઘેર નહોતા ગયા. ખિન્ન મને થોડી વાર અહીં-તહીં ભટક્તા રહ્યા; પરંતુ જયારે શાંતચિત્ત થયા તો તેમણે વિચાર્યું કે હવે શેઠજીને ત્યાં જવું જોઈએ, કેમકે દરરોજ હું આ સમયે એમને ઘેર જતો જ હતો, આજ નહિ જવાથી જે સંદેહનું બીજ પડી ગયું છે તેને અંકુર આવતાં વાર નહિ લાગે; તેથી તે શેઠજીને ઘેર પહોંચ્યા, પરંતુ ત્યાં શેઠજી તો હતા નહિ. પૂછવાથી ખબર પડી કે હમણાં-હમણાં જ બહાર ગયા છે, શકય છે કે આપના ઘેર જ ગયા હોય.

એમના મનની જેમ ઘરનું વાતાવરણ પણ એમને ઉદાસ-ઉદાસ લાગ્યું; પરંતુ તેઓ શેઠજીની વાટ જોતા ત્યાં જ બેસી રહ્યા. શેઠાણી તેમની પાસે આવીને બેઠાં કે તરત જ તેમની સૂજેલી જેવી આંખો જોઈને પંડિતજીએ પૂછયું—

'કેમ, શું વાત છે? શું તબિયત સારી નથી?'

'તબિયત તો સારી જ છે, પણ....'

'પણ શું?'

'ન જાણે એમને શું થઈ ગયું છે કે નાની-નાની વાત પર ક્રોધાવેશમાં આવી ભાન ભૂલી જાય છે.'

'તો આજે શું કાંઈ બોલાચાલી થવા પામી છે?'

'બોલાચાલી; બોલાચાલી થઈ હોત તો શું વાત હતી? મારા મોંઢેથી સ્હેજ બોલાઈ ગયું કે બસ આવેશમાં આવી ગયા. જે મનમાં આવ્યું તે બોલ્યા. મેં પણ ખૂબ સહન કર્યું છે, પરંતુ હવે સહન થતું નથી....'

કહેતાં-કહેતાં તે રડી પડયાં, તો સાંત્વન દેતાં પંડિતજીએ કહ્યું-

'વાત શું હતી?'

'કાંઈ નહિ, બસ એટલી જ વાત હતી કે ગઈકાલે મોટાભાઈનો નાનો બાબો અહીં રમતો હતો. એના એક હાથનું સોનાનું કડું કોણ જાણે કયાં ગુમ થઈ ગયું. અમે એને જ શોધી રહ્યાં હતાં. ભાઈએ પૂછયું કે ઘેર કોણ કોણ આવ્યું હતું, તો મારા કાળમુખેથી નીકળી ગયું કે પંડિતજી સિવાય કોઈ બીજું આવ્યું નહોતું. પછી તો પૂછવું જ શું? એમનો પારો આસમાને ચઢી ગયો. ન જાણે શું-નું શું બકવા લાગ્યા. હું તો ચૂપ થઈ ગઈ, નહીં તો ન જાણે આજે શુંય થઈ જાત?

મેં આપના ઉપર ચોરીનો આરોપ થોડો લગાવ્યો હતો? હું શું જાણતી નથી કે હું આપનું નામ લઈશ તો આ મારી ચામડી ચીરીને મીઠું ભરી દેશે? પણ જ્યારે ભાઈએ પૂછયું તો મારા મોઢેથી સહજ નીકળી ગયું. હું ન પણ કહેતી તો શું આ વાતની ખબર ન પડી હોત? દુનિયા તો અવશ્ય કહેત જ. મારું મોઢું બંધ કરી દે, પણ લોકોનું મોં કેવી રીતે બંધ કરાય?

(૪)

ન જાણે મોડે સુધી શેઠાણી શું ને શું કહેતાં રહ્યાં. મૂળ વાત

કાને પડતાં જ પંડિતજીનું માથું ભમવા-ચકરાવા લાગ્યું, તેથી વધારે તેઓ કાંઈ પણ સાંભળી શકયા નહિ. કમાડ ખખડાવતી વેળા દરવાજા પર જે કાંઈ તેમણે સાંભળ્યું હતું એનો બધો જ સંદર્ભ સ્પષ્ટ થઈ ગયો.

શેઠાણી બોલતાં બંધ થયાં અને પંડિતજી જ્યારે ભાનમાં આવ્યા તો તેમણે સ્વસ્થ થઈ કહ્યું—

કડું એક જ ખોવાયું છે કે બન્ને?'

'બસ એક, બીજું તો....'

કહેતાં કહેતાં શેઠાણી કડું લેવા અંદર ચાલ્યાં ગયાં. લાવીને પંડિતજીને બતાવીને કહેવા લાગ્યાં—

'ગયા વર્ષે જ બનાવ્યાં છે – ચાર તોલાનાં બે કડાં. આપણી બાજુ-વાળા સોનીએ તો તે બનાવ્યાં છે. આવી ડીઝાઈન તો માત્ર એ જ સોની બનાવી શકે છે. બીજાઓ પાસે તો અમે કદી બનાવડાવતાં જ નથી.'

એમની જીભ સડસડાટ બોલ્યે જતી હતી. પંડિતજીએ તે કડું હાથમાં લઈને બરાબર ધ્યાનથી જોયું અને એમ કહીને ચાલી નીકળ્યા—

'લાગે છે કે શેઠજી મારે જ ઘેર ગયા હશે.'

(૫)

શેઠજી જ્યારે પંડિતજીના ઘેર પહોંચ્યા તો ખબર પડી કે તેઓ તો પોતાને ઘેર જ ગયા છે. આ જાણકારીથી શેઠજીને એ સમજતાં વાર ન લાગી કે સવારે કમાડ ખખડાવનારા પંડિતજી જ હતા, બીજું કોઈ નહીં. તેથી તેઓ ઘણા વખત સુધી પંડિતજીને અહીં-તહીં શોધતા રહ્યા, પરંતુ જ્યારે તેઓ કયાંય મળ્યા નહિ તો થાકીને ઘરે પહોંચ્યા, જેમ કોઈ સ્મશાનથી પોતાના સગા-સંબંધીને ડાઘ થઈને પાછો ફર્યો હોય.

(૬)

આજનો દિવસ બન્ને મિત્રો માટે જીવનનો સૌથી વધારે અશુભ દિવસ સાબિત થયો. બે-ત્રણ દિવસ એમ જ નીકળી ગયા, તે બન્ને એકબીજાને મળ્યા જ નહિ. બન્ને ઘરોના વાતાવરણ ઉપર પણ ગમગીનીની

કારમી છાયા છવાઈ રહી.

ચોથે દિવસે પંડિતજી શેઠજીના ઘેર પહોંચ્યા અને કડું આપતાં શેઠજીને કહેવા લાગ્યા—

'આ કડું મારા કોટના ખિસામાંથી નીકળ્યું છે. લાગે છે બાબો જ્યારે મારી પાસે રમી રહ્યો હતો ત્યારે એણે મારા ખીસામાં હાથ નાખ્યો હશે અને એમાં જ પડી ગયું હશે. આ કડું આપ શેઠાણીને આપી દો, જેથી એમને સંતોષ થાય અને ગૃહ-ક્લેશ સમાપ્ત થઈ જાય.'

(૭)

શેઠજી કડું દેખીને અને તેમની વાત સાંભળીને એકદમ અવાક્ થઈ ગયા. એમણે કલ્પના પણ નહોતી કરી કે આવું પણ બની શકે. એમનું મન આ વાતનો વિશ્વાસ કરવા બીલકુલ તૈયાર ન હતું. એમનું માથું ભમવા લાગ્યું. તેઓ વિચારી રહ્યા હતા કે શું આ બધું સત્ય છે કે પછી હું સ્વપ્ન જોઇ રહ્યો છું. તેઓ મનોમન ભગવાનને પ્રાર્થના કરી રહ્યા હતા કે આ બધું સ્વપ્ન જ સાબિત થાય, સત્ય નહિ. તેમને કડું મળ્યાની રંચમાત્ર પણ ખુશી નહોતી; બલ્કે એક એવો મિત્ર ગુમાવ્યાની અસહ્ય વેદના થઈ રહી હતી, જેના સામે ચક્રવર્તીનો વૈભવ પણ તુચ્છ હતો. આ આઘાત એમને માટે એટલો તીવ્ર હતો કે એને તેઓ સહન કરી શકે તેમ નહોતા. ઠીક જ થયું કે તેઓ એકદમ બેભાન થઇ ને ઢળી પડયા.

પંડિતજી પણ આવી સ્થિતિનો મુકાબલો કરવામાં અસમર્થ બની રહ્યા હતા, પરંતુ શેઠજીના બેભાન થવાથી એમનો માર્ગ મોકળો થઈ ગયો અને તેઓ ત્યાંથી ઊઠીને તત્કાલ નીચી ગરદન કરી ભારે હૃદયે પોતાના ઘર તરફ ચાલી નીકળ્યા. એમને મનમાં શંકા હતી કે શેઠજીના ભાનમાં આવ્યા પછી કાંઈક અઘટિત પણ ઘટવા પામે.

જોકે આ સ્થિતિમાં શેઠજીને છોડી જવાની તેઓ કલ્પના પણ કરી શકે તેમ નહોતા, પરંતુ જાગૃત વિવેકે તેમને આ માટે લાચાર કરી દીધા હતા.

( ૮ )

બન્નેનું જીવન હમણાં પણ વીતી રહ્યું હતું, પરંતુ એમના જીવનમાં હવે કોઈ રસ રહ્યો ન હતો. બન્ને પોતાની જીવતી લાશોનો નિરંતર ભાર ઉપાડીને જીવન વીતાવી રહ્યા હતા. જીવનનો આનંદ અને ઉત્સાહ ન જાણે ક્યાં ચાલી ગયાં હતાં? ગઈ કાલ સુધી તેઓ પોતાને વૃદ્ધ માનવાને તૈયાર જ નહોતા. પણ ન જાણે એક જ દિવસમાં તેઓ કેટલા વૃદ્ધ થઈ ગયા હતા. હવે જિંદગી તેમને ભારરૂપ લાગવા માંડી હતી. ભગવાનને જલદીથી ઉપાડી લેવાની પ્રાર્થનાઓ એમના દૈનિક જીવનનું અંગ બની ચૂકી હતી.

ઘર-બાર, દેશ-કાળ બધુંય એનું એ જ હતું અને એ જ રીતે ચાલતું હતું, પરંતુ. સામાજિક પ્રક્રિયાઓ (પ્રવૃત્તિઓ) પર તો માનો વજ્રપાત જ પડી ગયો હતો. બધું જ ત્યાં ને ત્યાં જ ઠરીઠામ થઈ ગયું હતું. હવે ન મંદિરોમાં એવી સ્વચ્છતા જોવા મળતી હતી જે એમના સમયમાં જોવામાં આવતી હતી; અને ન પાઠશાળાની અને ઔષધાલયની કોઈ સંભાળ લેનારું હતું. ધાર્મિક પર્વો જેવાં આવતાં તેવાં જ વીતી જતાં; સમાજમાં કોઈ ઉત્સાહનું-ઉલ્લાસનું વાતાવરણ જોવા ન મળતું; એમના દ્વારા જે તાજગી ને પ્રેરણા આજ સુધી પ્રાપ્ત થતાં, ન જાણે હવે તે કેમ પ્રાપ્ત થઈ શકતાં ન હતાં?'

શેઠજીની માનસિક સ્થિતિ જોઈને ઘરવાળાં જો કે તેમને કાંઈ કહેતાં ન હતાં, છતાં અંદરો અંદર ગુસપુસ અવશ્ય કરતાં, જે ક્યારેક શેઠજીના કાન સુધી પણ પહોંચતી.

કોઈ કહેતું-'મોટા પંડિત કહેવાયા, પણ મન પર અંકુશ ન હતો.'

બીજો કટાક્ષમાં કહેવા લાગ્યો-'ના, ભાઈ વાત એમ નથી. તેઓ કાંઇ જાણી-બુઝીને થોડું જ લઇ ગયા'તા કડું, એ તો એમના ખિસામાં બચ્ચાએ પોતે નાખી દીધું હતું, બિચારાને જ્યારે ખબર પડી કે તત્કાળ આપી ગયા, નહીં તો....'

આમ કહેતાં કહેતાં જ્યારે અટ્ટહાસ્ય થતું અને ઘરનાં બધાં તેમાં

સૂર પૂરાવતાં તો શેઠજીને જાણે પગ તળેથી ધરતી સરકતી હોય તેમ લાગતું.

વળી પાછું કોઇ કહેતું— 'જુઓ, કેવી બનાવટ કરી; એમનામાં બનાવટ કરવાની પણ અક્કલ નથી, અને બન્યા છે મોટા પંડિતરાજ! એ પણ ન વિચાર્યું કે આ વાત પર કોઈ વિશ્વાસ કરશે શું?'

બીજો કહેવા લાગ્યો— 'શું કરે? જ્યારે જોયું કે પચે તેમ નથી તો પરત તો કરવાનું જ હતું, નહિતર શું જેલની હવા ન ખાવી પડત?'

ત્રીજો બોલ્યો— 'હવા તો દીધા પછી પણ આપણે ખવડાવી શકતાં હતા, પરંતુ પિતાજીની બીક લાગતી હતી, નહિતર પૂરી પંડિતાઈ કાઢી નાખત.'

ટાટૂકીને ચોથો બોલ્યો–'પિતાજીએ તો એમને માથે ચઢાવી રાખ્યા હતા. ભગવાન માનતા હતા ભગવાન! કાંઈ કહીએ તો એમની સામે જ અમને એવા ઝાટકી કાઢતા, જાણે અમે કાંઇ સમજતા જ ન હોઈએ. અમે તો ચૂપ થઈ જતા હતા, નહિતર......'

એની વાત પૂરી ન થઈને બીજો બોલી ઉઠયો—

'એમણે આમની પર કોઈ જાદુ કરી રાખ્યો 'તો જાદુ, નહીં તો તેમની પાછળ પાછળ પાગલની જેમ કેમ ડોલતા રહે! હવે મૌન સાધી લીધું છે.'

(૯)

આ વાતો ધીરે-ધીરે આખા ગામમાં ફેલાઇ ગઈ હતી; તેથી જ્યાં જુઓ ત્યાં આ પ્રકારની ગુસપુસ ચાલ્યા કરતી હતી. આ કારણથી શેઠજી અને પંડિતજીનું જીવવું ખૂબ મુશ્કેલ બની ગયું હતું.

આ બધી વાતો સાંભળીને શેઠજીનું લોહી ઉકળી ઉઠયું હતું; પરંતુ તેમને કોઇ માર્ગ સૂઝતો ન હતો. જો તેમને પણ પંડિતજી પર ગુસ્સો આવ્યો હોત તો આ મંડળી સાથે તેઓ પણ ભળી જાત; પરંતુ શું કરે? તેમનું મન માનતું જ નહોતું. તેમણે મન મજબુત કરીને એક વાર પંડિતજીને એકાંતમાં મળવાનો નિશ્ચય કર્યો.

પંડિતજીની હાલત તો શેઠજી કરતાં બદતર હતી, કેમકે ચોરી તો

તેમની જ પકડાઈ હતી; પરંતુ તેમની પાસે જીવન જીવવા માટે પંડિતાઈનો સહારો હતો; એથી તેમણે સાહિત્યને પોતાના જીવનનું અંગ બનાવી લીધું, શાસ્ત્રમય જીવન બનાવી લીધું. જો કે તેમને બહુ આકરો આઘાત પહોંચ્યો હતો, છતાં પણ આ ઘટનાથી તેમને એક લાભ પણ થઈ ગયો. હવે તેમનો સમય બહારના કામોમાં, વ્યર્થ વ્યવહારોને નિભાવવામાં બરબાદ થતો નહોતો; અધ્યયન-મનન માટે માનો તેમને આ શુભ અવસર પ્રાપ્ત થયો હતો, અન્યથા તેમના સ્વભાવ અનુસાર તેમને જીવનભર નવરાશ મળી ન હોત.

તેમનાં ઘરવાળાં તેમને આ સંબંધમાં તેમને પૂછી-પૂછીને થાકી ગયાં હતાં; પરંતુ તેઓ એક જ વાત કહેતા કે જે તેમણે શેઠજીને કહી હતી. આ વાત પર લોકોને વિશ્વાસ બેસતો નહોતો અને ન એ વાત પર બેસતો કે તેમણે ચોરી કરી હતી. દર્દને બેઈલાજ જાણીને તેઓ પણ આ બાબતે ઉદાસ થઈ ગયાં હતાં.

(૧૦)

જ્યારે શેઠજી એક દિવસ અચાનક એમના ત્યાં પહોંચ્યા તો તેઓ બન્ને એકબીજાને સારી પેઠે ઓળખી જ ન શકયા; કારણકે તેઓ બન્નેય થોડાક જ મહિનામાં લગભગ અડધા થઈ ગયા હતા. એકબીજાને ન ઓળખી શકવાનું કોઈ આશ્ચર્ય બન્નેને ન થયું, થવું પણ જોઈતું નહોતું. જ્યારે તેઓ વર્ષોથી એક સાથે રહ્યા છતાં એકબીજાને સાચા રૂપમાં જાણી ન શકયા; જાણી ગયા હોત તો આજે સત્ય જાણવા માટે શેઠજીને તેમની પાસે કેમ આવવું પડ્યું હોત? જ્યારે તેમને તેમનાં ઘરવાળાં જ ન ઓળખી શકયાં તો બીજા લોકો કેવી રીતે ઓળખતા? જાણવું સહેલું છે, પણ ઓળખવું નહિ; કેમકે ઓળખવામાં જે ઊંડપ છે તે જાણવામાં કયાં?

જે હોય તે, શેઠજીએ બહુ ફેરવી-ફેરવીને વારંવાર પૂછ્યું, પરંતુ પંડિતજી પાસેથી એથી અધિક કાંઇ પણ કઢાવી શકયા નહિ, જેટલું એમણે તેમના ઘેર જઇને કડું આપતાં બતાવ્યું હતું. પંડિતજી માનો પથ્થર

બની ગયા હતા. એમણે વિચિત્રતાઓના વિષયમાં શાસ્ત્રોમાં ઘણું વાંચ્યું હતું, પરંતુ જીવનમાં એનો સાક્ષાત્ અનુભવ તો હવે થતો હતો.

(૧૧)

આ ઘટના શિયાળાના આરંભમાં જ બની હતી. પરંતુ મહા મહિનાની કડકડતી ઠંડી વાતાવરણને એટલું ઠંડું ન બનાવી શકી, જેટલું સામાજિક વાતાવરણ આ ઘટનાએ બનાવી દીધું હતું. જાણે સમગ્ર પંચાયત જ ભાંગી પડી હતી. ન હવે કોઈ અનાથોને સાંભળવાવાળું હતું કે ન દુખિયારી વિધવાઓની સમસ્યાઓનું સમાધાન કરવાવાળું હતું. સામાજિક કાર્યક્રમરૂપ પાક પર જાણે હિમ પડી ગયું હતું.

સમય આમ જ પસાર થઈ રહ્યો હતો. શિયાળા પછી ગ્રીષ્મ ઋતુ પણ આવી. જે વૃક્ષનાં મૂળ કપાઈ ગયાં હોય એ તો શિયાળામાં જ સૂકાવા માંડે છે; પછી ઉનાળામાં તો કહેવું જ શું ? ચોમાસું જ એક એવી ઋતુ છે જે એને સહારો આપી શકે છે.

જેમ-તેમ કરીને ઉનાળો પણ પૂરો થયો, અને સંપૂર્ણ જગતના તન-મનને ઠંડક પહોંચાડવાવાળી વર્ષા પણ આવી પહોંચી. તરસી ધરતીની તરસ મટી, તો એનું કલેવર રોમાંચિત થઈ ઊઠયું; ઠેકઠેકાણે ઘાસના અંકુર ફૂટી નીકળ્યા. ઘેર-ઘેર નીકો સાફ થવા લાગી. આઠ મહિનાથી અવાવર પડેલી નીકોમાં એટલો બધો કચરો ભરાઈ ગયો હતો કે પાણી નીકળવાનો કોઈ અવકાશ જ રહ્યો નહોતો; તેથી તેમની સફાઈ આવશ્યક જ નહિ, અનિવાર્ય થઈ ગઈ હતી; નહીંતર ઘરોમાં પાણી ભરાઈ જવાનો પૂરો ભય હતો.

શેઠ ધનપતરાયના ઘરની નીકો પણ સાફ થવા લાગી. ઝરમર ઝરમર વરસાદ પડી રહ્યો હતો, બાળકો એમાં નહાવાનો આનંદ માણી રહ્યાં હતાં. વાતાવરણ એવું સોહામણું હતું કે વૃદ્ધો પણ જાણે બાળક બની રહ્યાં હતાં. તેઓ પણ 'નીકો બરાબર સાફ થઈ રહી છે કે પછી નોકર-ચાકરો વેઠ ઉતારી રહ્યાં છે' – એ જોવાના બહાને ફેરાંનો આનંદ માણવા બહાર નીકળી આવ્યાં હતાં, પરંતુ આ મનોરમ વાતાવરણ શેઠ ધનપત-

રાયના વિષાદને દૂર કરવા અસમર્થ રહ્યું. તેઓ પોતાના ઓરડામાં જ કાંઈક ગણુ-ગણી રહ્યા હતા. કહી શકાય તેમ નહોતું કે તેઓ કોઇ સ્તોત્રનો પાઠ કરી રહ્યા હતા કે પછી મનોમન કોઈના ઉપર ગુસ્સે થઈ બબડી રહ્યા હતા.

જે હોય તે, પણુ જ્યારે બહારથી એકદમ 'કડું કડું'ના અવાજો સંભળાયા તો કોણુ જાણે તેઓ ક્યારે એકદમ બહાર આવી ગયા ? એમ તો તેઓ કેટલીય વાર રાત્રે સ્વપ્નમાં 'કડું-કડું'–એમ બબડતા હતા. 'કડું' શબ્દ એમનો મહામંત્ર બની ગયો હતો, તેથી 'કડું-કડું' સાંભળીને તેમનું ચકિત થવું અને બહાર આવી જવું કાંઈ નવાઈની વાત નહોતી; પરંતુ આજે તો બહાર આવીને જે કાંઈ એમણે જોયું તે અદ્દભુત હતું, અપૂર્વ હતું, એમના માટે તો માનો વરદાન જ હતું.

તેઓએ શું જોયું ? કે તે જ કડું જે ખોવાયું હતું; તથા જેના બદલામાં – એમ કહીને કે તે મારા ખિસામાં રહી ગયું હતું, પંડિતજી બીજું કડું આપી ગયા હતા; હાથમાં રાખીને નોકર બૂમો પાડી રહ્યો છે—

'કડું મળી ગયું, કડું મળી ગયું'

અને બધાં લોકો આશ્ચર્યચકિત બની આંખો ફાડી-ફાડીને એને જોઈ રહ્યાં છે.

હવે ત્રણુ કડાં થઈ ગયાં હતાં. બધાંને બધું જ સમજમાં આવી ગયું હતું. બધાં જ ચૂપ હતાં; કોઈને કહેવા માટે કાંઈ જ હતું નહિ, જે કહે. ચોતરફ નીરવ સ્તબ્ધતા છવાઈ હતી. શેઠજી પણુ માથા પર હાથ રાખી નીચી ગરદન કરી બેઠા હતા.

આકાશ સ્વચ્છ હતું અને વરસાદ રહી ગયો હતો. આકાશનાં વાદળોની જેમ સંશયનાં વાદળ પણુ વિખરાઈ ગયાં હતાં; પરંતુ લોકોની આંખોમાંથી વહેતી અવિરલ અશ્રુધારાઓ બંધ જ નહોતી થતી. વાત-વાતમાં આખા ગામમાં ખબર ફેલાઈ ગઈ અને લોકોનાં ટોળેટોળાં આવી રહ્યાં હતાં અને ત્યાં એકઠાં થઈ રહ્યાં હતાં.

( ૧૨ )

જ્યારે શેઠ ધનપતરાયને કાંઈક ભાન આવ્યું તો તેઓ ત્રણેય કડું લઈને ધીમે પગલે પંડિતજીના ઘર ભણી ચાલી નીકળ્યા. તેમની પાછળ પાછળ તેમનાં કુટુંબીજનો તેમજ નગરજનો પણ હતાં. એક શાન્ત મૌન સરઘસ જ જાણે બની ગયું હતું.

તેઓ બધાં પંડિતજીના ઘેર પહોંચ્યાં, અને તેમની સામે ત્રણેય કડાં મૂકી દીધાં, તો તેઓ બધું જ સમજી ગયા. તેઓ ઘણી વાર સુધી એક-બીજાને જોતા રહ્યા, કોઈ કાંઈ બોલ્યું નહિ. મોંએથી તો કોઈ કાંઈ બોલી રહ્યું નહોતું; પરંતુ સ્નિગ્ધ શાંત મૌન એ બધું જ કહી રહ્યું હતું જે વાણી દ્વારા ક્યારેક પણ કહી શકાતું નથી. પંડિતજી ઝડપથી ઊભા થયા, અંદર ગયા, પળવારમાં જ પાછા આવ્યા અને ચોથું કડું લાવીને એ ત્રણેયના ભેગું રાખી દીધું.

પંડિતજીની અમૃત–વાણી દ્વારા ઉપદેશ તો લોકોએ જિંદગીભર સાંભળ્યો હતો, પરંતુ તેનો કેટલો પ્રભાવ તે લોકો પર પડ્યો હતો–એ તો તેઓ જ જાણતા હતા; પરંતુ આ ઘટનાએ સૌને અંદરથી હચમચાવી દીધાં હતા. નીરવ મૌનનું ભંગ કરતાં અશ્રુપૂર્ણ નેત્રોથી જ્યારે શેઠજીએ કહ્યું—

'આ આપે શું કર્યું ?'

તો એકદમ શાંત ગંભીર સ્વરે પંડિતજી કહેવા લાગ્યા—

'જે મને યોગ્ય લાગ્યું. આ વિષમ સ્થિતિમાંથી ઉગરવાનો મને એક આ જ નિષ્કંટક માર્ગ સૂઝ્યો હતો. જો કે હું જાણું છું કે આને કારણે આપને પણ ઓછું કષ્ટ નથી થયું, મને પણ દુઃખ તો થયું જ પણ આ બધું મનમાં ને મનમાં જ રહ્યું. આ સિવાય તો એવી પરિસ્થિતિઓ પેદા થઈ હોત કે જેમાં આપણા બધાંનું જીવન મુશ્કેલ બની જાત. અસ્તુ........જે થયું તે થયું.'

તેઓએ પોતાની વાત પૂરી પણ કરી નહોતી ને ત્યાં માનસિક-સંતાપથી સંતપ્ત શેઠાણી વિલાપ કરતાં થકાં કહેવા લાગ્યાં—

'હે ભગવાન ! મારા જરા જેટલા અવિવેકે કેવો અનર્થ કરી

નાખ્યો ? એક જ્ઞાનીની વિરાધના કરીને અનંત જ્ઞાનીઓની વિરાધનાનું મહાપાપ તો કર્યું જ, સાથે સાથે પોતાના પતિની આંતરિક શાન્તિનો ભંગ કરીને એમનું જીવવું પણ મુશ્કેલ કરી દીધું.'

આ પ્રકારની વાતો થોડાક દિવસો અહીં-તહીં થતી રહી અને પછી બધું જ સહજ થઈ ગયું; પરંતુ પંડિતજીની ઉદાસીનતા ઉલ્લાસમાં પરિવર્તિત ન થઈ શકી; શેઠજીને એમના સહજ સમાગમનો લાભ પહેલાંની જેમ ફરી ક્યારેય મળી શક્યો નહિ. શરીરનો ઘા તો સમય આવતાં રૂઝાઈ જાય છે, પરંતુ મનનાં ઘાનું રૂઝાવું સહજ નથી હોતું.

આ દુનિયામાં આજે ન શેઠજી છે; ન પંડિતજી; પરંતુ આ વાર્તા ગામના બચ્ચા-બચ્ચાની જીભ પર છે અને ત્યાં સુધી રહેશે, જ્યાં સુધી દાદીમાઓ પોતાના પૌત્ર-પૌત્રીઓને વાર્તાઓ સંભળાવતી રહેશે.

## ધર્મનું ક્ષેત્ર આવું ખુલ્લું છે...

હું એક વાત પૂછું કે જો આપને પેટનું ઓપરેશન કરાવવું હોય તો જાણ્યા વિના જ શું ગમે તેની પાસે કરાવી લ્યો ખરા ? દાક્તરના વિષે પૂરેપૂરી તપાસ કરો છો. દાક્તર પણ જે કામમાં માહિતગાર ન હોય તે કામ કરવા માટે સહજ તૈયાર નથી થતા. દાક્તર અને ઓપરેશનની વાત તો જવા દો; જો આપણે પહેરણ પણ સીવડાવવા ઇચ્છતા હોઈએ તો નિષ્ણાત દરજી શોધીએ છીએ, અને દરજીને પણ જો પહેરણ સીવતાં ન આવડતું હોય તો સીવવાની ના પાડી દે છે; પરંતુ ધર્મનું ક્ષેત્ર એવું ખુલ્લું છે કે જાણ્યાસમજ્યા વિના ગમે તે પણ ઉપદેશ દેવા તૈયાર થઈ જાય છે, અને તેને સાંભળવાવાળા પણ મળી જ રહે છે.

—ધર્મનાં દશ લક્ષણ, પૃષ્ઠ ૧૧૩

# ૮

## ગાંઠ ખોલી દેખી નહીં

'જુઓ, હું તમને બે રત્નો સોંપી રહ્યો છું. એને સાચવીને રાખજો.'

—આમ કહેતાં જયપુરના પ્રસિદ્ધ ઝવેરી શેઠ જવાહરલાલે પોતાની પત્નીની હથેળીમાં જ્યારે એક રત્ન મૂકયું ત્યારે તે આશ્ચર્યચકિત થઈને બોલી—

'બે; બે કયાં છે? આ તો એક જ છે. આપની તબિયત તો ઠીક છે ને?'

'તબિયત, તમે તબિયતની વાત કરો છો! તબિયત તો હવે શું ઠીક થાય? હવે તો ભગવાન જેમ બને તેમ જલદી ઉપાડી લે, એ જ સારું છે.'

'આપ કેવી વાતો કરો છો? બધું જ ઠીક-ઠાક થશે. આપ જલદી સારા થઈ જશો. ડૉકટર સાહેબ કહેતા હતાં....'

'છોડો તમે આ ડૉકટરોની વાતોને. તેઓ તો ત્યાં સુધી આમ જ કહેતા રહેશે, જ્યાં સુધી સ્મશાન ન પહોંચી જાઉં.'

'લાગે છે આપ બહુ જ નિરાશ થઈ ગયા છો. વ્યર્થની ચિંતામાં પોતાની આ હાલત કરી છે આપે.'

'મને પોતાની નહીં; તમારી ચિંતા છે. આપણાં આ રત્નોની ચિંતા છે.'

'શું ચિંતા કરવી આ રત્નોની? એ તો આપે હજારો કમાયાં છે

અને હજારો ગુમાવ્યાં છે. એ તો હાથનો મેલ છે. જ્યારે તબિયત સારી થશે, પછી હજારો કમાઈ લેશો. આપના જેવી દૃષ્ટિવાળો, આપના જેવો પારખુ-અનુભવી છે કોઈ જયપુરમાં ?'

'જવા દો આ વાતોને, શું રાખ્યું છે આ વાતોમાં? બુદ્ધિમત્તા અને અનુભવનો કમાઈ સાથે કોઈ સંબંધ નથી. કમાવું અને ગુમાવવું એ તો પુણ્ય-પાપનો ખેલ છે. જો આમ ન હોત તો તમે જ બતાવો- જ્યારે હું મારા ગામથી જયપુર આવ્યો હતો ત્યારે દોરી-લોટો લઈને આવ્યો હતો. શું હતું મારી પાસે તે સમયે ? ન ઘર, ન બાર, ન પુંજી, ન અનુભવ. બુદ્ધિનો વિકાસ પણ આટલો નહોતો, જેટલો અત્યારે છે; પરંતુ તે સમયે જ્યાં હાથ નાખ્યો, સફળતા જ મળી. તે સમયે માટીને જો સ્પર્શ કરતો તો તે સોનું બની જતી, પરંતુ આજે સોનાને સ્પર્શ કરું છું તો માટી બની જાય છે. કયાં ગયાં ચતુરાઈ અને અનુભવ ? અનુભવહીન અનાડીએ જે કાંઈ મેળવ્યું હતું, ચતુર અનુભવીએ તે બધું જ જોત-જોતામાં ગુમાવી દીધું છે. હવે મારી પાસે માત્ર આ બે રત્નો બચ્યાં છે, જે તમને સોંપીને શાંતિથી મરવા ચાહું છું.'

ગભરાતી થકી શેઠાણી બોલી – 'શું આપની દૃષ્ટિ સાચે જ વિકૃત થઈ ગઈ છે ? એકને બરાબર બે બતાવી રહ્યા છો.'

શેઠાણી ખૂબ જ ગભરાઈ ગઈ હતી; કારણ કે તેણે એ સાંભળી રાખ્યું હતું કે મૃત્યુ નજીક આવતાં દૃષ્ટિ વિકૃત બની જાય છે, એકના બે અને બેના ચાર દેખાવા લાગે છે

શેઠજીની ન તો દૃષ્ટિ વિકૃત થઈ હતી અને ન બુદ્ધિ પણ; પરંતુ તેઓ છેલ્લા શ્વાસો અવશ્ય ગણતા હતા, તેમની અંતિમ પળ અવશ્ય આવી ગઈ હતી.

તેમણે વૃદ્ધાવસ્થામાં પ્રાપ્ત પોતાના એકના એક સંતાન 'ચેતનલાલ'ને બોલાવ્યો અને તેના માથા ઉપર હાથ રાખતાં બોલ્યા—

'સાંભળો ! જ્યારે આ ચેતનલાલ મોટો થઈ જાય; ત્યારે એને આ જડ રત્ન આપી દેજો. એને વ્યાપારમાં મૂડીની ખેંચ ન પડે – આ

ઈરાદાથી મેં મારી વધી-ઘટી સંપૂર્ણ સંપત્તિ વેચીને આ રત્ન ખરીદ્યું છે. ધ્યાન રાખો કે આ ખૂબ જ મૂલ્યવાન છે. હું સમજું છું કે આનાથી પ્રાપ્ત પૂંજીથી તે પોતાનો વ્યાપાર ખૂબ જ સારી રીતે ચલાવશે. ધ્યાન રાખજો........'

—કહેતાં-કહેતાં શેઠજી સાચે જ મહાપ્રયાણ કરી ગયા. તેમની વાંણી અટકી ગઈ, ગરદન ઢળી પડી અને આંખો ખુલ્લી ને ખુલ્લી જ રહી ગઈ.

(૨)

સુખ-દુ:ખ સહન કરવાની જેટલી શક્તિ સ્ત્રીઓમાં હોય છે, તેટલી પુરુષોમાં ક્યાં? જે આર્થિક આપત્તિને શેઠ જવાહરલાલ નહીં ઝીલી શકયાં અને મહાપ્રયાણ કરી ગયા, શેઠાણીએ આપત્તિ સાથે પતિના વિયોગને પણ સહી ગયાં. પુત્રની સુરક્ષાની જે મહાન જવાબદારી શેઠજી મરતાં-મરતાં તેમને સોંપતા ગયા હતા, તેને નિભાવવામાં તેઓ તન-મનથી જોડાઈ ગયાં. ધન તો તેમની પાસે હતું જ ક્યાં? શેઠજીએ જે કાંઈ મેળવ્યું હતું, તેને તેઓ ગુમાવીને જ ગયા હતા. જે કાંઈ બચ્યું હતું, તેનાથી રત્ન ખરીદીને પુત્રને સોંપવાનો આદેશ પણ દેતા ગયા હતા.

પુત્રની સુરક્ષાની સાથે-સાથે પોતાની સુરક્ષાનો ભાર પર શેઠાણીને માથે હતો.

જે કાંઈ પરિસ્થિતિ હતી, શેઠાણીએ તેને ભવિતવ્ય જાણીને સહજ જ સ્વીકારી લીધી હતી. વગર શેખી મારે દુર્ભાગ્યથી લડવાની જેટલી ક્ષમતા સ્ત્રીઓમાં સ્વાભાવિક જ જોઈ શકાય છે; પુરુષોમાં તેનાં દર્શન અસંભવ નહીં, તો દુર્લભ તો છે જ.

નોકરો-ચાકરોથી ઘેરાયેલી રહેનારી અને જમીન ઉપર પણ પગ ન મૂકનારી શેઠાણી સીવણ-ભરતકામ કરતી, વડીઓ-પાપડ વણતી; પરંતુ કોઈના સામે હાથ લાંબો ન કરતી. પુત્રના લાલન-પાલન, તથા ભણવવા-ભણાવવામાં તેણીએ કોઈ કચાશ રાખી નહીં. પોતે 'લૂખું-સૂકું' ખાતી પણ પુત્રને ક્યારેય પણ કોઈ ખોટ અનુભવવા ન દીધી.

(૩)

સમય વીતતાં શું વાર લાગે છે? પુત્ર જ્યારે કાંઈક સમજદાર થયો ત્યારે તે એક દિવસ પોતાની બાને કહેવા લાગ્યો—

'બા! હવે હું આગળ ભણવા નથી ઇચ્છતો, ક્યાંક નોકરી કરીશ.'

મોં પર આંગળી રાખતાં બા બોલી—

'બેટા, આવું ન બોલીએ. ઝવેરીનો પુત્ર ક્યારેય નોકરી ન કરે. તારું ભણતર હજી પૂરું પણ ક્યાં થયું છે? હજી તો તેં દસમું ધોરણ જ પાસ કર્યું છે. તું પોતાનું ભણતર પૂરું કરી લે, પછી........'

'ના, એવું નહિ બની શકે. જ્યારે ઝવેરીની પત્ની મહેનત-મજૂરી કરી શકે છે તો પછી ઝવેરીનો પુત્ર નોકરી કેમ ન કરી શકે? નોકરી નહીં કરું તો શું કરીશ? મારાથી આપની આ દશા જોઈ નથી શકાતી.'

'બેટા! નોકરી નહીં, તું વ્યાપાર કરજે.'

'વ્યાપાર! બા, વ્યાપાર વિના પૂંજી થઈ શકતો નથી.'

'બેટા! પૂંજીની શું કમી છે આપણે ત્યાં?'

—કહીને બા અંદર ચાલી ગઈ. બાની વાત સાંભળીને તે અચંબામાં પડી ગયો. બા શું કહી રહી છે? – એ એની સમજમાં ન આવ્યું.

હાથમાં એક મેલી જેવી પોટકી લઇ થોડી વાર પછી તે બહાર આવી અને એની સામે કશું જ કહ્યા વગર એ પોટકી ખોલવા લાગી. ડુંગળીના પડળની જેમ કેટલીયે ગડીઓ ખોલ્યા પછી તેમાંથી એક ચમકદાર રત્ન નીકળ્યું. તે પુત્રને સોંપતાં બોલી—

'બેટા! આ ખૂબ જ મૂલ્યવાન રત્ન છે. તારી સાથે તારા બાપુજી મને આ રત્ન પણ સોંપતા ગયા હતા, અને આમ પણ કહેતા ગયા હતા કે જ્યારે મારો લાલ સમજદાર થઈ જાય ત્યારે તેને આ સોંપી દેજે. આનાથી પ્રાપ્ત પૂંજી દ્વારા તે સારી રીતે વ્યાપાર કરી શકશે.

હું આજે આ તને સોંપીને નિશ્ચિંત થઈ જાઉં છું, તેમના ઋણમાંથી મુક્ત બની જાઉ છું. તું આને વેચીને પોતાની મૂડી ઊભી

કર અને ચીવટપૂર્વક વ્યાપાર કર, પિતા જેવી જ કીર્તિ પ્રાપ્ત કર, સમૃધ્ધ બન !'

(૪)

તેણે આખા બજારમાં તે રત્ન બતાવ્યું પરંતુ તેમની આશાને અનુરૂપ કોઇ પણ તેની કિંમત લગાવતું નહોતું તેથી માતા અને પુત્રે મળીને આ નિર્ણય લીધો કે આને અહીં ન વેચતાં મુંબઇમાં વેચવામાં આવે તો ઠીક રહેશે. ત્યાં જ આની યોગ્ય કિંમત પ્રાપ્ત થઇ શકશે.

(૫)

જ્યારે તે મુંબઇના ઝવેરી બજારમાં પહોંચ્યો અને એક બે પેઢીએ પર રત્ન બતાવ્યું તો બધાંએ લગભગ એ જ કિંમત આંકી જે જયપુરમાં મળતી હતી. ઝવેરી બજારના રંગ-ઢંગથી અપરિચિત યુવક ચેતનલાલનું અનાડીપણું છૂપું રહી શકયું નહીં. કેટલાક દલાલો તો પ્રારંભથી જ તેની પાછળ પડી ગયા હતા. ચેતનલાલ તેમનાથી ચેતે તે પહેલાં તો કેટલાક ખરાબ તત્ત્વ પણ તેની પાછળ પડી ગયા.

પોતાની ચારેય તરફ ઘેરાયેલા લોકોની શંકાસ્પદ ચાલબાજીઓથી તે સતર્ક થવાની સાથે-સાથે ચિંતિત પણ થઈ ગયો. 'હીરાલાલ પન્નાલાલ' નામની જૂની પેઢીના માલિક શેઠશ્રી માણેકચંદજી ઝવેરી પણ આ બધું જોઈ રહ્યા હતા. તેમણે તરત જ એક મુનીમને મોકલીને તેને પોતાની પેઢી પર બોલાવી લીધો.

જ્યારે ચેતનલાલે તેમને રત્ન બતાવવાનો પ્રયાસ કર્યો તો તેઓ સહજ સ્નેહથી બોલ્યા—

'બેસો, શાંતિથી બેસો. રત્ન પણ જોઈશું. પહેલાં પાણી પીઓ, રત્ન-જવાહરાતનો વ્યાપાર ઊભા-ઊભા થતો નથી.'

તેમને પોતાના સ્નેહપૂર્ણ વ્યવહારથી સહજપણે જ તેનું મન જીતી લીધું.

પરંતુ તેને તો પોતાનું રત્ન વેચીને ઘરે જવાની ઉતાવળ હતી,

તેથી તેણે પાણી પીને પછી તરતજ રત્ન બતાવ્યું. શેઠજીએ રત્ન હાથમાં લીધું. એના પર એક નજર નાખી અને તેને પૂછવા લાગ્યા—

'ક્યાંથી આવ્યા છો ?'

'જયપુરથી.'

'કોના પુત્ર છો, તમારી પેઢીનું શું નામ છે ?'

'હું ઝવેરી જવાહરલાલજીનો પુત્ર છું.'

'જવાહરલાલજીના ? તેઓ તો હંમેશાં અમારે ત્યાં જ ઉતરે છે. તેઓ તો અમારા ખાસ મિત્રોમાંથી એક છે. હમણાં તેઓ ઘણા દિવસોથી અહીં આવ્યા નથી. કાંઈ સમાચાર પણ આપ્યા નથી. તેઓ કેમ ન આવ્યા, મજામાં તો છે ને ?'

(૬)

શેઠ માણેકચંદજી જાણે ભૂતકાળમાં સરી પડયા હતા. તેમને તે દિવસો યાદ આવવા લાગ્યા હતા, જ્યારે શેઠ જવાહરલાલજી મુંબઈ આવ્યા કરતા હતા ત્યારે બજારમાં વિશેષ ઉત્તેજના થતી. તેમની રુખના આધારે બજારમાં તેજી-મંદી આવ્યા કરતી હતી.

હવે તેઓ ન તો હાથમાં રાખેલા રત્નને જોઈ રહ્યા હતા કે ન તો સામે બેઠેલા ચેતનલાલને. ન જાણે કયાં ખોવાઈ ગયા હતા ? જ્યારે ચેતનલાલે પોતાના પિતાના સ્વર્ગવાસની વાત કરી તો એકદમ ભાનમાં આવી ગયા અને વિવિધ રીતે દુઃખ પ્રકટ કરવા લાગ્યા, ખોદી-ખોદીને અનેક વાતો પૂછવા લાગ્યા.

જ્યારે બધું જ જાણી લીધું તો વિચારમગ્ન થઈ ગયા. ક્યારેક ચેતનલાલને તાકીને જોતા તો ક્યારેક હથેળીમાં રાખેલ રત્નને ઝીણવટથી પરખતા. ક્યારેક સંસારના સ્વરૂપ પર વિચાર કરતા તો ક્યારેક જીવનની ક્ષણભંગુરતાના વિષયમાં વિચારવા લાગતા. ક્યારેક જવાહરલાલના દુર્ભાગ્ય પર દુઃખી થતા તો ક્યારેક પોતાના દુર્ભાગ્ય પર.

તેમના ચહેરા પર બદલાતા-બદલાતા ભાવોને ચેતનલાલ બારી

કાઈથી વાંચતો હતો, પરંતુ તેમના અન્તર-મન સુધી પહોંચવું તેને અસંભવ લાગતું હતું.

જ્યારે ઘણી વાર થઈ ત્યારે તેની ધીરજ ખૂટવા લાગી અને તેણે તેમની વિચાર-શૃંખલાને વચ્ચેથી જ તોડતાં કહ્યું—

'શેઠજી, આ રત્નની આપ શું કિંમત આપી શકો છો ?'

અત્યંત ગંભીર સ્વરમાં શેઠજી બોલ્યા—

'મારી પાસે આટલી સંપત્તિ ક્યાં છે કે આ રત્નની કિંમત ચૂકવી શકું. આ રત્ન ઉપર તો હું મારું સર્વસ્વ સમર્પિત કરી શકું છું, પરંતુ એ મારા ભાગ્યમાં ક્યાં ?'

ચેતનલાલને તેમની વાતો જો કે ખૂબ જ સારી લાગતી હતી, છતાં પણ તેને કાંઇક અટપટું અવશ્ય લાગી રહ્યું હતું. તેની સમજમાં આ વાત આવતી નહોતી કે બજારમાં લોકો આની કિંમત ખૂબ જ ઓછી આંકતા હતા, અને આ અપાર સંપત્તિનો માલિક સૌથી મોટો ઝવેરી આને આટલું કિંમતી બતાવી રહ્યો છે, આખરે મામલો શું છે ?

'ક્યાંક શેઠજી મારી મશ્કરી તો નથી કરતા' આ વિચાર આવતાં જ શેઠજીની ગંભીરતા જોઈને આ વાત ઉપર વિશ્વાસ કરવા પણ તેનું મન તૈયાર ન થયું.

જ્યારે તેને કશું જ ન સમજાયું તો હિંમત કરીને બોલ્યો—

'મારે માટે શું આદેશ છે ?'

'આદેશ, આદેશ તો શું આપું; પરંતુ જો તમે ઇચ્છો તો એક સલાહ અવશ્ય આપી શકું છું.'

'ફરમાઓ.'

'અત્યારે સીઝન મંદી છે, આની સાચી કિંમત અત્યારે મળવી અસંભવ છે. જો સાચી કિંમત મેળવવા ઇચ્છતા હો તો થોડા દિવસ રાહ જોવી પડશે. ચોમાસું વીત્યા પછી બહારથી વેપારીઓનું આગમન શરુ થશે, ત્યારે આની સાચી કિંમત મળી શકશે.'

'ત્યાં સુધી રાહ જોવી સંભવ નથી.'

'કેમ ?'

'કારણ કે, હવે આપનાથી શું છૂપાવું; અમારી પાસે....'

તેણે પોતાની વાત પૂરી પણ નહોતી કરી ત્યાં શેઠજી બોલ્યા—

'બેટા, એની ચિંતા ન કરો, હું બધી વ્યવસ્થા કરીશ.'

'ના, આ સારું ન કહેવાય.'

'કેમ સારું ન કહેવાય?'

'.......................................'

'હું જાણું છું કે તમે જવાહરલાલ ઝવેરીના પુત્ર છો, કોઈનું અહેસાન ચઢાવવા નથી માગતા, એમ જ ને ?'

'ના,...............'

'ના, ના; હું બધું જાણું છું. અરે ભાઈ! છ મહિના સુધી તમે મને જ પોતાના પિતા સમજી લો.'

'આપ કેવી વાતો કરો છો.'

'ઠીક કહું છું બેટા, જવાહરલાલ જેવું મારું ભાગ્ય ક્યાંથી?'

'આપ જેવા ભાગ્યવાન........'

'જવા દો, રત્ન વેચાયા પછી તે બધું જ ચૂકવી દેજો, જે તમે ત્યાં સુધીમાં મારી પાસેથી લીધું હોય. પિતાનો મિત્ર હોવાના નાતે આટલો અધિકાર તો મારો છે જ.'

આમ કહીને શેઠજીએ તે રત્નને એક તિજોરીમાં રાખીને તેને સારી રીતે તાળું દઈને ચાવી ચેતનલાલને આપી અને કહ્યું—

'આ ચાવીને આજે જ રજિસ્ટર દ્વારા તમારી બા પાસે મોકલી દો. એક સ્લિપ ઉપર હસ્તાક્ષર કરીને આ તિજોરીને સીલ કરી દો.'

તેમના પ્રેમપૂર્ણ વ્યવહારથી પ્રભાવિત થઈને ચેતનલાલ કંઈ પણ બોલી શક્યો નહીં અને સંમોહિત વ્યક્તિની જેમ તેમના આદેશનું પાલન કરતો ગયો.

શેઠજીએ તેના રહેવા, ખાવા-પીવા વગેરેની યોગ્ય વ્યવસ્થા કર્યા

પછી પેઢીના બધા જ કર્મચારીઓને આદેશ આપ્યા કે કોઈ પણ માલ ખરીદવામાં કે વેચવામાં આવે, ચેતનલાલને બતાવ્યા વગર તે ખરીદાવો કે વેચાવો જોઈએ નહિ.

(૭)

સમયને જતાં શું વાર લાગે છે? વાત-વાતમાં છ મહિના વીતી ગયા. ચેતનલાલની આંખો સામેથી લાખો રત્ન નીકળી ચૂક્યાં હતાં. હવે તે એક ખૂબ જ સારો ઝવેરી બની ગયો હતો.

સીઝન ચાલુ થઈ. બહારના વેપારીઓનું આવાગમન પણ શરૂ થઈ ગયું. બજાર પૂર્ણ તેજીમાં હતું. ચેતનલાલે અવસર જોઈને શેઠ-સાહેબને કહ્યું–

'હવે રત્ન વેચવાનો સમય આવી ગયો છે. મારું રત્ન પણ વેચાવી દો.'

'ભાઈ! હવે હું શું વેચાવી દઉં? હવે તો તમે પોતે ખૂબ જ હોશિયાર થઈ ગયા છો, બા પાસેથી ચાવી મંગાવી લો અને રત્ન કાઢીને પોતે જ વેચી દો.'

અનુમતિ મળતાં તેને તરત જ ચાવી મોકલવા માટે બાને પત્ર લખી દીધો. આઠ દિવસની અંદર ચાવી પણ આવી ગઈ.

શેઠજીના કહેવાથી તેણે પોતે જ સીલ તોડીને તિજોરી ખોલી અને રત્ન કાઢયું તો તેને જોઇને તે સ્તબ્ધ થઈ ગયો. એ તો કાચનો ટુકડો માત્ર હતો. તેની આંખોમાંથી શ્રાવણ-ધારા વરસવા લાગી.

શેઠજીની પેઢી સમુદ્રના કિનારે જ હતી. તેણે તે રત્નને એકદમ સમુદ્રમાં ફેંકી દીધું અને ધ્રૂસકે-ધ્રૂસકે રડવા લાગ્યો.

આખી પેઢીમાં સ્તબ્ધતા છવાઈ ગઈ. લોકોની સમજમાં કશું જ ન આવ્યું. જ્યારે શેઠજીએ તેના માથા ઉપર હાથ ફેરવતાં પૂછયું–

'શું થયું?'

ત્યારે તે જોર-શોરથી કહેવા લાગ્યો–

'આપે મને છેતર્યો, જૂઠું બોલ્યા, દેવામાં ઉતારી દીધો....'

તેની આ વાત સાંભળીને લોકો અંદરો-અંદર અનેક પ્રકારની વાતો કરવા લાગ્યા.

એકે કહ્યું—'શેઠજીએ તે બિચારાનું રત્ન બદલી લીધું છે.'

બીજાએ કહ્યું -'આ કેમ બની શકે? તેણે પોતાના હાથે રાખ્યું હતું, તાળું લગાવ્યું હતું, ચાવી ઘરે મોકલી દીધી હતી, તિજોરી સીલ કરી હતી, વળી જાતે જ ખોલી.'

ત્રીજો કહેવા લાગ્યો -'આ તો બધું નાટક હતું; આજે શું નથી થઈ શકતું? તિજોરી બંધની બંધ રહે અને માલ બધો ગુમ થઈ જાય.'

ચોથો બોલ્યો -'ગુમ ક્યાં થયો છે?'

પાંચમો બોલ્યો -'બદલાઈ તો ગયો. બદલાવામાં અને ગુમ થવામાં શું અંતર છે?'

વ્યંગ કરતો થકો છઠ્ઠો કહેવા લાગ્યો -

'ગુમ થઈ જાત તો ચોરી પકડાઈ ના જાત? અરે, આ બધું એટલી ચતુરાઈથી કરવામાં આવ્યું હશે કે ફસાવાય પણ નહીં અને માલ પણ....'

(૮)

અહીં બધા લોકો અંદરઅંદર ચર્ચા કરી રહ્યા હતા. ત્યાં બધું જ જાણતા હોવા છતાં પણ શેઠજી ચેતનલાલને સમજાવતાં, બોલ્યા—

'કેવું જૂઠું, કેવી છેતરામણ, કેવું દેવું?'

વ્યાકુળ થતા ચેતનલાલ બોલ્યા -

'આ કાચના ટુકડાને આપે અતિ મૂલ્યવાન બતાવ્યો અને મને છ મહિનામાં હજારો રૂપિયા આપીને પોતાનો દેવાદાર બનાવ્યો. હવે હું આપનું દેવું ક્યાંથી ચૂકવીશ?'

'ગાંડા, મેં તો આ ચેતનલાલને અત્યંત મૂલ્યવાન કહ્યો હતો. હવે તું જ બતાવ, જેને છ મહિનામાં જ અસલી-નકલીની ઓળખાણ થઈ ગઈ, તે મૂલ્યવાન રત્ન છે કે નહીં. અરે, જીવનભર રત્ન પારખવાનો

ધંધો કરનારા તારા પિતાજી પણ જેને પારખી ન શક્યા તેને તેં માત્ર છ મહિનાના અનુભવથી જ પારખી લીધું. તું પોતાની શક્તિને તો ઓળખ.'

'આજ સુધી સહુએ અચેતન રત્નોને જ પારખ્યાં છે, ચેતન રત્નોને નથી પારખ્યાં. મેં તો ચેતનલાલને જ પારખ્યો હતો, તેની જ કિંમત બતાવી હતી.'

'આપે મને તે જ સમયે બધું સ્પષ્ટ કેમ કહ્યું નહોતું?'

'ત્યારે કહ્યું હોત તો તને વિશ્વાસ જ ન આવત. જ્યાં સુધી પોતાનામાં પારખવાની દૃષ્ટિ નથી હોતી ત્યાં સુધી ઉધાર લીધેલી બુદ્ધિથી કાંઈ લાભ થતો નથી. જો વિશ્વાસ આવી પણ જાત તો તું નિરાશ થયો હોત, પ્રગતિ તરફ ન વધ્યો હોત, તું પુરુષાર્થહીન બની ગયો હોત. ઝવેરી બની જ ન શક્યો હોત.

સ્વયંથી ઉદ્‌ઘાટિત સત્ય જેટલું લાભદાયક હોય છે, તેટલું બીજા દ્વારા ઉદ્‌ઘાટિત નહીં. સમયનું પણ પોતાનું આગવું મહત્ત્વ છે.'

જ્યારે ચેતનલાલ કાંઈક સ્વસ્થ બન્યો તો કહેવા લાગ્યો—

'આટલા અનુભવી મારા પિતાથી આ ભૂલ આખરે થઈ કેવી રીતે?'

'બુદ્ધિ પણ નસીબનું અનુસરણ કરે છે. જ્યારે ખરાબ સમય આવે છે ત્યારે મોટા-મોટા બુદ્ધિમાનોની બુદ્ધિ પણ બહેર મારી જાય છે. જે તમે આજે વિચારી રહ્યા છો, તે દિવસે હું પણ આ જ ગુંચમાં ગુંચવાયો હતો. પરંતુ જે કાંઈ થયું તે સારું જ થયું. તમે અને તમારી બા આ જ ભ્રમમાં તો ટકી રહ્યાં. આનો સહારો ન હોત તો તમારી બા ન જાણે ક્યારનીયે ભાંગી પડી હોત.'

'આ બધું જાણતા હોવા છતાં પણ આપ પોતાની જાતને અભાગી અને મારા પિતાને ભાગ્યવાન કેમ કહેતા હતા?'

'સાચું જ તો કહ્યું હતું, તેને તો હું આજે પણ સત્ય માનું છું.'

'કેમ, કેવી રીતે?'

'તારા જેવો ચેતનલાલ જેણે મેળવ્યો હોય, તે મારા જેવા સન્તાનહીનથી ભાગ્યવાન જ છે, તું માને તો મને પણ ભાગ્યવાન બનાવી શકે છે. અને પોતાનું દેવું પણ ઉતારી શકે છે.'

'હું આપને શું ભાગ્યવાન બનાવી શકું, પરંતુ દેવું અવશ્ય ઉતારવા ચાહું છું. કોઇ ઉપાય હોય તો બતાવો.'

'ઉપાય તો છે પણ બતાવીશ નહીં.'

'કેમ?'

'કારણકે જો તેં ન માન્યું તો?'

'કેમ નહીં માનું?'

'માનીશ; તો વચન આપ.'

'આપ્યું.'

'હું મારી બધી સંપત્તિ આપીને તને ખરીદવા માગું છું, ખોળે લેવા માગું છું. તને મારી સંપત્તિનો વારસદાર બનાવવા માગું છું. જે દિવસથી તને જોયો; તે જ દિવસથી મારા મનમાં આ જ ભાવના રહી છે, સતત પ્રબળ બનતી રહી છે. માનીશ મારી વાત?'

'આપે આ પહેલાં તો કયારેય કહ્યું નહીં.'

'મેં તો અનેક વાર કહ્યું; પરંતુ તું સમજ્યો નહીં, તો હું શું કરું?'

'કયારે?'

'શું મેં આમ કહ્યું નહોતું કે હું મારી બધી સંપત્તિ આપીને પણ આ રત્નની કિંમત ચૂકવી શકતો નથી.'

'કહ્યું તો હતું.'

'બસ, હું ચેતનલાલની જ કિંમત કહી રહ્યો હતો.'

(૯)

હવે તો અગાઉની બધી વાતો ચેતનલાલના મનમાં સ્પષ્ટ થવા લાગી હતી. તે વિચારતો હતો કે જ્ઞાનીઓની વાણીનું રહસ્ય પણ આપણે

ક્યાં સમજી શકીએ છીએ? તેઓ જેટલા ઊંડાણથી બોલતા હોય છે, આપણે તેની કલ્પના પણ કરી શકતા નથી.

સડકો પર, શેરીઓમાં ભટકતા, ઘર-ઘરની ઠોકરો ખાતા ચેતનલાલોની કિંમત આજે કોને છે? આજે તો બધા જ જડ રત્નોની પાછળ દોડી રહ્યા છે. આજે કયું ઘર આ ચેતનલાલોથી ખાલી છે? કમી લાલોની નથી; તેને. પરખનારાઓની છે, સંભાળવાવાળાઓની છે. બીજાઓની વાત જવા દો; આપણે પોતે જ લાલ છીએ, પરંતુ પોતાને પરખવામાં આપણે થાપ ખાઈ રહ્યા છીએ.

હોવું તે તો મહત્ત્વપૂર્ણ છે જ; પરંતુ જાણવું, પરખવું પણ મહત્ત્વપૂર્ણ છે. આપણે સ્વયં જ્ઞાનનો ઘનપિંડ તેમજ આનંદનો કંદ છીએ, પરંતુ પોતાને જાણ્યા-ઓળખ્યા વિના કંગાલ થઈ રહ્યા છીએ, જો અતીન્દ્રિય જ્ઞાન અને આનંદની દરિદ્રતા દૂર કરવી છે તો પોતાની જાતને જાણવી પડશે, ઓળખવી પડશે; ગ્રંથિભેદ કરવો જ પડશે—અર્થાત મિથ્યાત્વની ગાંઠ ખોલવી જ પડશે.

કબીરે સાચું જ કહ્યું છે:—

'સબકે પલ્લે લાલ, લાલ બિના કોઈ નહીં,
યાતેં ભયે કંગાલ, ગાંઠ ખોલ દેખી નહીં.

# ૯

# સ્ત્રી ચરિત્તર

## (૧)

જેમ માનવીનો ચહેરો એના અંતર-મનનું દર્પણ છે, ઠીક તેવી જ રીતે ગામનો પનિહારી – ઘાટ પણ તેના અંતર-મનનું દર્પણ કહી શકાય છે. જે પ્રમાણે હસ્તરેખાનો જ્યોતિષી હાથની રેખાઓ જોઈને માણસની પ્રકૃતિ અને પ્રવૃત્તિઓ જાણી લે છે, તે જ પ્રમાણે પનિહારી-ઘાટ પર થનારા સંવાદોથી ગામના ચરિત્રને જાણી શકાય છે. પનિહારી-ઘાટને સ્ત્રીઓનો ચોરો જ સમજી લો.

દોરડાંના સતત ઘસારાથી પનિહારી–ઘાટ પર પડેલાં નિશાનો પર જે ગતિથી દોરડાં સડસડાટ કરતાં સરકે છે, પનિહારીઓની જીભ પણ એનાથી ઓછી સરકતી નથી. સંવાદોના ગ્રહણ-પ્રસારણમાં જે ચતુરાઈ પાણી–ઘાટ પર જોઇ શકાય છે, તે સંવાદ-એજન્સીઓમાં ક્યાં ( હોય છે) ? કારણકે માનવસ્વભાવની જેવી ઊંડી પકડ એ અભણ પનિહારીઓમાં જોવા મળે છે, તેવી પકડ વિશ્વવિદ્યાલયના કારખાનાઓમાં તૈયાર થયેલ ડિગ્રીધારી પત્રકારોમાં પ્રાપ્ત થવી અસંભવ નહીં તો દુર્લભ તો છે જ.

એક તો પાણી–ઘાટ આપમેળે જ અદ્‌ભુત સ્થળ હોય જ છે, જો તે પગરવટની બાજુમાં હોય તો પછી કહેવું જ શું ? પાણી–ઘાટ પર થતી ચર્ચાના રસિક વટેમાર્ગુઓ જ્યારે પાણી પીવાના બહાને પાણી-ઘાટ પર થોભીથોભીને વિના તરસ પણ પાણી પીવાની આતુરતા વ્યક્ત કરે છે, પનિહારીઓને પાણી પીવડાવવાની પ્રાર્થના કરે છે ત્યારે પનિહા-

ઓને તેમની તરસનું રહસ્ય સમજતાં વાર નથી લાગતી. તેઓ એમની રસિકતાનું રસપાન કરતી થકી તેમને પોતાની મુગ્ધ વાગ્જાળમાં એવા લપટાવે છે કે તેઓનું એમાંથી છટકવું મુશ્કેલ બની જાય છે.

આવા જ એક પાણી-ઘાટની એક પનિહારીએ જ્યારે દૂર આવતો એક ઊંટોનો કાફલો દેખ્યો તો ચકિત થયા વિના ન રહી, કેમકે ઊંટો પર પોથીઓ જ પોથીઓ લાદેલી હતી. સૌથી આગળ એક ઊંટ ઉપર એક ત્રિપુણ્ડધારી બ્રહ્મજ્ઞાની પંડિતરાજ વિરાજેલા હતા, અને પાછળ પોથીઓથી લદાયેલો ઊંટોનો લાંબો કાફલો હતો. ઊંટોના રસિયા ચાલક (હાંકનારા) જ્યારે પાણી પીવાના બહાને પાણી-ઘાટ પર થોભ્યા અને પનિહારીને પાણી પીવડાવવાનો આગ્રહ કરવા લાગ્યા, ત્યારે પનિહારી પણ પોતાની ઉત્સુકતા ન દબાવી શકી. પાણી પીવડાવતાં-પીવડાવતાં તેણીએ એમને પૂછ્યું—

'આ તિલકધારી સોદાગર ક્યાંના છે અને આ ઊંટો પર શું માલ લાદ્યો છે?'

તેની અજ્ઞાનતા પર મજાક ઉડાવતો એક બોલ્યો—

'આ મહારાજ શું તમને સોદાગર જેવા લાગે છે? – એ સોદાગર નથી, બ્રહ્મજ્ઞાની પંડિતરાજ છે....પંડિતરાજ!'

પનિહારીએ ભારે ઉપેક્ષાભાવે કહ્યું—

'હશે, પણ આ ઊંટો પર લાદેલો માલ શું છે? અમને તો માલથી મતલબ....'

'આને તમે માલ કહો છો? આ માલ નથી, શાસ્તર છે....શાસ્તર; પંડિતરાજનાં લખેલાં શાસ્તર છે.'

'શું નામ છે આ શાસ્ત્રોનું?'

જ્યારે તેણીએ આ પૂછ્યું તો બધા જ એક સાથે બોલી ઉઠયા-

'સ્ત્રી ચરિત્તર!'

'એમ....!' આશ્ચર્ય પ્રગટ કરતી થકી પનિહારી બોલી.

પનિહારી પર પ્રભાવ પડતો જોઈને તેમણે પંડિતરાજની પ્રશંસાનાં એટલાં પુષ્પો વેર્યાં કે પનિહારી ગદ્ગદ ( પાણી-પાણી ) થઈ ગઈ.

તેણીએ અતિશય નમ્રતાભર્યા શબ્દોમાં તેમને અનુરોધ કર્યો કે- આટલા વિદ્વાન શાસ્ત્રજ્ઞ પંડિતરાજ અમારા ગામમાંથી નિકળે અને અમે એમનાં કાંઈ જ સેવા-સત્કાર ન કરી શકીએ તો અમારા જેવા અભાગી કોણ હોય? આજ તો મહારાજ સહિત આપ સૌને અમારે ઘેર પધારવું પડશે, ભોજન પાણી કરીને જ જવું પડશે. અમારાથી જે કાંઈ બનશે મહારાજને [ દાનસન્માનિત ] દક્ષિણા આપીશું જ, આપ લોકોને પણ સમુચિત સેવાથી સન્માનિત કરીશું. કોઈ પણ પ્રકારે મને મહારાજશ્રીનાં દર્શન કરાવો, મહારાજશ્રીનો મેળાપ - ભેટો કરાવો. તેમના અગાધ પાંડિત્યનો થોડાઘણો લાભ અમને પણ મળવો જોઈએ.

(૨)

તેની શ્રદ્ધા-ભક્તિ જોઈને તેઓ તેને પંડિતરાજની પાસે લઈ ગયા. તેણીએ પણ પંડિતરાજની ભગવાન જેવી સ્તુતિ કરી. પંડિતોને બીજું જોઈએ પણ શું?

પ્રશંસા માનવસ્વભાવની એક એવી કમજોરી છે કે એનાથી મોટા - મોટા જ્ઞાનીઓ પણ બચી શકતા નથી. નિન્દાની આંચ ( ઉષ્મા ) પણ જેને પીગળાવી શકતી નથી, પ્રશંસાની ઠંડક તેને ચુર - ચુર કરી નાખે છે:

પોથીઓના કીડા વિશ્વવિદ્યાલયના વિશેષજ્ઞોની જેમ પોથીઓમાં જ રત પંડિતરાજે નારી-ચરિત્રોને માત્ર વાંચ્યાં જ વાંચ્યાં હતાં, લખ્યાં જ લખ્યાં હતાં, જોયાં - અનુભવ્યાં નહોતાં

નારીઓને નરકનું દ્વાર માનવાવાળા બ્રહ્મજ્ઞાની પંડિતરાજ જ્યારે તેમની તરફ જોવું પણ પાપ સમજતા હતા તો તેમનો અભ્યાસ કેવી રીતે કરી શકવાના હતા? તેમની દૃષ્ટિમાં અભ્યાસની વસ્તુ તો એક માત્ર પોથીઓ છે, શાસ્ત્ર છે, અને તેમણે હજારો શાસ્ત્ર-ભંડાર જોઈ ફેંદી કાઢ્યા હતા.

સ્ત્રીઓના ચહેરાની જ પરેજી પાળવાવાળા પંડિતરાજના કાનોમાં જ્યારે સુકોમળ નારીકંઠમાંથી સરી પડેલા પ્રશંસાના સુમધુર શબ્દો ગુંજાયમાન થયા તો તેમના ભોળા હૃદયને પીગળતાં વાર ન લાગી.

તેની વિનંતી સ્વીકારીને, કાફલાને ત્યાં જ રોકીને; નીચી ગરદન કરી, ચાર હાથ આગળ જોઈને ધીમા ડગલે ચાલતી, પોતાના માથા પર શીતળ જલથી ભરેલા મંગળ કળશને ધારણ કરેલી તે ગજગામિનીના પગલે પગલે ચાલતા તેઓ તેના ઘેર જઈ પહોંચ્યા.

( ૩ )

શુકનશાસ્ત્રના વિશેષ જાણકાર પંડિતરાજ આજે પોતાના ભવિષ્ય અંગે અત્યંત આશાવાન થઈ રહ્યા હતા, કારણકે શીતળ જલથી ભરેલા મંગળ કળશ ધારણ કરેલ સોહાગણના દર્શન માત્રને જ્યારે પરમ મંગળનું સૂચક માનવામાં આવ્યું છે; ત્યારે તેમના આગળ એવી સોહાગણ સાક્ષાત્ ચાલી રહી હતી, તેમને આમંત્રિત કરી પોતાને ઘેર લઈ જતી હતી.

નારી-ચરિત્રોના અનેક કુત્સિત અને ઉજળા પાસાંના ચતુર ચિત્રકાર પંડિતરાજ આજ મનોમન ગદ્‌ગદ્ ( આનંદિત ) થઈ રહ્યા હતા. એમના પાંડિત્યનો જન-માનસ પર કેવો પ્રભાવ છે એનો આજે એમને પ્રત્યક્ષ અનુભવ થઇ રહ્યો હતો. તેઓ આ વિચારોમાં એટલા તલ્લીન હતા કે તેમને ખબર પણ ન પડી કે તેઓ કયારે તેણીના ઘરે પહોંચ્યા; કયારે તેણીએ તેમને ઊંચા આસન પર બેસાડયા, કયારે તેમની આરતી ઉતારી તથા કયારે તેમને આરામ કરવાની પ્રાર્થના કરીને રસોઈ બનાવવાના કામમાં તે પરોવાઈ ગઈ.

અહીં પંડિતરાજ નારી-ચરિત્રોની ઊંડાઈઓમાં ગોથાં ખાઇ રહ્યા હતા, ત્યાં તે નારી-ચરિત્રની વિશેષ જાણકાર અભણ નારી મુખ્ય દરવાજાનાં કમાડ બંધ કરીને નિશ્ચિંત થઈ પોતાના ઘરકામમાં વ્યસ્ત થઈ ગઈ.

( ૪ )

થોડું-ઘણું ઘરકામ પતાવીને તે ધ્યાનસ્થિત પંડિતરાજની પાસે આવી અને પંખો નાખતાં અત્યંત વિનમ્ર શબ્દોમાં આ પ્રમાણે કહેવા લાગી-

'હે મહારાજ! આ બધાં શાસ્ત્ર આપે જ લખ્યાં છે કે........?'

તે પોતાની વાત પૂરી પણ નહોતી કરી શકી ને મહારાજ ઉપદેશ આપવાની અદામાં આવી બોલ્યા—

'હા, હા; મેં જ લખ્યાં છે. એમાં નારી-ચરિત્રનાં બધાં જ પાસાં પર ખૂબ જ ઉંડાણપૂર્વક વિવેચન કરવામાં આવ્યું છે. એમાં કૌશલ્યા અને કૈકેયી, સીતા અને સૂર્પનખા, રાધા અને કુબ્જા, મંદોદરી અને મંથરા વગેરે બધા જ પ્રકારનાં સ્ત્રી-ચરિત્રોને અંતરંગ મનોવિજ્ઞાન અને તર્કની કસોટી પર કસવામાં આવ્યાં છે,

એમાં શું નથી? નારીનું શીલ છે, સંયમ છે; ચંચળતા છે, કુટિલતા છે; પ્રેમનો અભિનય છે. નારી હૃદયના ઉંડાણમાં રહેલા ગુપ્તમાં ગુપ્ત રહસ્યોને એમાં ખુલ્લાં કરી દીધાં છે. અધિક શું કહું—

'स्त्रीचरित्रं, पुरुषस्य भाग्यं । देवो न जानाति, कुतो मनुष्यः'

'—આ ગ્રંથરાજ, આ સૂક્તિની સત્યતા પ્રશ્નચિન્હ લગાવનારો સાબીત થશે.'

પંડિતરાજનું પોતાના પાંડિત્યને પ્રદર્શિત કરનારું પ્રવચન ધારા પ્રવાહરૂપે ચાલી રહ્યું હતું; અને તેમની એક માત્ર શ્રોતા ઘરની માલિકણ સ્ત્રી ખૂબ જ ગદ્‌ગદ્‌-ભાવથી સાંભળ્યે જતી હતી.

જ્યારે પંડિતરાજ જરા શ્વાસ લેવા થોભ્યા તો તેણે મોકો જોઈને એક નાનો સરખો પ્રશ્ન રજૂ કર્યો—

'કેમ, મહારાજ! આપ તો બ્રહ્મજ્ઞાની પણ છો ને?'

'હા, હા; બ્રહ્મજ્ઞાની તો છું જ. અમારાં આ વાળ કાંઇ થોડા જ તડકામાં સૂકાઈને સફેદ થયા છે. આત્મા અને પરમાત્માની મીમાંસામાં જ જીવન વીત્યું છે. બ્રહ્મલીનતા જ અમારું મુખ્ય કામ છે. આત્મા-પરમાત્માની તો અમે રગે-રગ જાણીએ છીએ.'

'એમ, મહારાજ! શું આત્મામાં પણ રગ (નસ) હોય છે?'

તેની મૂર્ખતા ભરી જિજ્ઞાસા પર અટ્ટહાસ્ય કરતાં પંડિતરાજ અત્યંત કોમળ સંબોધનથી સંબોધિત કરતા થકા બોલ્યા—

'બેટી, તું નહિ સમજે. આત્મામાં તો રગ (નસ) નથી હોતી, પણ અહીં રગનો અર્થ રગ ન સમજતાં ઉંડાઈ સમજવો જોઈએ.

આપણે સૌ જાણીએ છીએ કે ગીતામાં આત્માને અજર-અમર કહ્યો છે, ગોમટસારમાં મૈલી-કુચૈલી કહ્યો છે અને સમયસારમાં શુદ્ધ-બુદ્ધ કહ્યો છે.'

'શાસ્ત્રોમાં તો ઘણું-બધું કહ્યું છે; પરંતુ મહારાજ, આત્મા છે કેવો? આપે તો જોયો હશે ને?'

'હા, હા; કેમ નહીં? બધું જ જોયું છે શાસ્ત્રોમાં. શું નથી જોયું બેટી? આ આખીય ઉંમર શાસ્ત્રોને જોતાં જોતાં જ તો વીતી છે....'

(૫)

પંડિતરાજનું આ વ્યાખ્યાન કોણ જાણે ક્યાંય સુધી ચાલુ રહ્યું હોત, જો બહારથી કમાડ ખખડાવવાનો અવાજ વધુ તીવ્ર ન બન્યો હોત.

કમાડનો ખૂબ તેજ ખખડાટ સાંભળીને તે બન્ને એકદમ ચોંકી ઊઠયાં. બહારથી આવી રહેલો અવાજ સાંભળીને ગભરાતી-ગભરાતી ઘર-માલિકણ બોલી—

'મહારાજ! અનર્થ થઈ ગયો.'
નિશ્ચિંત પંડિતરાજ બોલ્યા—

'કેમ શું થયું? કોણ ખખડાવી રહ્યું છે આ કમાડ?'

'મારા ક્રોધી પતિ, બીજું કોણ ખખડાવે મહારાજ? ખૂબ ક્રોધી છે; ભારે અનર્થ થઈ ગયો સમજો. મેં તો એમ ખાલી જ કમાડ વાસી દીધાં હતાં કે જેથી કોઈ કુતરાં-બિલાડાં અંદર પેસી ન જાય. લાગે છે કે તેણે આપણી વાતો સાંભળી લીધી છે; તેને શક થઈ ગયો છે.'

'કઈ વાતનો? આપણે એવી શી વાત કરી છે જે એને સાંભળવા યોગ્ય નહોતી?'

ગભરાટમાં થર થર ધ્રુજતી તે બોલી–

'મહારાજ, આપ ત્રિયાચરિત્રના તો વિશેષજ્ઞ છો, પણ પુરુષોના સ્વભાવથી અજાણ્યા લાગો છો. શું કોઈ પુરુષને માટે કમાડ બંધ કરીને કોઈ પરપુરુષની સાથે તેની પત્નીની હાજરી જ માત્ર તેને ઉશ્કેરવા માટે પૂરતી નથી?

હું અને આપ બન્નેય એકલાં ઘરમાં છીએ અને કમાડ બંધ છે; શું કોઈ ભારતીય પતિ આ વાત સહન કરી શકે છે?

ભારતની ભૂમિમાં જન્મેલા રામ જેવા ભગવાને પણ શું સીતાનો ત્યાગ માત્ર આ કારણે જ નહોતો કર્યો કે તેઓ થોડો સમય રાવણને ત્યાં રહ્યાં હતાં. સીતાજીની અપવિત્રતાનું એમની પાસે શું પ્રમાણ હતું?

વળી મારો આ પતિ રામ તો છે નહિ, એ તો ક્રોધમાં પરશુરામનો પણ બાપ છે. કોણ જાણે હવે શું થશે?

મારું તો જે કાંઈ થવાનું હોય તે થશે, પરંતુ આપનું શું થશે? મને તો આ વાતની ચિન્તા છે.

મને તો મૂઓ મારશે, ઝુડશે, બીજું શું કરશે? ઘરથી કાઢી મૂકવાની તો વાત નથી, કેમકે એ રામ તો છે નહિ. વળી રામને તો બીજી ઘણી રાણીઓ હતી, આની તો હું એકલી જ છું; મને છોડીને જશે ક્યાં? ચિંતા તો આપની છે. એ આપને જીવતો નહીં છોડે.

મને તો એ દિવસની યાદ આવે છે, જ્યારે એક વાર આવું જ બન્યું હતું. આનો સગો ભાઈ – મારો દિયર આમ જ કમાડ બંધ કરીને મારી સાથે વાતો કરતો હતો અને આ આવી ચઢયો. આના અવાજ દેતાની સાથે મેં કમાડ ખોલી દીધાં, પરંતુ આને એટલો ગુસ્સો આવ્યો કે તેને જાનથી મારી નાખ્યો. મેં હાથ–પગ જોડી ઘણા જ કાલા–વાલા કર્યા, પરંતુ આણે કાંઈ સાંભળ્યું નહિ; હું ઘણી કરગરી, એના પ્રાણોની ભીખ માગી; પણ આ દુષ્ટે પોતાના સગા ભાઈ પર પણ દયા ન બતાવી. છેવટે તેની લાશને મારા હાથે જ આ આંગણામાં દાટી દેવી પડી. મને પણ આણે ઓછી નહોતી ઝુડી. મહિનાઓ સુધી પથારીવશ રહી હતી. કેટલીક નસો તો આજે ય દુઃખે છે.'

(૬)

તે જેમ જેમ તે દિવસનો ભયાવહ ચિતાર આપતી ગઈ તેમ તેમ પંડિતરાજના હોશ-હવાસ ઉડવા લાગ્યા. તે પસીનાથી રેબઝેબ થઈ ગયા. એમનાથી કાંઈ બોલાયું જ નહિ; જીભ તાળવે જ ચોંટી ગઈ. ત્યાં તો બહાર પુરુષનો અવાજ અને કમાડોનો ખખડાટ પ્રતિક્ષણ ભારે ને ભારે તેજ થયે જતો હતો.

પંડિતરાજને ભયભીત થયેલા જોઈ તે બોલી—

'જલદી કરો મહારાજ ! આપ આ પેટીમાં બેસી સંતાઈ જાઓ. આ સિવાય બચવાનો કોઈ બીજો ઉપાય નથી.'

'શું કીધું, પેટીમાં......?'

'હા, હા ! પેટીમાં. એક અડધો કલાક જ પૂરાઈ રહેવું પડશે. ખાઈ-પીને તે ખેતરમાં ચાલ્યો જશે, પછી આપને બહાર કાઢી દઈશ.'

કિંકર્તવ્ય વિમૂઢ પંડિતરાજ કાંઈક વિચારે તે પહેલાં જ તેણે એમનો હાથ પકડીને પેટીમાં પૂરી દીધા અને કહ્યું—

'જોઈ આપે પુરુષોની પશુતા ! પોતે ભલે હજારો સ્ત્રીઓ સાથે ગમે તે પ્રકારના સંબંધ રાખે, પરંતુ સ્ત્રીને કોઈની સાથે વાત કરતી દેખી લીધી તો થઈ ગયા પાગલ. એમ નથી વિચારતા કે સ્ત્રીઓ પણ પુરુષોની જેમ જ હાડમાંસવાળાં પ્રાણી છે.'

—આમ કહેતાં કહેતાં તેણે પેટી બંધ કરી દીધી, પછી તેને તાળું દઈ ને ચાવી પોતાની કેડમાં ખોસી દીધી અને મસ્ત ચાલમાં ચાલતી ચાલતી જઇ ને કમાડ ખોલી દીધાં.

જ્યારે નારાજ થયેલા પતિએ તેને પૂછયું કે કમાડ ખોલવામાં આટલી બધી વાર કેમ થઈ તો હસતાં હસતાં બોલી—

'એક આદમી હતો; જ્યારે તેને છુપાવી દઉં ત્યારે કમાડ ખોલું ને; જલદી કેવી રીતે ખોલું ?'

તેના ઉત્તરને મશ્કરી સમજી ઉત્તેજિત થઈ ને જ્યારે એણે કહ્યું–

'મશ્કરી કરે છે, સાચું કેમ નથી બતાવતી?'

ત્યારે તે ગંભીર થઈ બોલી—

'તમને તો બધી મશ્કરી જ લાગે છે. હું તમારી શા માટે મશ્કરી કરું? સાચું જ કહું છું કે જ્યારે આદમીને છુપાવી દીધો ત્યારે જ કમાડ ખોલ્યાં છે. જો તમને મારી વાત પર ભરોસો ન બેસતો હોય તો જાતે જ જોઈ લો કે તે પેલી પેટીમાં પૂરાયેલો છે.'

—આમ કહીને તેણે કમરમાંથી ચાવીનો ઝુમખો કાઢીને એની સામે ફેંક્યો.

તેના આ વર્તનને જોઈને તેનો પતિ અને પેટીમાં પૂરાયેલા પંડિતરાજ બન્ને ય સ્તબ્ધ થઈ ગયા.

પંડિતરાજને ધોળે દિવસે તારા દેખાવા લાગ્યા. તેમને આમાં કોઈ ઊંડા કાવતરાની ગંધ આવવા લાગી. નારી–ચરિત્રનું આ પાસું તો આજ લગી તેમની કલ્પનામાં પણ આવ્યું નહોતું. તેઓ વિચારી રહ્યા હતા કે સમય અને પરિસ્થિતિઓ પલટાતાં વાર નથી લાગતી. ક્યાં હમણાં જ તેઓ થોડા સમય પૂર્વે કલ્પનાલોકમાં વિચરી રહ્યા હતા અને પળવારમાં જ આ નરકમાં કેદ થઇ ગયા. હમણાં જ થોડા સમય પહેલાં તો તેમને એ ચિન્તા સતાવી રહી હતી કે ન જાણે આ પેટીના કારાવાસમાં ક્યારે છૂટી શકાશે? છૂટીશ કે પછી એમાં જ સડી જઈશ? પરંતુ ચાવીઓના ઝૂડાના પડવાથી અને 'ખોલીને જોઈ લો' – શબ્દો સાંભળીને તરતમાં જ બહારની કળવાની શક્યતા દેખાવા લાગી, પરંતુ પરંતુ આ છુટકારો બંધ નથી પણ ભયાનક લાગી રહ્યો હતો. ક્ષણ પહેલાં તો તે બહાર નીકળવાની પ્રતીક્ષામાં વ્યાકુળ હતા, હવે બહાર નીકળવાથી ગભરાવા લાગ્યા.

સ્ત્રી–ચરિત્રના આ પ્રત્યક્ષ દર્શનથી તેમને ઊંટો પર લાદેલી 'ત્રિયા–ચરિત્તર'ની સ્મૃતિ પણ અલોપ થઈ ગઈ. તેમને આ વાતની કલ્પના પણ નહોતી કરી કે 'ત્રિયા–ચરિત્તર'ના લેખક, સ્ત્રી–ચરિત્રના વિશેષજ્ઞ વિદ્વાનને ત્રિયા-ચરિત્રનાં સાક્ષાત્ દર્શન આ રૂપમાં થશે.

જો કે તેના પતિને તેની વાત પર વિશ્વાસ બેસતો નહોતો, છતાં પણ શંકા-શીલ પુરુષ–મન ડગમગી રહ્યું હતું. કદાચ સાચે જ કોઈ

પુરુષ આ પેટીમાં પુરાયેલો ન હોય – આવો વિચાર પ્રતિક્ષણ તેના મનમાં પ્રબળ થતો જતો હતો. શંકાશીલ મને જ્યારે બુદ્ધિ ઉપર કાબુ મેળવ્યો તો તેને એ નિર્ણય પર પહોંચતાં વાર ન લાગી કે – નહીં હોય તો કાંઈ નહિ, પરંતુ જોઈ લેવામાં શું નુકશાન છે?

પોતાના નિર્ણયને કાર્યાન્વિત કરવા જ્યાં તે ચાવી લેવા માટે નીચે નમ્યો, ત્યાં જ તેની પત્ની પાલવના છેડાને મોંમાં દબાવી ખડખડાટ હસી પડી. તેના આ અટ્ટહાસ્યમાં રહેલ વ્યંગને સમજતાં તેને વાર ન લાગી અને તે ચાવીના ઝૂડાથી એ રીતે દૂર હઠી ગયો જે રીતે બાળક કાળા નાગને જોઈને દૂર હઠી જાય.

પતિને પોતાની મૂર્ખતા પર શરમ–લજ્જાનો અનુભવ થઈ રહ્યો હતો. તેને વધુ લજ્જિત કરવાના ઈરાદાથી તે ઘણી લાંબી વાર સુધી હસતી જ રહી. જ્યારે તેના પર તેણીના હસવાનો પ્રભાવ જામી ગયો ત્યારે દાવ બદલીને ઘૃણા પ્રગટ કરતી થકી તેણી તેને ધિક્કારવા લાગી.

'ભગવાને તમારા હૃદયને કેમ શંકાશીલ પરમાણુઓથી ઘડયું છે? તમારા ઘરમાં રહેતાં વર્ષો થઈ ગયાં, પરંતુ હજી સુધી તમને મારા ઉપર વિશ્વાસ ન બેઠો. ચાર–ચાર બાળકોના બાપ થયા, પરંતુ મન ન બદલાયું, પોતાના જેવા સૌને સમજો છો. પોતે તો દુનિયામાં ભટકે, બે બે વાગે ઘેર આવે, પરંતુ કમાડ ખોલવામાં જો બે મિનિટ મોડું થયું તો આખું ઘર માથે કરે એવો ઉત્પાત મચાવી દે. આટલો બધો શક છે તો મને સાથે ને સાથે જ કેમ નથી રાખતા? ગળે જ લટકાવી દો. પરંતુ સાથે રાખે કેવી રીતે? રાખે તો સત્તર જગાએ આંખો નચાવવાનો મોકો કયાંથી મળે? પત્નીને સતી સીતાના રૂપમાં જોવી છે, પણ પોતે રાવણ બની બની રહેવા માગે છે.

ભગવાન, તું મને ઉઠાવી કેમ નથી લેતો? હવે મારાથી સહ્યું જતું નથી.

હે મા, હે પિતાજી; આપે મને જન્મતાં વેંત જ કેમ ન મારી નાખી? આથી તો એ સારું થાત કે મને કૂવામાં ફેંકી દીધી હોત. આ

અવિશ્વાસનું દુઃખ મારાથી સહન નથી થતું. હું તો........'

—આમ કહેતાં કહેતાં જ્યારે તે ખૂબ મોટેથી રોવા લાગી તો સિંહ બની બેઠેલા પતિ મહાશય પાણી-પાણી થઈ ગયા. (ઢીલા ઢચ પડી ગયા).

(૭)

પંડિતોના પ્રવચનોમાં એ સામર્થ્ય ક્યાં, જે સ્રીઓનાં આંસુઓમાં હોય છે. તેઓ પોતાની વાતને આંસુ-ભીની ભાષામાં વ્યક્ત કરવામાં એટલી ચતુર હોય છે કે મોટા મોટા ધર્માત્માઓ પણ પોતાને પાપી સમજવા લાગે છે.

તે સીધો-સાદો, સરળ-હૃદયી, સદાચારી ખેડૂત પતિ તેનાં આંસુ અને પ્રતાડનથી પોતાને ખરેખર જ મહા પાપી સમજવા લાગ્યો. તેમ છતાં પત્નીનો નાટકીય ક્રોધ જ્યારે શાંત ન થયો તો તે નિરાશ થઇને અતિ ખિન્ન થયો.

(૮)

વળી પાછું દશ્ય બદલાયું. તે ચતુર પત્ની પતિની વ્યથા-ખિન્નતા દૂર કરવા માટે વળી પાછી મહાસતી બની ગઈ. પોતાના અકારણ ક્રોધ ઉપર ખેદ વ્યક્ત કરવા લાગી, પતિ-પરમેશ્વરનું દિલ દુભાવવા બદલ પરમાત્મા પાસે ક્ષમા-યાચના કરવા લાગી.

તેણે પોતાની કળા વડે ક્ષણ વારમાં જ વિકૃત વાતાવરણને એકદમ સહજ-સામાન્ય બનાવી દીધું.

(૯)

રંગભૂમિ પરનાં દશ્યો જે ઝડપથી બદલાઈ રહ્યાં હતાં, પંડિતરાજ તેટલી ઝડપથી પોતાની ચિંતનધારાને ગતિ નહોતા દઈ શકતા. જ્યાં સુધીમાં તેઓ એક દશ્યની મીમાંસા-સમાલોચના કરે ત્યાં સુધીમાં તો દશ્ય જ અદશ્ય થઈ જતું. નાટકના રંગમંચ પર રસ-પરિવર્તન એટલી

ઝડપથી થઈ રહ્યું હતું કે આંખોની કીકીઓ એનો સંગાથ નહોતી કરી શકતી. કદીક હાસ્ય, કદીક શૃંગાર; કદીક વીર, કદીક બીભત્સ; કદીક કરુણ, તો કદીક શાન્ત રસનો પરિપાક થઈ રહ્યો હતો. જો કે આ બધું જ થોડી ક્ષણોમાં જ બની ગયું હતું, તથાપિ કોઇ પણ રસનો આવિર્ભાવ અધુરો નહોતો રહ્યો.

જીવનની આટલી તેજ ગતિનો અનુભવ તો પંડિતરાજને કદીય થયો નહોતો. જે સ્ત્રીને તેઓ મંથર ગતિવાળી ગજગામિની સમજી રહ્યા હતા, તેણે જ્યારે પોતાની ચાલથી જેટ વિમાનને પણ મહાત કરી દીધું તો એમનું માથું ચક્કર-ચક્કર ભમ્યા સિવાય ન રહ્યું.

( ૧૦ )

ખેડૂત જમી-પરવારીને ખેતરે પહોંચી ગયો હતો. હવે તેણીએ પેટી ખોલીને પંડિતરાજને બહાર કાઢયો અને કટાક્ષ કરતી બોલી—

'સ્ત્રીઓનું આ ચરિત્ર પણ તમારી પોથીઓમાં છે?'

પરસેવો લૂછતાં-લૂછતાં પંડિતરાજ બોલ્યા—

'ના, આ તો મેં આજે જ દેખ્યું છે.'

'ના; તો ફાડી નાખો આ પોથીઓને; હોળી કરો આ પોથીઓની. આમાં તમે જે નારીઓના ચરિત્રોનું ચિત્રણ કર્યું છે, તેઓ આ લોકની નથી, કવિઓના કલ્પના લોકની છે; ઋષિઓના ભાવના-ભવનમાં જન્મેલી, પળાયેલી-પોષાયેલી નારીઓ છે; લેખકોના હાથોની કઠપુતળિયો છે. કઠોર બત્રીસ દાંતોની વચ્ચે રહેવાવાળી કોમળ જીભની જિન્દાદિલી, તાજગી, ચપળતા અને ચતુરાઈના જેવી આ ક્રૂર પુરુષોના વચ્ચે જીવન-નિર્વાહ કરવાવાળી અમારા જેવી જીવંત વીરબાળાઓમાં જોવા મળે છે; તેવી તમારી પોથીઓમાં કેદ થયેલી કલ્પના લોકની કાલ્પનિક કન્યાઓમાં ક્યાં ( જોવા મળે )?'

હવે તે અભણ વીરબાળા ભાષણ કરી રહી હતી અને બ્રહ્મજ્ઞાની પંડિતરાજ પહેલા ધોરણના બાળકની જેમ ભયભીત વિનીત મુદ્રામાં તેની સામે બેઠા કથા સાંભળી રહ્યા હતા.

જ્યારે એનું સંભાષણ પૂરું થયું તો સંકોચ પામતાં પંડિતરાજ બોલ્યા—

'તો શું આ બધું સત્ય ન હતું, તથ્ય ન હતું; માત્ર નાટક હતું, ભ્રમજાળ હતી ?'

'આ નાટક પણ હતું ને સત્ય પણ હતું, સત્ય હોઈને પણ નાટક હતું અને નાટક હોઈને પણ સત્ય હતું.'

'માતા ! આપ શું કહેવા માગો છો તે હું કાંઈ સમજ્યો નહિ.'

'હવે હું 'તું'થી 'આપ' થઈ ગઈ અને 'બેટી'થી 'મા.''

'હા, લાગે છે તો કાંઈક એમ જ, જ્યારે હું આવ્યો હતો ત્યારે તું બેટી જેવી જ લાગી હતી. વચમાં જે કાંઈ બન્યું તેમાં રમણી જેવી લાગી અને હવે સાક્ષાત્ જગદંબા લાગી રહી છો. જો હું સ્વપ્ન ન જોઈ રહ્યો હોઉં તો આ બધું સત્ય જ ભાસી રહ્યું છે.

એમ તો પ્રત્યેક સ્ત્રી આ પરિસ્થિતિઓમાંથી ગુજરતી જ હોય છે, પણ એમાં ઓછામાં ઓછાં ૬૦–૭૦ વર્ષ લાગી જતાં હોય છે, પરંતુ અહીં તો ત્રણ–ચાર ઘડીમાં જ આ બધું ય બની ગયું. બસ આશ્ચર્ય આ વાતનું જ છે.

'હા, જગદંબે ! સત્ય પણ, નાટક પણ – આ કાંઈ સમજમાં ન આવ્યું.'

'નાટક તો એટલા માટે કે હું તો નાટક જ ભજવી રહી હતી, પણ સત્ય એટલા માટે કે મારા પતિને પણ આ નાટકની ખબર નહોતી. તેમને કશું કહેવાનો અવસર જ મળ્યો નહોતો, આપના પાંડિત્યની પરીક્ષા માટે જ આ નાટક રચ્યું હતું.'

'તો શું આપ નાટકકાર પણ છો, શું આપે કોઈ નાટક પણ લખ્યું છે ?'

'ના રે'

'પણ હમણાં જ આપે કહ્યું ને કે નાટક રચ્યું'તું.'

'હા, નાટક તો રચ્યું'તું, બીજું શું કર્યું હતું? નાટક રચવા માટે નાટક લખવાની શી જરૂર છે? જે નાટક રચી જાણતા નથી; તેઓ જ લખવાની ભાંજગડમાં પડે છે. નાટક વળી લખીને થોડાં જ રચાય છે? જો પતિને બધું બતાવી દીધું હોત તો તેઓ નાટક ખેલી જ ન શકત, માત્ર અભિનય કરત. અભિનયમાં વાસ્તવિકતા થોડી જ આવે છે. અભિનય તો અભિનય જ છે, એમાં સત્ય ક્યાં (જોવા મળે)?

આપને પણ જો ખબર હોત કે આપ પણ આ નાટકના અભિનેતા છો; દર્શક છો; તો ન તો આપ સારો અભિનય કરી શક્યા હોત અને ન તો જે રૂપમાં આ નાટક આપે હમણાં દેખ્યું તે રૂપમાં દેખી શક્યા હોત. બસ આને આપ એક હાસ્યનાટિકા જ સમજત. આમાં જેવો નવ રસોનો આવિર્ભાવ હમણાં થયો, તેવો ત્યારે પ્રગટ ન થાત. નાટક તો ત્યાં સુધી જ નાટક છે; જ્યાં સુધી જગત તેને સત્ય સમજે; નાટક ને નાટક માની લીધા પછી નાટકની બધી જ મજા મારી જાય છે.

હું અભિનેત્રી છું, પરંતુ બીજાનાં લખેલાં નાટકોને ભજવવાવાળી નહિ. હું અભિનેત્રી છું; પરંતુ વેચાઉ-બજારું નહિ, બીજાઓને માટે ભજવવાવાળી નહિ. હું તો જે પણ નાટક ભજવું છું તે પોતાના અંતરંગ સુખ માટે જ ભજવું છું.'

'હે ભગવતી! આજે મને ઘણું-બધું સમજમાં આવી રહ્યું છે.'

'ઠીક, તો બતાવો કે તમારી સમજમાં શું શું આવ્યું છે?'

'એ જ કે આજ સુધી હું જે કોઈ સમજતો હતો તેમાં કાંઈ જ માલ નથી.'

'તમે યોગ્ય જ સમજ્યા છો. બસ, હું આજ આપને આ જ પાઠ ભણાવવા માગતી હતી. પંડિત તો નહિ, પણ છાત્ર તો સમજદાર નિકળ્યા જ.'

'હવે તો આપની પાસે દીક્ષા ગ્રહણ કરવા ઇચ્છું છું.'

'દીક્ષા ગ્રહણ કરવા ઇચ્છો છો દીક્ષાંત પ્રવચન પણ ધ્યાનથી સાંભળો.'

સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિમાં પોથીઓનું (શાસ્ત્રોનું) પણ પોતાનું સ્થાન છે, તેમની પણ ઉપયોગિતા છે; તે જ સર્વસ્વ નથી. આપણે શાસ્ત્રોનું

અધ્યયન કરવું જ નહીં—એમ હું કહેવા નથી માગતી; પરંતુ આ વાત તો હું ચોક્કસ કહેવા માગું છું કે સંપૂર્ણપણે એમના (શાસ્ત્રોના) પર જ આધાર રાખવો તે સમુચિત નથી. આપણે આપણું જ્ઞાન વસ્તુનિષ્ઠ (-આત્મનિષ્ઠ) બનાવવું જોઈએ. કોઈ પણ વસ્તુની બાબતમાં અંતિમ નિર્ણય પર પહોંચતા પહેલાં શાસ્ત્રોમાં એના વિશે શું લખ્યું છે એ જાણવાની સાથેસાથે તે વસ્તુનું અવલોકન આવશ્યક જ નહિ, અનિવાર્ય છે; અન્યથા આપણને તત્સંબંધી સત્યનો સાક્ષાત્કાર નહિ થાય.

આત્માના સંબંધમાં તો આ વાત અત્યંત જ મહત્ત્વની બની રહે છે. તેને જાણવા ( અનુભવવા ) માટે તો આપણે નીચે બતાવેલાં ચાર સોપાનોમાંથી (તબક્કાઓમાંથી) ગુજરવું પડશે.

આત્મસ્વરૂપનાં પ્રતિપાદક શાસ્ત્રોનું અધ્યયન, આત્મજ્ઞાની ગુરુઓ દ્વારા એના રહસ્યનું શ્રવણ, વિવિધ યુક્તિઓ દ્વારા સમુચિત પરીક્ષણ અને આત્માવલોકન અર્થાત્ સ્વાનુભવન.—આ ચારમાંથી સ્વાનુભવનનું સર્વોપરિ મહત્ત્વ છે, તેના વિના બાકીનાં બધાં નિરર્થક જ માનવાં.

આથી તો હું કહું છું કે લખતાં પહેલાં જોવું, સમજવું, અનુભવવું અત્યંત આવશ્યક છે.'

'સરસ, બહુ સરસ.'

'સરસ, તો ઊઠો, નાહી પરવારીને ભોજન કરો અને આપનો રસ્તો પકડો.'

'ના, ના; હજુ તો મારે આપની પાસેથી ઘણું બધું શીખવું છે.'

'ના, હવે એ કાંઈ બને નહિ. સમજદારને સંકેત જ પૂરતો છે. મારે કાંઈ નિશાળ નથી ચલાવવાની, મારે તો ઘર ચલાવવું છે.'

## ( ૧૧ )

પંડિતરાજ જ્યારે પોતાના કાફલામાં પહોંચ્યા તો તેમના સાથીદારો પૂછવા લાગ્યા—

'શું મળ્યું મહારાજ ?'

તેમણે બહુ ટૂંકો સરખો જવાબ દીધો—

'ઘણું બધું; ઘણું બધું શું, બધું જ.'

* * *

## ૧૦

# અસંતોષનું મૂળ

પ્રિય સખી શાન્તા,

તારો પત્ર મળ્યો. તું લખે છે કે તેમને મનાવી કેમ ન લીધા? પરંતુ તું નથી સમજતી, હું પણ સમજતી નહોતી કે દેવ મનાવવાથી નથી માનતા. જે મનાવવાથી માની જાય તે દેવ નહિ.

આ નબળાઈઓ તો સામાન્ય માનવીઓમાં હોય છે કે થોડુંક સ્મિત અથવા બે આંસુ તેમને કર્તવ્યથી ભ્રષ્ટ કરી શકે છે, પરંતુ જેઓ આ નબળાઈઓથી પર છે, તેઓ જ દેવતા છે. તેમને મનુષ્યોની જેમ તરત જ ઉભરો નથી આવતો. તેમનું પ્રત્યેક પગલું ખૂબ જ સમજી-વિચારીને ઉપાડેલું હોય છે. વળી જે પગલું ઉપડ્યું તે ક્યારે પાછું નથી હઠતું, વિચાર તેમને માટે રમકડું નથી, જીવન છે; એમનાં પગલાં ફરવા માટે નહિ, આગળ વધવા માટે ઉપડે છે.

જો કે તેમનાં પગલાં મોડેથી ઘણી વાર ઉપડે છે, પરંતુ સમજી-વિચારીને ઉપડે છે અન ધ્યેય પ્રતિ દ્રઢતાથી આગળ વધે છે.

તે દિવસે કૂવાના થાળે જે કાંઈ બન્યું તે મને સ્પષ્ટ યાદ છે. કદાચ તું કલ્પના કરીશ કે તે જ બધું બન્યું હશે, જે શ્રીકૃષ્ણ દ્વારા માટલી ફોડી નાખવાથી પાણીઘાટ પર બનતું હતું; પરંતુ ના હોં; એ તો દેવતાની કિશોરાવસ્થાનું સ્વચ્છંદી સ્વરૂપ હતું; અહીં તો તેઓ ધીર-ગંભીર મર્યાદા-પુરુષોત્તમના સ્વરૂપમાં ઉપસ્થિત હતા.

વાત આમ બની. અષ્ટમી-આઠમની રાત હતી. ચંદ્ર ઉગવાની

તૈયારીમાં હતો. બધે જ ઘોર સ્તબ્ધતા હતી. ક્યારેક પોલીસની સીટીનો અવાજ અવશ્ય સાંભળવા મળતો હતો કે પછી એકાદ વાર કૂતરો પણ પોતાની જાગૃત અવસ્થાનો પરિચય દઈ જતો. વચ્ચે વૃદ્ધ પાડોશીની ખાંસી રાત્રિની નીરવતાનો ભંગ કરતી હતી, પરંતુ પાડોશીનાં નસકારાંનો અવાજ તો જાણે સ્તબ્ધતામાં ભળી ગયો હોય એમ લાગતું હતું.

સંપૂર્ણ ધરાતલ નિસ્તબ્ધ શાંત હતું, પરંતુ મારા હૃદયમાં તોફાન જાગી ઊઠયું હતું. હું વિચારતી હતી કે બહુ થઈ ગયું, હવે આજે મારે આખરી નિર્ણય કરવો જ પડશે. આ રીતે તો આટલી લાંબી જિંદગી વીતાવી ન શકાય. જ્યારે મને કોઈ ચાહતું જ નથી તો પછી......... કોઈ મારી સાથે સીધી રીતે વાત પણ તો કરતું નથી, સહન કરવાની પણ કાંઈ હદ હોય છે.

પણ કરીનેય શું કરું ? કોઈ માર્ગ પણ તો સૂઝતો નથી. આ નર્કાગાર જેવી જિંદગીથી બચવાનો ઉપાય એક માત્ર મોત જ છે, પણ જો જીવવું કઠણ છે તો મોત પણ સહેલું તો નથી.

આજે મારે બેમાંથી એકને પસંદ કરવાનું જ છે – આ સડેલી જિંદગી કે પછી મોત....

બસ પછી તો શું કહેવું ? મારી આંખોની સામે જિંદગી અને મોત નાચવા લાગ્યાં. મારા મગજમાં બસ આ જ વિચાર તેજીથી ઘૂમવા લાગ્યા– જિંદગી કે મોત........મોત કે જિંદગી.

છેવટે હું ચૂપચાપ ઊભી થઈને ચાલવા લાગી. હું પોલીસની નજર ચૂકવીને આગળ વધી રહી હતી કે ત્યાં જ કૂતરાની અર્ધનિદ્રાવસ્થાથી બચી ન શકી. ભોં....ભોંનો અવાજ કરીને જગતને જગાડવાના કર્તવ્યને તેણે ખૂબ સારી રીતે નિભાવ્યું; પણ એની ચેતવણીને ધ્યાનમાં લેવાની કોને પડી હતી ? એક તો કોઈએ સાંભળ્યું જ નહિ; અને જો કોઈના કાન પર તેનો અવાજ અથડાયો તો તેણે એમ કહીને પાસું ફેરવી લીધું કે આ કૂતરાંએ તો તંગ કરી દીધો છે, ઊંઘવું પણ મુશ્કેલ બની ગયું છે.

હું ઝડપથી આગળ જઈ રહી હતી, અને હવે કૂવાના થાળા પર હતી; ઉપર આકાશ તરફ જોતી હાથ જોડીને કહી રહી હતી—

'હે ભગવાન! હું આ........આજે........તમારી........સાક્ષી........'

હું પોતાની વાત પૂરી કરી પણ નહોતી શકી ને પાછળથી અવાજ આવ્યો—

'ભગવાનના નામે મરવાવાળી! જરા થોભી જા. ભગવાન શું કહે છે તે તમે કદીય વિચાર્યું છે?

મેં પાછળ ફરીને જોયું તો અચંબામાં પડી ગઈ. તે પડછાયો કહી રહ્યો હતો—

'ગભરાઓ નહિ, હું તને કૂવામાં પડવાથી બચાવવા નથી આવ્યો પરંતુ ભવકૂપમાં પડતાં બચાવવા આવ્યો છું. મારા માટે તો તું કૂવામાં પડી ચૂકી છે, પરંતુ હું મારા આ અમૂલ્ય માનવજીવનને એમ વ્યર્થ જ વેડફી દેવાય તે નથી ઇચ્છતો.

આ રીતે મરીને તને શાન્તિ પ્રાપ્ત નહીં થાય, બલ્કે નરકાદિનાં અનંતાં દુઃખ ભોગવવાં પડશે. સુખશાંતિ પ્રાપ્ત કરવાનો આ વાસ્તવિક સાચો ઉપાય નથી, આ તો પલાયનવૃત્તિ છે. મહાસતી સીતાને આદર્શ માનવાવાળી ભારતીય નારીઓએ એ યાદ રાખવું જોઈએ કે પોતાના જ લોકોના દુર્વ્યવહારથી વિરક્ત સીતાએ આત્મહત્યાનો માર્ગ પસંદ ન કરતાં આત્મસાધનાનો માર્ગ અપનાવ્યો હતો.'

આ સાંભળતાં વેંત જ મારી ચિંતનધારા બદલાઈ ગઈ. ગદ્‌ગદ થઇને જ્યાં હું તેમના ચરણો ભણી વધી કે તરત જ એકદમ તેઓ પાછા હઠી ગયા. ઘણે દૂર ખસી જઈ તેઓ કહેવા લાગ્યા—

'તું મારા માટે મરી પરવારી છું અને હું તારા માટે. હું પણ આ ઝંઝટથી વિરકત જ હતો, પણ બધું સહજપણે ચાલતું હતું તો ચાલી રહ્યું હતું, આજે તેં મારાથી મુક્ત થવાની પહેલ કરીને મને સહજ જ મુક્ત કરી દીધો છે. આટલા દિવસોના સંબંધના રાગવશ તને પણ તે જ માર્ગ બતાવવા આવ્યો છું કે જે મેં પસંદ કર્યો છે. એમ તો હવે તું સ્વતંત્ર છે; જે ગમે તે માર્ગ પસંદ કરી શકે છે.'

અરે બહેન! તને શું લખું! કેટલું લખું! મેં તેમને કેટલા મનાવ્યા તે હું જ જાણું છું, પરંતુ તેમના પર કોઈ અસર થઈ જ નહિ, તેઓ તો જાણે

પથ્થર જ બની ગયા હતા. મેં વારંવાર કહ્યું—

'એક વાર માફ કરી દો, હવે આવી ભૂલ ક્યારેય થશે નહિ. હવે ઘેર ચાલો, આનંદથી રહીશું, પ્રેમથી રહીશું.'

પરંતુ તેઓ શાંત ભાવથી કહી રહ્યા હતા—

'આનંદ! કેવો આનંદ!! તેને તું હજીય આનંદ કહે છે, જેનાથી ત્રાસી-કંટાળીને તું કૂવામાં પડવા આવી હતી, જેનાથી છૂટવા માટે તું માછલીની જેમ તરફડતી હતી.

જરા વિચાર તો કર, જે દરવાજેથી આપણે નીકળી આવ્યાં છીએ; હવે એમાં ફરી પ્રવેશ કેવી રીતે કરીએ? હવે તે જીવન અસંભવ છે, અસંભવ છે.'

હવે મારી દશા જોવાલાયક હતી. ડરતાં ડરતાં અસ્પષ્ટ શબ્દોમાં મેં કહ્યું—

'નાથ! એક વાર આપે જ તો કહ્યું હતું કે તારા શરીર પર મારો અધિકાર છે અને મારા શરીર પર તારો.'

'કહ્યું હશે, મેં તો ઘણી વાર ઘણું-બધું કહ્યું, પણ તેં એના પર ક્યારે ધ્યાન આપ્યું? આ સમજૂતીનો ભંગ કરવામાં પણ તેં જ પહેલ કરી. જ્યારે તું તારા શરીર પર મારો અધિકાર માનતી હતી તો તેને આ રીતે નષ્ટ કરવાનો શું અધિકાર હતો? બતાવ....બતાવ. ચૂપ કેમ છે?...છે કોઈ જવાબ તારી પાસે?'

હતાશ થઈને છેવટે મારા મોઢેથી નીકળી પડ્યું-

'શું આ ગૃહસ્થ જીવન હવે આપ બિલકુલ પસંદ નહિ કરો?'

'ના, બિલકુલ નહિ; આવા અણસમજુ સાથીને સાથે તો બિલકુલ નહિ; જે દેવી તો નથી, પણ સાચા અર્થમાં માનવી પણ ન હોય, એકદમ પશુતા પર ઉતરી જાય; જેને બીજાની તો નહિ, પણ પોતાના જીવનનીય પરવા ન હોય, નરક-નિગોદનો પણ ભય ન હોય.'

'અરે મારા નાથ! અંધકારમાંથી કાઢી તો શું હવે પ્રકાશ

નહીં બતાઓ?'

આગળ હું કાંઈ જ ન કહી શકી, અને સાંભળ્યું પણ માત્ર આટલું જ–

'હવે હું ચાલ્યો.'

જ્યારે હું ભાનમાં આવી તો વિચારવા લાગી કે જે દેવતા મારા આટલા સમીપ રહ્યા, તેમની પાસેથી હું કાંઈ જ ન મેળવી શકી; દુનિયા જેને સર્વયોગ્ય, સન્માર્ગદર્શક માનતી હતી, તેને હું મારા લાયક પણ સમજી ન શકી. દુનિયા જેના ચરણોની છાયામાં રહેવા ઇચ્છે છે, હું તેને મેળવીને પણ છોડવા માટે તૈયાર થઈ ગઈ; થઈ ગઈ શું? મેં તેને છોડી તો દીધા.

અરે બહેન! એ વાતો આજે મને વારંવાર યાદ આવે છે, જ્યારે તેઓ કહ્યા કરતા હતા કે માણસ ગમે તેટલો મોટો થઈ જાય, દેવતા પણ કેમ ન થઈ જાય, દુનિયા આખી એનાં ચરણ ચૂમતી હોય; પરંતુ પત્નીને તેનામાં કાંઈક ને કાંઈક ખામી નજર આવે છે. સાચા દિલથી તે તેને પોતાને યોગ્ય સ્વીકાર નથી કરી શકતી. તે પોતાની કલ્પનામાં પતિની એક એવી કાલ્પનિક મૂર્તિ ઘડી લે છે કે એની પરીક્ષામાં આજ સુધી કોઈ પણ પતિ કસોટીમાંથી પાર ઉતરી શકતો નથી.

તેની આ અસંભવ કલ્પના જ અસંતોષનું મૂળ છે.

અરે બહેન! હું આજ સુધી સમજતી હતી કે સદ્દબુદ્ધિ જ્યારે આવે ત્યારે ભલી; પરંતુ એ સદ્દબુદ્ધિ પણ શું કામની જે યોગ્ય સમયે ન આવે; કેમકે રાંડયા પછીનું ડહાપણ શું કામનું?

અરે! જ્યારે તેઓ હતા, ત્યારે સદ્દબુદ્ધિ નહોતી, અને હવે જ્યારે સદ્દબુદ્ધિ સૂઝી તો.....

અસ્તુ, જે થયું તે થયું, હવે પછતાવાથી શો લાભ છે?

સમય કાઢીને પત્ર અવશ્ય લખતી રહેજે.

તારી,

કરુણા.

(૨)

પ્રિય સખી શાન્તા,

તારો પત્ર મળ્યો. તારી વિનંતિથી મેં જે મારી વીતક કથા તને લખી મોકલી હતી, તેને તું દુઃખી બહેનોના હિતાર્થે પ્રકાશિત કરાવવા ઇચ્છે છે; જો કે મારી ઇચ્છા તો ન હતી કે હું મારી આપવીતી બીજાને કહું. પરંતુ જ્યારે તને કહી જ દીધી છે તો હવે તેને વાંચીને જો કોઈ સમજદાર બહેનો યોગ્ય સમયે ચેતી જાય તો હું પોતાને ધન્ય માનીશ.

હું સંમતિ આપું છું કે તું એને કોઈ પણ લોકપ્રિય પત્રિકામાં પ્રકાશિત કરાવી શકે છે.

તારી એ જ,

કરુણા.

* * *